ગુરુવાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૪,
કિંમત ₹ ૧૦.૦૦
MUMBAI SAMACHAR www.bombaysamachar.com
5 September 2024, Thursday REGD.No. MCS/058/2024-26
R.N.I. No. 1563/1957 ★

# દૈનિક મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 212 ■ વિક્રમ સંવત ૨૦૮૦ ■ ભાદ્રપદ સુદ-૨ ■ મુંબઈ


૨૦૩ વર્ષ


આદરણીય કેન્દ્રીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહને**

**અત્યંત આદરપૂર્વક વંદન...**

મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની યાત્રાની સાક્ષીરૂપ ડૉક્યુમૅન્ટરી
'મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ'ના
વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેવાની સહમતી
દર્શાવવા બદલ **આપનો ખૂબ ખૂબ આભાર.**




ભારતનું સૌથી પુરાણું વર્તમાનપત્ર
મુંબઈ સમાચાર
પ્રથમ અંકનું પહેલું પાનું
શ્રી
મુમબઈનાં શમાચાર

એશિયાના સૌથી જૂના અખબારે ૨૦૦ વર્ષ પૂરાં કરવાનો ઈતિહાસ ઘડ્યો છે. આ પ્રસંગે દેશના આદરણીય ગૃહ પ્રધાન

**શ્રી અમિતભાઈ શાહના હસ્તે**

## 'મુંબઈ સમાચાર ૨૦૦ નોટઆઉટ'

**ડૉક્યુમૅન્ટરીનું વિમોચન**

રવિવાર, તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સાંજે ૫.૩૦ વાગ્યે
હોટલ સહારા સ્ટાર, સફાયર બોલરૂમ,
સાંતાક્રુઝ એરપોર્ટ, વિલેપાર્લે, મુંબઈ.

આટલું જ નહીં, આ ક્ષણોને યાદગાર બનાવવા માટે હાસ્યનો પ્રલય સર્જવા આવી રહ્યા છે
જાણીતા હાસ્ય સુપર સ્ટાર **સાઈરામ દવે** હાસ્યનો હાહાકાર લઈને.
સાથે હશે મસ્તીખોર **મિલન ત્રિવેદી.**

## 'ખડખડાટ હાસ્ય દરબાર'

હાસ્ય, લોકગીત અને સંગીત સાથેનો 'મોજનો મેળો'

**આમંત્રણ પત્રિકા ક્યાંથી અને ક્યારે મળશે?**

શુક્રવાર, તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૨૪

**મુંબઈ સમાચાર કાર્યાલય,**
રેડ હાઉસ, એસ. એ. બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ-૧.
સમય: બપોરે ૧૨થી સાંજે ૬.

**ટેન્ડર એડવર્ટાઈઝર,**
ડી-૬, ગોરાગાંધી શોપિંગ સેન્ટર, સ્ટેશન સામે, બોરીવલી (વેસ્ટ).
સમય: સવારે ૧૧થી સાંજે ૫.

**એમપીજે એડવર્ટાઈઝીંગ,**
જી-૨, પ્રાગજી સુંદરજી એપાર્ટમેન્ટ, (ન્યુ મોચી બીલ્ડીંગ), નેતાજી સુભાષ રોડ, મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (વેસ્ટ). સમય: સવારે ૧૧થી સાંજે ૫.

**ફૂડસ્પોટ,**
તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ).
સમય: બપોરે ૧૨થી સાંજે ૫.

★ **મર્યાદિત પ્રવેશ:** વહેલો તે પહેલોના ધોરણે ★ સુરક્ષાનાં કારણોસર સાંજે ૬ વાગ્યા બાદ પ્રવેશ નહીં.
(આમંત્રણપત્રિકા વિના પ્રવેશ વર્જિત) ★ **વધુ માહિતી માટે સંપર્ક:** ૯૩૨૬૧૫૨૯૪૨ (બપોરે ૧૨થી સાંજે ૬)

# ભારે વરસાદથી અસરગ્રસ્ત ૧૪ જિલ્લાના નાગરિકોને ₹ ૮.૦૪ કરોડની સહાય ચૂકવાઈ

## બાવીસ મૃતકોના પરિવારોને કુલ ₹ ૮૮ લાખની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત્ થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણીની કામગીરીના ભાગરૂપે અસરગ્રસ્ત જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂ. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે. માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોના પરિવારોને કુલ રૂ. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પત્રકારે સાથેની વાતચીતમાં રાહત કમિશનર આલોકકુમાર પાંડે દ્વારા જણાવ્યું હતું કે, રાજ્યના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, રાજ્યના કુલ ૬,૯૩૧ ગામો અને ૧૭ શહેરોમાં ભારે વરસાદથી વીજ પુરવઠો ખોરવાયો હતો. જે પૈકી ૬,૯૨૭ ગામોમાં અને તમામ ૧૭ શહેરોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી રહ્યો છે. પરિવારોની સરવે કામગીરી ૧૧૬૦ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જિલ્લાઓના આવા ૫૦,૧૧૧ પરિવારોને કુલ રૂ. ૨૦.૦૭ કરોડથી વધુ રકમ ઘરવખરી અને કપડા સહાય પેટે ચૂકવવામાં આવી છે.

રાહત કમિશનરે વધુમાં ઉમેર્યું હતું કે, આ સમયગાળા દરમિયાન માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોનાં પરિવારોને રાજ્ય સરકાર તરફથી કુલ રૂ. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સાથે જ પશુ મૃત્યુનાં કિસ્સામાં મૃત્યુ પામેલા ૨,૬૧૮ પશુઓના માલિકોને કુલ રૂ. ૧.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાચા મકાનો, પાકા મકાનો, આંશિક અને સંપૂર્ણ નુકસાન પામેલા મકાન અને ઝૂંપડાનો પણ સરવે હાથ ધરીને અત્યાર સુધીમાં ૪,૬૭૩ મકાન-ઝુંપડા માલિકોને કુલ રૂ. ૩.૬૭ કરોડથી વધુની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની ૧૭, એસડીઆરએફની ૨૭ તેમજ આર્મીની ૦૯ કોલમ ઉપરાંત એરફોર્સ અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા કુલ ૩૭,૦૫૦ લોકોને રેસ્ક્યૂ તેમજ ૪૨,૦૮૩ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાથે જ, ૫૩ વ્યક્તિઓને એરલીફ્ટ પણ કરવામાં આવ્યા હતા. ■

# ગુજરાતમાં આસમાની આફતમાં ૪૯ લોકોનાં મોત, ૩૭ હજાર લોકોનું રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં ભારે વરસાદના કારણે ૪૯ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે એનડીઆરએફ અને આર્મી સહિતની એજન્સીઓ દ્વારા ૩૭,૦૦૦થી વધુ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. બીજી તરફ અત્યાર સુધી રાજ્યમાં ૧૦૮ ટકા વરસાદ ખાબકી ચૂક્યો છે. આમ, તમામ ઝોનમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. રાજ્યમાં પૂરના કારણે રસ્તાઓને ભારે નુકસાન થયું, ડામરના પાકા માર્ગો પણ ધસમસતા પાણીના પ્રવાહમાં ધોવાઈ ગયા છે.

રાહત કમિશનર આલોક પાંડેએ ભારે વરસાદના લીધે થયેલા નુકસાનના અહેવાલ અંગે જણાવ્યું હતું કે, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ડિપ્રેશન સર્જાતા ભારે વરસાદ ખાબક્યો હતો. આ દરમિયાન (૨૫ થી ૩૦ ઓગસ્ટ) ૩૦ ટકા જેટલો વરસાદથી ૧૪ જિલ્લા પ્રભાવિત થયા છે. પૂરગ્રસ્ત વિસ્તારોના ૧૬,૯૫,૫૬૧ લોકોને ૮ કરોડથી વધુ કેશડોલ ચૂકવવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્તોનો સરવે કરીને હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત વરસાદથી અસર પામેલા જરૂરિયાતમંદ વ્યક્તિઓ-પરિવારો કે જેમની રોજી-રોટીને અસર થઈ છે તથા ઘરવખરી સામાન તણાઈ જવાથી કે નાશ થવાથી નુકસાન થયું છે તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવણી કરવામાં આવી છે. આલોકકુમાર પાંડેએ વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લામાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અહીં ૩ સપ્ટેમ્બર સુધીમાં પૂરગ્રસ્ત વિસ્તારોના ૧૬,૯૫,૫૬૧ લોકોને ૮ કરોડથી વધુ કેશડોલ્સ ચૂકવવામાં આવી છે, જેમાં ૫ હજાર લોકોને તાત્કાલિક કેશડોલ્સ ચૂકવાઈ હતી.

રાજ્ય રાહત કમિશનરે વધુમાં કહ્યું હતું કે, ભારે વરસાદને પગલે, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની ૧૭ ટીમો, સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) ની ૨૭ ટીમો, આર્મીની ૯ ટીમો અને એરફોર્સ અને કોસ્ટ ગાર્ડની વધારાની ટીમો તહેનાત કરવામાં આવી હતી.

આ ટીમોએ સફળતાપૂર્વક ૩૭,૦૫૦ લોકોનું રેસ્ક્યૂ કર્યું હતું અને ૪૨,૦૮૩ અન્ય લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા વધુમાં, ૫૩ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૧૧ પરિવારને ૫૦ હજારની ઘરવખરી અપાઈ હતી. ૨૨ મૃતકોનાં પરિવારજનોને ૮૮ લાખની સહાય ચૂકવી દેવામાં આવી છે. જો કે ફક્ત બે-ત્રણ લોકોને સહાય ચૂકવવાની બાકી છે. રાજ્યમાં ભારે વરસાદના કારણે અનેક કાચા-પાકા મકાનો અને ઝૂંપડાં તૂટી ગયા છે. તેમજ ૨૬૧૮ પશુઓનાં મોત થયા છે. જેના માટે ૩૬૭ કરોડની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે. ■

# વડા પ્રધાનના જન્મદિને ગુજરાતમાં લાખો સરકારી કર્મચારીઓની પેનડાઉન હડતાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સરકારી કર્મચારીઓ તેમના ૧૦ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ૧૭મી સપ્ટેમ્બરે પેનડાઉન હડતાલ કરશે અને છઠ્ઠી ઓક્ટોબરથી ૨૭મી ઓક્ટોબર દરમ્યાન ઝોન પ્રમાણે ધરણાંનો કાર્યક્રમ યોજશે. કર્મચારીઓએ તેમના પડતર પ્રશ્નોમાં જૂની પેન્શન યોજનાનો મુદ્દો ફરી ઊભો કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન મોદીનો ૧૭ સપ્ટેમ્બરના રોજ જ જન્મદિવસ પણ છે અને બની શકે તેઓ ગુજરાતની મુલાકાતે પણ આવી શકે છે. આ દિવસે તેઓ ગુજરાતમાં આવવાના પણ છે અને મેટ્રો ટ્રેનનું ઉદઘાટન કરી શકે છે.

રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા આંદોલનના કાર્યક્રમો નક્કી થયા છે. ૧૭મી સપ્ટેમ્બરે સમગ્ર રાજ્યમાં કર્મચારીઓ પેનડાઉન, શટ ડાઉન દ્વારા કામગીરીનો બહિષ્કાર કરશે, જ્યારે ઓક્ટોબરમાં ચાર ઝોનમાંથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી પર આવીને કર્મચારીઓ ધરણાં કરશે.

છઠ્ઠી ઓક્ટોબરે મધ્ય ગુજરાત, ૧૩મીએ દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ ૨૦ અને ૨૭મીએ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી કર્મચારીઓ ગાંધીનગર આવશે. રાજ્યના મુખ્યમંત્રી અને મુખ્યસચિવને પત્ર લખીને કર્મચારી મહામંડળે તેમના કાર્યક્રમો જાહેર કર્યા છે.

જૂની પેન્શન યોજના સહિત મુખ્ય પ્રશ્નોમાં ફિક્સ પગાર અંગે સરકારે સુપ્રીમમાં કરેલી પિટિશન પાછી ખેંચવી, સાતમા પગારપંચના બાકી લાભ આપવા, ગ્રેડ પે ની વિસંગતતા દૂર કરવી, ઉચ્ચતર પગારની વિસંગતતા દૂર કરવી, ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં વારસદારને રહેમરાહે નોકરી, ૫૦ વર્ષ પછીના કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ, આઉટ સોર્સિંગ બંધ કરવું તેમજ રાહતદરના પ્લોટનો સમાવેશ થાય છે. ■

# રાજ્યનાં ૧૧૫ જળાશયો છલકાયાંઃ સરદાર સરોવર ડેમમાં ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મેઘરાજાએ ફરી એક વખત તોફાની બેટિંગ કરતા જળાશયોમાં પાણીની આવક વધી છે, સાર્વત્રિક મેઘમહેરના પરિણામે રાજ્યના ૫૫ ટકાથી વધુ એટલે કે ૨૦૬ જળાશયમાંથી ૧૧૫ જળાશય સંપૂર્ણ-૧૦૦ ટકા, જ્યારે ૪૫ જળાશય-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ ઉપરાંત રાજ્યના ૧૭ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું હતું. જો કે ૨૦ ડેમમાં ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમ જ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૮,૨૪૮ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહશક્તિના ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં ૪,૪૦,૭૭૩ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહશક્તિના ૭૯ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૨.૩૫ લાખ ક્યૂસેક પાણીની આવક સામે ૨.૪૫ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. વણાકબોરી જળાશયમાં ૧.૬૬ લાખ ક્યૂસેક પાણીની આવક સામે ૧.૬૬ લાખની જાવક, ઉકાઈમાં ૧.૪૭ લાખ ક્યૂસેક પાણીની આવક સામે ૧.૪૭ લાખની જાવક, કડાણા જળાશયમાં ૭૧ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૯૬ હજાર ક્યૂસેક પાણીની જાવક તેમ જ પાનમ જળાશયમાં ૨૩ હજાર ક્યૂસેક પાણીની આવક સામે ૨૨ હજાર ક્યૂસેક પાણીની જાવક નોંધાઈ છે.

આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયમાં ૯૨ ટકા, કચ્છના ૨૦ જળાશયમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૫ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયમાં ૫૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. આમ સરદાર સરોવર સહિત ૨૦૭ જળાશયમાં અત્યાર સુધીમાં ૮૧ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો તેમ, જળ સંપત્તિ વિભાગે જણાવ્યું છે. ■

# ગુજરાતમાં ઓક્ટોબર સુધી વરસાદ વરસતો રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં મેઘરાજા તાંડવ કરી રહ્યા હોવાથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, હવે આ દરમિયાન હવામાન નિષ્ણાંતોએ શિયાળામાં કાતિલ ઠંડીની આગાહી કરી છે. હવામાન નિષ્ણાંતોએ જણાવ્યું હતું, મધ્ય સપ્ટેમ્બરથી લા-નીના સિસ્ટમ એક્ટિવ થઈ શકે છે અને તેને કારણે ચોમાસું ઓક્ટોબર સુધી લંબાઈ શકે છે. ભરપૂર ચોમાસા બાદ દેશભરમાં ઠંડી પણ હાડ થીજાવનારી હશે. ચાલુ વર્ષે ઉનાળો આકરો રહ્યો હતો ચોમાસું ભરપૂર બન્યું છે અને હવે શિયાળો પણ હાંડ થિજાવનારો બની રહેશે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સપ્ટેમ્બરમાં જ લા-નીના સક્રિય થઈ જવાની પૂરી સંભાવના છે. તેની અસર હેઠળ મધ્ય ડિસેમ્બરથી જાન્યુઆરી સુધી કાતિલ ઠંડી પડી શકે છે. લા-નીનાના પ્રભાવ હેઠળ સામાન્ય રીતે તાપમાનમાં ઘટાડો થતો હોય છે. ચાલુ વર્ષે ચોમાસાની વિદાય બાદ પણ ૧૫ ઓક્ટોબર આસપાસ રહી શકે છે. આ વખતે ચોમાસું અસામાન્ય રહ્યુ જ છે. આઈઆઈટીના પ્રોફેસર રઘુ મુર્તુ ગુડેએ કહ્યું હતું કે, ચોમાસું સમયસર આવ્યું હતું. છતાં જૂનનો વરસાદ પ્રમાણમાં ઓછો હતો. જુલાઈ-ઓગસ્ટમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ દરમ્યાન વરસાદથી પરંપરાગત પેટર્નમાં ફેરફાર જોવા મળ્યો હતો. ■

# મુખ્ય પ્રધાન સાથે મુલાકાત બાદ ગુજરાતમાં ઈન્ટર્ન અને જુનિયર ડૉક્ટરોની હડતાળ સમેટાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સરકારી હૉસ્પિટલોમાં ફરજ બજાવતા ઇન્ટર્ન અને જુનિયર ડૉક્ટરોએ રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કર્યા બાદ તેમની હડતાળના અંતની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાનના સકારાત્મક અભિગમ અને રાજ્યના જરૂરતમંદ નાગરિકોની સારવાર સુશુશ્રૂષાના વ્યાપક જન આરોગ્ય સંભાળ હિતને ધ્યાનમાં લઈ તબીબોએ આંદોલનનો અંત લાવીને હડતાળ પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો હતો.

રાજ્યના મુખ્ય પ્રધાન સાથેની બેઠક બાદ ઈન્ટર્ન અને જુનિયર ડૉક્ટરોએ તેમની હડતાળ પાછી ખેંચી લીધી તે અંગે એવું માનવામાં આવે છે કે રાજ્ય સરકારે તેમને ખાતરી આપી હતી કે સરકાર સ્ટાઈપેન્ડમાં બેવડા વધારાની તેમની માગને ધ્યાનમાં લેવા વિશે વિચારશે.

રાજ્ય સરકાર દ્વારા ગયા અઠવાડિયે જાહેર કરાયેલા તેમના સ્ટાઈપેન્ડમાં થયેલા વધારાથી અસંતુષ્ટ, હૉસ્પિટલોમાં સેવા આપતા તબીબી વિદ્યાર્થીઓ બે દિવસ પહેલા હડતાળ પર ઊતરી ગયા હતા, જેના કારણે રાજ્યમાં હૉસ્પિટલોમાં તકલીફ પડી રહી હતી. ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને ભારે મુશ્કેલીઓ ઊભી થઈ હતી, જ્યારે ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ સામે હતી. એક મહિનામાં આ તેમની બીજી હડતાળ હતી. થોડા દિવસો પહેલા જ તેઓ પશ્ચિમ બંગાળમાં બળાત્કાર અને હત્યાની ઘટનાના વિરોધમાં દિવસો સુધી હડતાળ પર હતા. રાજ્ય સરકારે મીડિયાને જાહેર કરેલી એક નોંધમાં જણાવ્યું હતું કેઃ 'મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રાજ્યના ઈન્ટર્ન અને જુનિયર ડૉક્ટરોની બેઠક બાદ રાજ્યમાં બે દિવસીય તબીબી હડતાળનો અંત આવ્યો છે.' ■

# ગુજરાત યુનિવર્સિટીમાં રેકોર્ડબ્રેક એડમિશનઃ પ્રથમ વખત આંકડો ૬૭,૦૦૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીને આ વર્ષે ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહના ઊંચા પરિણામ અને પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓને લીધે એડમિશનમાં ફાયદો પણ થયો છે. આ વર્ષે પ્રવેશ પ્રક્રિયાના અંતે યુજી અને પીજીમાં કુલ મળીને ૬૭,૦૦૦થી વધુ પ્રવેશ થયા હતા. પ્રથમ વખત ગુજરાત યુનિ.માં નવા પ્રવેશનો આંકડો આટલો પહોંચ્યો છે. જો કે જીકાસ પોર્ટલથી માત્ર ૩૨ ટકા જ ઓનલાઈન એડમિશન થયા હતા, જ્યારે બાકીના ૬૮ ટકા પ્રવેશ ઓનલાઇન થયા હતા.

ઓનલાઈન કોમન એડમિશન પોર્ટલ એવા જીકાસ દ્વારા આ વર્ષે સરકારી યુનિ.ઓમાં યુજી અને પીજીના પ્રવેશની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જો કે શરૂઆતથી જ આ પોર્ટલને લઈને અનેક પ્રશ્નો ઊભા થયા હતા અને સરકારી યુનિ.માં ઓછા પ્રવેશ થતા અને ખાનગી યુનિ.ઓમાં વિદ્યાર્થીઓ જતા રહેતા અંતે બે રાઉન્ડ બાદ જીકાસ પોર્ટલમાં માત્ર રજિસ્ટ્રેશન કરાવી ઓફલાઈન પ્રવેશ ફાળવવાની મંજૂરી આપી દેવાઈ હતી.

પહેલા બે રાઉન્ડમાં જીકાસ પોર્ટલથી પ્રવેશની ફાળવણી કરવામા આવી હતી. યુજીમાં ૧૭,૮૧૧ અને પીજીમાં ૨૦૧૧ સહિત ૧૯,૮૮૮ પ્રવેશ થયા હતા. યુજીમાં બીએ, બીકોમ, બીબીએ, બીસીએ, ઈન્ટિગ્રેટેડ કોર્સ અને ઈન્ટિગ્રેટેડ લો તેમ જ બીએસસી સહિતના કોર્સમાં ૧૦ ટકા ઈડબ્લ્યુએસ સાથે ગુજરાત યુનિ.માં કુલ ૬૫,૭૯૭ બેઠક હતી, જ્યારે પીજીમાં એમએ, એમ.કોમ, એમએસસી, એલએલએમ, બી.એડ, એમ.એડ તથા એમએલડબલ્યુ અને જર્નાલિઝમ સહિતના અન્ય કોર્સમાં કુલ મળીને ૨૧,૬૨૪ બેઠક હતી.

ગુજરાત યુનિ.દ્વારા ૩૧મી ઑગસ્ટે યુજી-પીજી સાથે સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. બે રાઉન્ડ બાદ થયેલા ઓફલાઈન પ્રવેશમાં જ સૌથી વધુ પ્રવેશ થયા છે. ગુજરાત યુનિ.ના એડમિશન કોઓર્ડિનેટરે જણાવ્યુ હતું કે પ્રવેશ પ્રક્રિયાના અંતે યુજીમાં ૫૦,૦૯૪ અને પીજીમાં ૧૫,૯૦૩ બેઠકોમાં પ્રવેશ કન્ફર્મ થયો છે, જ્યારે ૧૨૫૬ વિદ્યાર્થીઓના કૉલેજમાંથી ડેટા આવવાના પેન્ડિંગ છે. આમ આ વર્ષે પ્રથમવાર યુજી-પીજીમાં કુલ મળીને ૬૭,૨૫૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

ગુજરાત યુનિ.ના વિવિધ વિભાગો અને કૉલેજોમાં ઓફલાઈન ધોરણે-સ્પોટ એડમિશન દ્વારા થયેલ પ્રવેશ ૬૮ ટકા જેટલા છે અને જીકાસ પોર્ટલમાં માત્ર ૩૧ ટકા જ પ્રવેશ થયા હતા. ધોરણ ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું ઊંચું પરિણામ આવતા અને ધોરણ ૧૨ની પૂરક પરીક્ષામાં પણ વધુ પાસ થતા ગુજરાત યુનિ.ને ફાયદો થયો છે.

ગુજરાત યુનિ.ના યુજી પ્રવેશમાં આ વર્ષે પ્રથમવાર આર્ટસમાં જનાર વિદ્યાર્થીઓ રેકોર્ડબ્રેક વધ્યા છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઊંચું આવતા અને યુપીએસસીનો ક્રેઝ વધતા બી.એ.માં આ વર્ષે હાઈએસ્ટ ૧૫,૧૨૮ પ્રવેશ થયા છે.

૧૭,૬૫૯ બેઠકમાંથી ૮૫ ટકાથી વધુ બેઠકો આ વર્ષે ભરાઈ ગઈ છે જ્યારે બીજી બાજુ બી.એસસી.માં રેકોર્ડબ્રેક ૭૫ ટકાથી વધુ બેઠકો ખાલી રહી છે. બી.એસસી.માં ૮૩૧૩ બેઠકમાંથી ૨૮૦૪ બેઠક જ ભરાઈ છે. સૌથી મોટું નુકસાન સરકારી અને ગ્રાન્ટેડ કૉલેજોને થયું છે. ■

# દિવાળી પછી રાજ્યમાં ફરી ચૂંટણીનો માહોલઃ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે યોજાશે ચૂંટણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી બે માસમાં ૮૦ નગરપાલિકાઓ, ખેડા અને બનાસકાંઠા જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત અને ૫૩૯ ગ્રામ પંચાયત સહિત ૪૭૬૫ પંચાયત ચૂંટણીઓ આવી રહી છે. આ ઉપરાંત જૂનાગઢમાં પણ મહાનગરપાલિકાની મુદ્દત પણ જે જુલાઇમાં પૂરી થઇ તે પછી અહીં સ્થાનિક ચૂંટણી પણ દિવાળી પછી યોજાઇ તેવી શકયતા છે. જેથી રાજ્યમાં ફરી એક વખત ચૂંટણીનો માહોલ ધીમે ધીમે જામશે.

ચૂંટણી પંચમાં આઇએસ અધિકારી દ્વારા નોટિફિકેશન બહાર પડતા જ સર્વપ્રથમ કામ રાજયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ખાસ કરીને જયાં ૨૭ ટકા ઓબીસી અનામતની જોગવાઇ લાગુ કરવાની છે. તેથી નગરપાલિકાઓની વોર્ડ રચના પણ ફરશે તે નિશ્ચિત છે. તે અંગેની કવાયત પણ ટૂંક સમયમાં જ ચાલુ થશે અને ઓકટોબરના અંત સુધીમાં પૂરું થશે. ઝવેરી કમિશનના રિપોર્ટના આધારે થયેલા ફેરફાર અંગે હાઇ કોર્ટમાં રિટ દાખલ થઇ છે, પરંતુ તેમાં કોઇ તાત્કાલિક સુનાવણીની શકયતા નહીંવત છે અને રાજય સરકારે તેથી જ ૨૭ ટકા ઓબીસી અનામત મુજબ વોર્ડ રચના અને અનામત બેઠકો અંગેનું નોટિફિકેશન જાહેર કર્યું હતું.

જેના કારણે ભવિષ્યમાં મહાનગરપાલિકાઓમાં ઓબીસી અનામત ૨૭ ટકા જેટલી થશે. જોકે આ ચૂંટણીઓ ઓકટોબરના અંત બાદ અને ખાસ કરીને દિવાળીના તહેવારનો માહોલ પૂરો થાય તે પછી યોજાશે તે નિશ્ચિત છે. ■

# સટ્ટાકાંડના આરોપી દીપક ઠક્કરના ઘરમાંથી લાખો રૂપિયા અને બેંક લોકરની માહિતી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડ અને વાસણા શેર સટ્ટા ડબ્બા કૌભાંડમાં ૨૩૦૦ કરોડ રૂપિયાથી વધુની હેરાફેરીનો આરોપી દિપક ઠક્કર સ્ટેટ મોનિટરિંગ સેલ પાસે ચાર દિવસના રિમાન્ડ પર છે અને પોલીસ દ્વારા નાણાકિય વહિવટોની તપાસ કરવામાં આવી રહી છે. સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓએ દિપક ધીરજલાલ ઠક્કરને તેના થલતેજમાં આવેલા ઈન્દ્રપ્રસ્થ-૮ ખાતેના ફ્લેટ ઉપર લઈ ગઈ હતી. દિપકના માતા-પિતા રહે છે તે આ એપાર્ટમેન્ટમાં તપાસ દરમિયાન ૪.૫૦ લાખ રોકડા મળી આવતા પોલીસે તે કબજે કર્યા હતા તેમ જ દિપક ઠક્કર અને તેની પત્નીના નામે કાલુપુર બેંન્ક અને કોટક મહિન્દ્રા બેંકમાં ખોલાવવામાં આવેલ બેંન્ક ખાતાં તેમ જ લોકરની જાણકારી મળી હતી.

બેંકના લોકર સીલ કરાવવા ઉપરાંત બન્નેના બેંન્ક ખાતાં પણ ફ્રીજ કરાવાયા હતા. દિપક ઠક્કર અને તેની પત્નીના નામે રહેલા બન્ને બેંકના ખાતામાંથી કેટલા રૂપિયાની લેવડ દેવડ થઈ છે, તે અંગેની વિગતો પણ પોલીસે માગી હતી. પોલીસે કહ્યું હતું કે, બેંક લોકરની ચાવી હજુ મળી નથી. ચાવી મળતાં જ બન્ને બેંન્ક લોકરમાં પણ તપાસ કરવામાં આવશે.

ક્રિકેટ અને શેર સટ્ટાના અબજો રૂપિયાની હેરાફેરી કરવા માટે દિપક ઠક્કર અને અન્ય સાગરીતો લોકોના બેન્ક એકાઉન્ટ ભાડે મેળવતાં હોવાનો આરોપ છે અને પોલીસ તે અંગે તપાસ કરી રહી છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દિપક ઠક્કર, તેની પત્નીને બેંન્ક ખાતાં, લોકર અને તેના માતા-પિતાના ઘર સુધી તપાસ લંબાવવામાં આવી છે. દિપક ઠક્કર પાસેથી તેના મળતિયાઓ અને ભાડે રખાયેલાં એકાઉન્ટ તેમ જ અબજો રૂપિયાની હેરાફેરી વિશે શું જાણકારી મળી છે તે હજું સુધી જાણી શકાયું નથી. ■

# વડોદરામાં ભાજપના ધારાસભ્ય મનિષા વકીલનો વિરોધ કરનારા યુવકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના હરણી વિસ્તારમાં ભાજપના ધારાસભ્ય મનીષા વકીલ સામે વિરોધ કરનારા અસરગ્રસ્તની ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે કુલદીપ ભટ્ટ વિરુદ્ધ ધમકી આપવાના અને મહિલાની બદનામી થાય એવા ઈશારા કરવાનો ગુનો નોંધ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હરણી વિસ્તારમાં આવેલી મોટનાથ રેસિડેન્સી નજીક સિલ્વર ઓક રેસિડેન્સી તેમજ તેની આસપાસના વિસ્તારમાં પૂરના પાણી ફરી વળતાં લોકોને ત્રણ દિવસ સુધી લાઇટ,પાણી તેમજ આવશ્યક ચીજવસ્તુઓ વગર ટળવળવું પડયું હતું. પૂરની કપરી સ્થિતિ દરમિયાન શહેરની જનતા દ્વારા ચૂંટાયેલો ભાજપનો કોઈ નેતા લોકોની મદદે ન આવતા સ્થાનિક યુવક કુલદીપ ભટ્ટે રોષમાં ભાજપના આગેવાનો વિરુધ્ધ જાહેરમાં ઉચ્ચારણો કર્યા હતાં.

ઉપરોક્ત બનાવ અંગે ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોંધી રાવપુરામાં ફાયર સેફ્ટીના સાધનોનો વેપાર કરતા કુલદીપ ભટ્ટ (૪૫ વર્ષ,રહે.રુદ્રા સોસાયટી,અંબાલાલ પાર્ક, કારેલીબાગ) સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. અસરગ્રસ્ત યુવકની ધરપકડની જાણકારી મળતાં કોંગ્રેસના ચંદ્રકાંત ભથ્થું અને ઋત્વિજ જોશી પાણીગેટ ક્રાઇમ બ્રાન્ચની કચેરીએ પહોંચ્યા હતા અને પોલીસ તેમજ ભાજપની કાર્યવાહીને તાનાશાહી ગણાવી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ધરણાં કર્યા હતાં. ■

# શાકભાજીના વધેલા ભાવથી લોકો ત્રાહિમામ્ઃ સૂકી ડુંગળી વધુ તીખી બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અનાજ-કઠોળ તથા સીંગતેલના ભાવની સાથે-સાથે શાકભાજીના કિંમતો પણ આસમાને પહોંચી છે. ચોમાસાની સિઝનમાં શાકભાજીના વધેલા ભાવના કારણે સામાન્ય લોકોની હાલત કફોડી બની છે, લોકો અસહ્ય મોંઘવારીથી ત્રાહિમામ્ પોકારી ગયા છે, રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં શાકભાજીના ૨૦ કિલોના ભાવમાં તીવ્ર વધારો થયો હતો, જેમ કે, યાર્ડના લીંબુના ભાવ ૮૦૦થી ૧૯૦૦, બટેટા ૩૦૦થી ૬૨૧, ડુંગળી સૂકી ૩૦૦થી ૯૦૦, ટમેટા ૩૩૦થી ૬૦૦, કોથમરી ૨૦૦૦થી ૩૫૦૦, રીંગણા ૪૦૦થી ૧૦૦૦, ફ્લાવર ૪૦૦થી ૮૦૦, ભીંડો ૬૦૦થી ૮૦૦, દૂધી ૨૦૦થી ૩૦૦, કારેલા ૫૦૦થી ૭૦૦, સરગવો ૧૦૦૦થી ૧૨૦૦ અને તુરિયા ૬૦૦થી ૮૦૦ના ભાવે વેચાયા હતા. ■

# સસ્તા અનાજના દુકાનદારોની બાયોમેટ્રિક હાજરી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ચોરી અને ગેરરીતિ જેવી ઘટનાઓ અવારનવાર બનતી રહે છે, જેને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે લાઈસન્સ ધરાવતા દુકાનદારો જ દુકાન ચલાવી શકશે, એટલે કે, કોઈ બીજાને ભાડે નહીં આપી શકે. ગુજરાત સરકારને ફરિયાદ મળી હતી કે, રાજ્યમાં આશરે ૭૦૦ જેટલી દુકાનો ભાડે ચાલતી હતી. આ જ કારણથી હવે દુકાનદારની બાયોમેટ્રિક હાજરી પણ લેવામાં આવશે, એટલું જ નહીં, દુકાનદારે રજા રાખવી હશે તો પણ મામલતદારની મંજૂરી લેવી પડશે. ■

દૈનિક મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 212 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 September 2024, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૪'

# ૧૩૧ શહેરમાં સુરત પ્રથમ સ્થાને

સુરત: દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ગત વર્ષે પ્રથમ ક્રમ મેળવનાર સુરત શહેરે વધુ એક આગવી સિદ્ધિ મેળવી છે. સુરતે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય આયોજિત 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૪'માં દેશભરના ૧૩૧ શહેરોને પાછળ છોડી પ્રથમ ક્રમ મેળવ્યો છે.

સુરત શહેર સૌથી ઝડપી વિકસિત થતા શહેર હોવા ઉપરાંત વર્ષ ૨૦૨૩-૨૪ માં પી.એમ. ૧૦ના રજકણોમાં ૧૨.૭૧ % નો નોંધપાત્ર ઘટાડો કરવામાં સફળ રહ્યું છે. ગત વર્ષ ૨૦૨૩માં યોજાયેલા 'સ્વચ્છ વાયુ સુર્વેક્ષણ'માં સુરત શહેરને ૧૩મો ક્રમાંક મળ્યો હતો અને ઇન્દોર પ્રથમ ક્રમે હતું. ૨૦૨૩માં સુરત મહાનગરપાલિકાએ ખૂટતી સુવિધાઓ, પગલાઓ અને ત્રુટિઓના નિવારણ જેવી સઘન કામગીરી હાથ ધરીને આ વર્ષે મોટી છલાંગ લગાવી નિયત કુલ ૨૦૦માંથી ૧૯૪ ગુણ મેળવી સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.

સુરતની આ સિદ્ધિ બદલ આગામી તા.૭ સપ્ટે.ના રોજ જયપુર ખાતે નેશનલ મિશન ફોર કલીન એર કાર્યક્રમ અંતર્ગત યોજાનાર સભારંભમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા નેશનલ કલીન એર સિટીના બહુમાન સાથે રૂ. ૧.૫

(જુઓ પાનું ૨) ▶▶

## પેન્શનના નિયમમાં ફેરફાર : ૭૮ લાખ નિવૃત્ત કર્મચારીને ફાયદો થશે

નવી દિલ્હી : કેન્દ્રના શ્રમ અને રોજગાર પ્રધાન અને એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ (ઈપીએફ)ના સેન્ટ્રલ બૉર્ડ ઑફ ટ્રસ્ટીઝના અધ્યક્ષ મનસુખ માંડવિયાએ કર્મચારી પેન્શન યોજના,૧૯૯૫ માટે સેન્ટ્રલાઈઝ્ડ પેન્શન પેમેન્ટ સ્કીમ (સીપીપીએસ)ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આને લીધે આખા ભારતમાં કોઈ પણ બૅન્ક, કોઈ પણ શાખા મારફતે પેન્શન મેળવવું સંભવ બનશે.

આ ઐતિહાસિક નિર્ણયની માહિતી આપતાં ડૉક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે સીપીપીએસને મંજૂરી એ ઈપીએફઓના આધુનિકીકરણનું એક સિમાચીહન છે. પેન્શનરોને દેશમાં ક્યાંય પણ, કોઈ પણ બૅન્કમાં, કોઈ પણ શાખામાં પેન્શન પ્રાપ્ત કરવામાં સક્ષમ કરનારી પહેલ પેન્શનરો સામે લાંબા સમયથી આવતા પડકારોનું સમાધાન કરશે અને એક બેરોકટોક કુશળ સંવિતરણ તંત્ર સુનિશ્ચિત કરશે.

મંત્રાલયે બુધવારે એક નિવેદનમાં કહ્યું હતું કે કેન્દ્રીય પ્રધાન માંડવિયાએ ઈપીએસ ૧૯૯૫ હેઠળ પેન્શન માટે સીપીપીએસને મંજૂરી આપી છે. માંડવિયાએ કહ્યું હતું કે એક જાન્યુઆરી, ૨૦૨૫થી પેન્શનરને ક્યાંય પણ, કોઈ પણ બૅન્કમાં અને કોઈ પણ શાખામાં પેન્શન મળશે. આ ઈપીએફઓને પોતાના

(જુઓ પાનું ૨) ▶▶

## ભારત અને બ્રુનેઈ દ્વિપક્ષી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જશે: મોદી

બ્રુનેઈ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રુનેઈની મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરવા બુધવારે બ્રુનેઈના સૂલતાન હાજી હસનાલ બોલ્કિયા સાથે સંરક્ષણ, વેપાર, ઊર્જા સહિત પરસ્પરના હિતના વૈશ્વિક તેમ જ સ્થાનિક મુદ્દાઓ પર વાતચીત કરી હતી.

પ્રિન્સ અલ-મૂહતાદી બિલાહીએ મોદીને ઍરપોર્ટ પર આવકાર્યા હતા.

બ્રુનેઈની મુલાકાતે જનાર મોદી ભારતના પ્રથમ વડા પ્રધાન છે. સૂલતાને તેમના પરિવારજનો અને નિકટના સાથીદારો સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાને મોદીનું સ્વાગત કર્યું હતું.

મોદીની આ મુલાકાત દરમિયાન 'ઍક્ટ ઈસ્ટ પૉલિસી' અને દ્વિપક્ષી વાટાઘાટ મારફતે બંને દેશ વચ્ચેના સંબંધ વધુ મજબૂત કરવા ફળદાયી ચર્ચા થઈ હતી.

દ્વિપક્ષી સંબંધો સુધારવા અને મજબૂત બનાવવાના ભારતના પ્રયાસને બ્રુનેઈએ આવકાર આપ્યો હોવાનું વિદેશ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

બંને નેતાઓએ સંરક્ષણ, વેપાર અને રોકાણ, ઊર્જા, સ્પેસ ટેક્નોલૉજી, આરોગ્ય, ફાર્મા, કૅપેસિટી બિલ્ડિંગ, સાંસ્કૃતિક સહિતના ક્ષેત્રમાં સહકાર સાધવા અંગે વાતચીત કરી હતી.

મોદીએ કહ્યું હતું કે ઍક્ટ ઈસ્ટ પૉલિસી અને ઈન્ડો-પેસિફિક વિઝનને મામલે બ્રુનેઈ ભારતનું મહત્ત્વનું ભાગીદાર છે.

બંને દેશ એકમેકનો આદર કરે છે અને એકમેકની લાગણીને સમજે છે, એમ તેમણે કહ્યું હતું.

બ્રુનેઈની મારી મુલાકાત બંને દેશ વચ્ચેના સંબંધોને વ્યૂહાત્મક દિશા આપશે, એમ મોદીએ કહ્યું હતું.

વિદાય લેતા અગાઉ મોદીએ ૧૪૦

(જુઓ પાનું ૨) ▶▶



**દ્વિપક્ષી સંબંધ:** બ્રુનેઇ દારસલામના બંદર સેરી બેગવાન ખાતે બ્રુનેઇના સુલ્તાન હસનલ બોલકિઆહની સાથે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. બન્ને નેતાએ દ્વિપક્ષી સંબંધ વધુ મજબૂત કરવા મંત્રણા કરી હતી. (પીટીઆઇ)

કેફી પદાર્થો, ગેરકાયદે દારૂના વેચાણ સામે અભિયાન

## દિલ્હી પોલીસના ૩૨૫ સ્થળે દરોડા: ૯૪૪ જણની અટક

નવી દિલ્હી: દેશની રાજધાનીની પોલીસે ૩૨૫ ઠેકાણે દરોડા પાડીને કેફી પદાર્થો ધરાવતા, તેનું સેવન કરતા અને ગેરકાયદે દારૂ બનાવીને વેચતા કુલ ૯૪૪ લોકોની અટક કરી હતી.

દિલ્હી પોલીસે જે ૯૪૪ લોકોની અટક કરી હતી, તેમાં કેફી પદાર્થોની હેરફેર, વેચાણ કરતા ૭૪ લોકો, કેફી પદાર્થોને પૂરા પાડતા ૮૧૭ લોકો અને ગેરકાયદે દારૂનો ધંધો કરતા ૫૪ લોકોનો સમાવેશ થાય છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા શરૂ કરાવાયેલા કેફી પદાર્થો-વિરોધી અભિયાનના ભાગરૂપે દિલ્હીમાં આ દરોડા પડાયા હતા.

કેફી પદાર્થોના દૂષણને નાથવા ૨૦૨૩ના મેમાં 'ઓપરેશન કવચ' નામનું અભિયાન શરૂ કરાયું હતું.

દિલ્હી પોલીસે અગાઉ શાળા અને કોલેજોની પાસે વેચાતા કેફી પદાર્થો અને તમાકુનાં ઉત્પાદનોની સામે 'ઓપરેશન કવચ' હેઠળ આ ઉપરાંત ચાર વખત કાર્યવાહી હાથ ધરી હતી.

દિલ્હી પોલીસે વિવિધ જિલ્લામાં ભારે સાવચેતીપૂર્વક કાર્યવાહી હાથ ધરી હતી.

દિલ્હીના સ્પેશ્યલ કમિશનર આર. પી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે દિલ્હી પોલીસે ચાલુ વર્ષે શરૂ કરેલા કેફી પદાર્થ-વિરોધી વ્યાપક અભિયાનમાં અત્યાર સુધીમાં ૯૬૧ જણની અટક કરી હતી, તેમાં ૬૯૫ નાર્કોટિક ડ્રગ્સ

(જુઓ પાનું ૨) ▶▶

## ટેક્સાસમાં માર્ગ અકસ્માતમાં ચાર ભારતીયનાં મોત

હ્યુસ્ટન: યુએસના ટેક્સાસ રાજ્યમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં પાંચ વાહનો એક બીજા સાથે અથડાયાં હતાં. આ અકસ્માતમાં ચાર ભારતીયોનાં મોત થયા હોવાના અહેવાલ છે. મૃતકો એક કારપૂલિંગ એપ દ્વારા એક એસયુવી કારમાં સવાર થયા હતા. તેઓ અરકાનસાસના બેન્ટનવિલે જઈ રહ્યા હતા. અકસ્માતમાં એસયુવી કારમાં આગ લાગી હતી, તેઓ સમયસર બહાર નીકળી શક્યા ન હતા.

કોલિન કાઉન્ટી શેરિફ ઓફિસના જણાવ્યા અનુસાર, શુક્રવારે, ૩૧ ઓગસ્ટના રોજ લગભગ ૩:૩૦ વાગ્યે વ્હાઇટ સ્ટ્રીટ પર અકસ્માત થયો હતો. એક અહેવાલ અનુસાર પીડિતોની ઓળખ આર્યન રઘુનાથ ઓરમપતિ, ફારુક શૈક, લોકેશ પલાચરલા અને દર્શિની વાસુદેવન તરીકે કરવામાં આવી છે.

આર્યન અને તેનો મિત્ર ફારુક ડલાસમાં કોઈ સંબંધીને મળીને ઘરે પરત જઈ રહ્યા હતા, લોકેશ તેની પત્નીને મળવા બેન્ટનવિલે જઈ રહ્યા હતા. યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી માસ્ટર ડિગ્રી ગ્રેજ્યુએટ દર્શિની તેના કાકાને મળવા જઈ રહી

(જુઓ પાનું ૨) ▶▶

## વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા ચૂંટણીનાં મેદાનમાં

નવી દિલ્હી: હરિયાણામાં આવતા મહિને વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, કુસ્તીના મેદાનમાં ભારતનું નામ રોશન કરનાર રેસલર્સ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા ચૂંટણીના મેદાનમાં દાવપેચ અજમાવતા જોવા મળશે. વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ બુધવારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી, ત્યાર બાદ બંને ચૂંટણી લડશે એવી જાહેરાત કરવામાં આવી હતી.

બંને સ્ટાર રેસલર્સ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી લડશે. તેઓ તેમના વર્તમાન તમામ હોદ્દા પરથી રાજીનામું આપશે છે. અહેવાલો મુજબ બજરંગ પુનિયા બાદલીથી ચૂંટણી લડશે અને વિનેસ ફોગાટ જુલાનાથી ચૂંટણી જંગમાં જંપલાવશે.

નોંધનીય છે કે, પેરિસ ઓલિમ્પિકમાંથી પાછા ફર્યા પછી, વિનેશ ફોગાટે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપિન્દર સિંહ હુડ્ડા સાથે મુલાકાત કરી હતી. હુડ્ડાએ નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીમાં જોડાવા માંગતા કોઈપણનું સ્વાગત છે.

વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા બુધવારે નવી દિલ્હીમાં કોંગ્રેસના મહાસચિવ (સંગઠન) કેસી વેણુગોપાલને પણ મળ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં સતત ત્રીજી વખત જીત મેળવવા ઈચ્છે છે, જ્યારે કોંગ્રેસ ભાજપને પછાડી ફરીથી સત્તા મેળવવા માગે છે. સ્ટાર એથ્લેટ્સ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા કોંગ્રેસ માટે હુકમના એક્કા સાબિત થઇ શકે છે.

વિનેશ ફોગાટે તાજેતરમાં જ શંભુ બોર્ડર પર અંદોલન કરી રહેલા ખેડૂતો વચ્ચે હાજરી આપી હતી, અને ખેડૂતોની લડતને સમર્થન આપ્યું હતું.

વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા બંનેએ પૂર્વ વડા બ્રિજભૂષણ શરણ સિંહ સામેના અંદોલનમાં આગળ પડતી ભૂમિકા ભજવી હતી.■

## નાઈજિરિયામાં આતંકવાદી હુમલામાં ૧૦૦થી વધુનાં મોત

નવી દિલ્હી: નાઈજિરિયાના એક ગામમાં બોકો હરામના ઈસ્લામિક આતંકવાદીઓએ રવિવારે કરેલા હુમલામાં ૧૦૦થી વધુનાં મોત થયાં હતાં. મોટરસાઈકલ પર આવેલા પચાસ કરતા પણ વધુ આતંકવાદીઓએ રવિવારે સાંજે ગામમાં બજાર, પ્રાર્થનાસ્થળ તેમ જ લોકોનાં ઘર પર ગોળીબાર કર્યો હતો અને ઈમારતોને આગ ચાંપી હતી.

આ હુમલા માટે બોકો હરામ જવાબદાર હોવાનું પોલીસે કહ્યું હતું. નાઈજિરિયામાં ઈસ્લામિક કાનૂન-શરિયા લાગુ કરવા બોકો હરામે વર્ષ ૨૦૦૯થી અભિયાન શરૂ કર્યું હતું. ત્યારથી અત્યાર સુધીમાં બોકો

(જુઓ પાનું ૨) ▶▶

## ગુજરાતમાં કુલ સરેરાશ વરસાદ ૧૧૮ ટકા: કચ્છ ઝોનમાં ૧૮૨ ટકાથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ગત દિવસ દરમિયાન વરસી રહેલા ધોધમાર વરસાદનું આજે કચ્છ, સૌરાષ્ટ્ર, પૂર્વ-મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં જોર ઘટ્યું છે. બુધવારે સવાર સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૮ ટકાથી વધુ નોંધાયો હતો. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૮૨ ટકા કરતા પણ વધારે અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૬ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૨૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૧૪ ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ૯૬ ટકાથી વધુ મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા અનુસાર બુધવારે સવારે પૂરા થતા છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકમાં સૌથી વધુ ૬ ઇંચ અને નેત્રંગ તાલુકામાં ૫ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે, સુરતના ઉમરપાડામાં અને વલસાડ તાલુકામાં ૪ ઇંચ કરતા પણ વધારે વરસાદ નોંધાયો હતો. ગત ૨૪ કલાકમાં વલસાડ અને સુરત જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૨ ઇંચ કરતા પણ વધારે, જ્યારે સમગ્ર ભરૂચ જિલ્લામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

આ ઉપરાંત મહેસાણાના જોટાણા, સુરતના પલસાણા અને સુરત, બનાસકાંઠાના દાંતીવાડા, તેમજ વલસાડના વાપી તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. નર્મદાના નાંદોદ,

(જુઓ પાનું ૨) ▶▶

મોલીવૂડમાં પણ મી-ટુ:

## કેરળના અભિનેતા નિવિન પૌલી સામે સામૂહિક બળાત્કારની ફરિયાદ

એર્નાકુલમ: કેરળના એર્નાકુલમ જિલ્લાના ઉન્નુકલ પોલીસ સ્ટેશનમાં મલયાલમ અભિનેતા નિવિન પૌલી અને અન્ય ચાર જણ સામે એક મહિલા પર સામૂહિક બળાત્કારનો પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાયો હતો.

એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે દુબઈમાં ગયા વર્ષે ૧ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી મારા પર અનેક વખત બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો.

તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે શ્રેયા નામની મહિલાએ મને યુરોપમાં નોકરી અપાવવા માટે મારી પાસેથી રૂપિયા ત્રણ લાખ લીધા હતા, પરંતુ યુરોપમાં હાલમાં નોકરી નહિ હોવાનું કહીને ફિલ્મમાં કામ અપાવવાના બહાના હેઠળ દુબઇ લઇ ગઇ હતી.

દુબઇમાં મારી ઓળખાણ ફિલ્મ નિર્માતા એ. કે. સુનીલની સાથે કરાવી હતી અને સુનીલે મારી ઓળખાણ નિવિન પૌલી, વિનુ, બશીર અને કુટ્ટનની સાથે કરાવી હતી.

શ્રેયાએ મને કેફી પીણું પીવડાવ્યું હતું અને ત્યાર બાદ મારા પર અવારનવાર બળાત્કાર કરાતો હતો.

ન્યાયાધીશ હેમા સમિતિના અહેવાલને પગલે આ ઘટનાની તપાસ માટે ખાસ ટુકડી (સ્પેશલ ઇન્વેસ્ટિગેશન ટીમ - સિટ) રચાઇ હતી અને તેના અહેવાલના આધારે પોલીસ સ્ટેશને એફઆઇઆર નોંધ્યો હતો.

એર્નાકુલમ ગ્રામીણ પોલીસનાં સૂત્રોએ જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે
મુંબઈ સમાચાર ગરબા દાંડિયા વર્કશોપ
દ્વિતીય વર્ષ
In Association with MAGIC COLOURS
PROUDLY INDIAN®
ELECTRON®
'રોમેરોમ ગુજરાતી' અભિયાન હેઠળ મુંબઈ સમાચાર દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાં ૨૦૨૩માં નવું પીંછું ઉમેરાયું છે ગરબા-દાંડિયા વર્કશોપનું, જેનો બહોળો પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે બીજા વર્ષે પણ મુંબઈ સમાચાર આ વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે
અમારા આ અભિયાનમાં જોડાવું હોય તો સંસ્થા પણ સંપર્ક કરી શકે છે...
ધસારો વધે નહીં એ માટે તમારું નામ વહેલામાં વહેલી તકે નોંધાવી લેશો
સંપર્ક: 9326152942
ઈંતેજારીનો અંત: શહેરના આ સ્થળે હશે વર્કશોપ
વર્કશોપનો સમય ૪થી ૭
૨૧-૨૨ સપ્ટે. : ૨૮-૨૯ સપ્ટે.
વર્કશોપનાં સ્થળ: તમારી પસંદગીના સ્થળ પર આજે જ તમારું નામ નોંધાવી લેશો.
કાંદિવલી: શ્રી લોહાણા મહાજનવાડી, શંકર મંદિરની બાજુમાં, એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ
મુલુંડ: ૫૦૧, પદ્માવતી બેન્કવેટ હોલ, શિવસેના ઓફિસની ઉપર, એમ.જી. રોડ, મુલુંડ વેસ્ટ
માટુંગા: માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૮, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં, માટુંગા (સેન્ટ્રલ રેલવે)
ઘાટકોપર: રામજી આસર સ્કૂલ, રુઈયા હોલ, પહેલો માળ, રામજી આસર સ્કૂલ કમ્પાઉન્ડ, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE ₹ 65,610/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

બારે મહિના ગ્રુપ ટુરો
કાશ્મીર
Heena Tours & Travels
9326474508 / 8591467707

100% PURE NEW ZEALAND
14 Days NZ Group Tour with Maharaj Oct - Jan 2025
DOWNLOAD TOUR PLAN
PAY ONLY 25,000/- & BOOK YOUR SEAT
Freedom EST. 2014
+91 98751 62567
FREEDOMTOURISM.COM

અજય મોદીના દિવાળી પ્રવાસો
બેંગ્લોર-કુર્ગ મૈસુર-ઉટી ₹25999 ૦૮ દિવસ
ગુજરાતી-પંજાબી-કાઠીયાવાડી ભોજન
નૈનિતાલ-મસૂરી કોર્બેટ-કૌસાની ₹25499 ૦૮ દિવસ
Kandivali-63596 19321

FLAMINGO transworld pvt. ltd.
SINGAPORE MALAYSIA With Cruise
30+ Departures from September to December
Successfully planned holidays for more than 2,10,000 families
For More Details Scan The QR Code
+91 78618 82783
+91 75065 13304
www.flamingotravels.co.in

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
પ્રથમ દિવસથી અસર કારક
જોશ, તાકાત અને ENERGY વધારો
પ્લે-વિન પ્લસ
100% Ayurvedic, NO Side Effect કેપ્સુલ
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન પ્લસ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો.
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે
Buy Online : www.davadiscount.in

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રેપ-મર્ડર કેસમાં ફાંસી, ભાજપ સામે મમતાનો નવો દાવ

**કોલકાતાની** આર.જી કર મેડિકલ કોલેજ અને હૉસ્પિટલમાં ટ્રેઈની ડૉક્ટર પર રેપ કરીને હત્યા કરવાના મુદ્દે દેશભરમા હજુય આક્રોશ છે. ભાજપે આ મુદ્દાને ચગાવ્યો છે ને પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીને ભીંસમાં લેવા માટે પૂરી તાકાત લગાવી રહ્યો છે ત્યારે મમતા બેનરજીએ વળતો દાવ ખેલીને વિધાનસભામાં નવું એન્ટિ રેપ બિલ પસાર કરાવ્યું છે. મમતાનાં દાવા પ્રમાણે આ બિલમાં બળાત્કારને લગતા કેસોમાં કાયદાને વધુ કડક કરવામાં આવ્યા છે અને માત્ર ૧૦ દિવસમાં ફાંસીની સજાનો અમલ કરાશે.

મમતાએ બનાવેલો નવો કાયદો ખરેખર બળાત્કારને રોકી શકશે કે નહીં તે વાત કરીશું પણ પહેલાં બિલમાં ખરેખર શું છે અને આ બિલ દ્વારા મમતાએ કેવો રાજકીય દાવ ખેલ્યો છે તેની વાત કરી લઈએ. બંધારણીય રીતે મમતા બેનરજીની સરકાર આવો કાયદો પસાર ના કરી શકે કેમ કે રાજ્ય સરકાર પાસે આ પ્રકારના કાયદા બનાવવાની સત્તા નથી. મમતાએ એ છતાં વિધાનસભામાં આ કાયદો પસાર કરાવીને મોદી સરકારને સીધો પડકાર ફેંક્યો છે ને વાસ્તવમાં ભેરવી દીધી છે.

'અપરાજિતા વુમન એન્ડ ચાઇલ્ડ (પશ્ચિમ બંગાળ ક્રિમિનલ લો અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૪' નામના મમતા બેનરજી સરકારના નવા બિલમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યૂઅલ એક્ટ (POCSO)માં સુધારા કરવાની વાત છે.

ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૪, ૬૬, ૬૮, ૭૦, ૭૧, ૭૨, ૭૩ અને ૧૨૪માં મહિલાઓ સામે અપરાધ કરતા ગુનેગારો માટે સજાની જોગવાઈ છે. અપરાજિતા એક્ટમાં આ તમામ કલમોમાં સુધારાની દરખાસ્ત કરવામાં આવી છે. આ સિવાય ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૯૩ અને ૩૪૬ તેમજ પોક્સો એક્ટની કલમ ૪, ૬, ૮, ૧૦ અને ૩૫માં સુધારાની દરખાસ્ત છે.

આ સુધારા દ્વારા મહિલાઓ અને બાળકો સામેના તમામ જાતીય અપરાધોને કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર બનાવવામાં આવ્યા છે. મતલબ કે, બળાત્કાર સહિતના મહિલાઓ પરના અત્યાચારના ગુનાઓમાં પોલીસ વોરંટ વગર પણ આરોપીની ધરપકડ કરી શકે છે અને તેને જામીન નહીં મળે. આ બિલમાં બળાત્કાર સહિતના તમામ જાતીય અપરાધ માટે ફાંસી એટલે કે મૃત્યુદંડની જોગવાઈ છે. મોદી સરકારે લાગુ કરેલા નવા ભારતીય ન્યાય સંહિતા કાયદામાં બળાત્કાર માટે ફાસીંની સજાની જોગવાઈ છે પણ બળાત્કારને લગતા તમામ ગુનાઓમાં મૃત્યુદંડની જોગવાઈ નથી.

અપરાજિતા એક્ટમાં કેન્દ્ર સરકારના કાયદા પોલીસ તપાસ અને ટ્રાયલ પૂર્ણ કરવાની સમયમર્યાદા ઘટાડી દેવામાં આવી છે. નવા કાયદા હેઠળ રેપ કેસની તપાસ ૩૬ દિવસમાં પૂરી કરવાની રહેશે. પીડિતા કોમામાં જાય અથવા મૃત્યુ પામે તો ૧૦ દિવસની અંદર દોષિતને ફાંસી આપવામાં આવશે. આ કાયદા પ્રમાણે, પોલીસને મહિલાને લગતો અપરાધ થયો છે તેની એફઆઈઆર નોંધાય તેના ૨૧ દિવસની અંદર તપાસ પૂરી કરવી પડશે. ૨૧ દિવસમાં તપાસ પૂરી ન થાય તો કોર્ટ વધુ ૧૫ દિવસનો સમય આપી શકે છે પણ આ માટે પોલીસે લેખિતમાં મોડું થવાનું કારણ જણાવવું પડશે.

ભારતીય ન્યાય સંહિતામાં પોલીસે બે મહિનામાં તપાસ પૂરી કરવાની છે. બે મહિનામાં તપાસ પૂરી નહીં થાય તો વધુ ૨૧ દિવસનો સમય આપવામાં આવી શકે છે. બંગાળ સરકારના બિલમાં એવી પણ જોગવાઈ છે કે મહિલાઓ અને બાળકો સાથે સંબંધિત અપરાધોના મામલામાં ચાર્જશીટ દાખલ થયાના એક મહિનામાં ટ્રાયલ પૂર્ણ કરવાની રહેશે જ્યારે ભારતીય ન્યાય સંહિતામાં બે મહિનાનો સમય છે.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪માં બળાત્કાર માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે કે જેને આજીવન કેદ સુધી વધારી શકાય છે. આજીવનનો અર્થ દોષિત જીવિત રહે ત્યાં સુધી જેલમાં જ રહેશે. દંડની જોગવાઈ પણ છે. બંગાળ સરકારના બિલમાં આજીવન કેદની જોગવાઈ છે અને ફાંસીની સજા અને દંડની જોગવાઈ પણ છે. ન્યાય સંહિતમાં રેપ પછી મર્ડરની સજા ઓછામાં ઓછી ૨૦ વર્ષની જેલ છે કે જેને ઉંમરકેદ સુધી વધારી શકાય છે અને ખાસ કિસ્સામાં મોતની સજાની પણ જોગવાઈ છે. બંગાળ સરકારના બિલમાં દોષિતને મૃત્યુની સજા ફટકારવામાં આવે એવી જોગવાઈ છે.

ન્યાય સંહિતાની કલમ ૭૦(૧) પ્રમાણે, કોઈ મહિલા પર ગેંગરેપ થાય તો બધા દોષિતોને ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજા થશે, જેને આજીવન કારાવાસ સુધી વધારી શકાય છે. પીડિતાની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય તો બધા જ દોષિતોને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થશે અને બધા જ દોષિતોને ફાંસીની સજા પણ થઈ શકે છે.

બંગાળ સરકારનું બિલ કહે છે કે, ગેંગરેપના કેસમાં બધા દોષિતોને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થશે. આજીવનનો અર્થ એ છે કે દોષિત જીવિત રહેતાં જેલની બહાર આવી શકશે નહીં. મૃત્યુની સજાની જોગવાઈ છે અને દંડ પણ ફટકારવામાં આવશે. આ સિવાય બીજા પણ ઘણા સુધારા બંગાળ સરકારના બિલમાં કરાયા છે.

મમતાએ પેતાના કાયદાને મોદી સરકારે બનાવેલ કાયદા કરતાં વધારે આકરો બનાવીને મોદી સરકારને ભીંસમાં મૂકી દીધી છે. બંગાળ વિધાનસભાએ આ બિલ પસાર કરી દીધું છે અને હવે તેને રાજ્યપાલને મોકલવામાં આવશે. રાજ્યપાલની સહી પછી એ કાયદો બની જશે.

રાજ્યપાલ આ કાયદા પર સહી કરે તો મમતાએ બળાત્કારને રોકવા માટે દેશમાં સૌથી કડક કાયદો બનાવ્યો એવો દાવો કરવાની તૃણમૂલ કૉંગ્રેસને તક મળી જશે. ભાજપ મમતા બેનરજી સરકારની કહેવાતી નિષ્ફળતાનો મુદ્દો ચગાવે છે તેની હવા નિકળી જશે. રાજ્ય સરકારને આવો કાયદો બનાવવાની સત્તા નથી તેથી રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ સહી કરવાની ના પાડે તો પણ મમતા આ મુદ્દાને ચગાવશે. રાજ્ય સરકાર બળાત્કારીઓને સીધા કરવા ને સજા કરાવવા માટે આકરા કાયદા બનાવવા માગે છે પણ ભાજપને બળાત્કારીઓને સજા કરાવવામાં રસ નથી એવો પ્રચાર કરવાની મમતાને તક મળી જશે. મમતાએ ચિત ભી મેરી ઓર પટ ભી મેરીવાળો દાવ ખેલીને ભાજપને ચિત કરી દેવાનો તખતો ઘડી કાઢ્યો છે. મમતાનાં દાવનો ભાજપ શું તોડ કાઢે છે એ જોવાનું રહે છે.

જ્યાં સુધી બળાત્કારને રોકવાની વાત છે, કાયદા દ્વારા બળાત્કાર રોકાય નહીં. બળાત્કારને રોકવા કાયદાનો ડર પેદા કરવો પડે, પોલીસનો ડર પેદા કરવો પડે ને દુનિયામાં મોતથી મોટો કોઈ ડર નથી. બળાત્કારના પાંચ-સાત કિસ્સામાં તાત્કાલિક એવો ન્યાય કરવો પડે કે કોઈ છોકરી સામે જોવાની પણ કોઈ હવસખોર હિંમત ના કરે. આ ન્યાય શું હોઈ શકે એ કહેવાની જરૂર નથી. આ દેશમાં ચમત્કાર વિના નમસ્કાર જ નથી. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), ગુરુવાર, તા. ૫-૯-૨૦૨૪, સામવેદી શ્રાવણી,

- ભારતીય દિનાંક ૧૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર હસ્ત.
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ-
- ભરતી : બપોરે ક. ૧૩-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૭ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૬-૩૭, રાત્રે ક. ૧૯-૧૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ''રાક્ષસ'' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ''ક્રોધી'' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દ્વિતીયા. સામવેદી શ્રાવણી, મુસ્લિમ ૩જો રબી ઉલ અવ્વલ માસારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સૂર્ય-ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, નવાં વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, પ્રથમ વાહન, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, બી વાવવું, ધાન્ય ભરવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, જુઈ વાવવી, પરદેશગમનનું પસ્તાનું.
- આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ કરકસરિયા, ચંદ્ર-શુક્ર યુતિ લોકોમાં પ્રિય. બુધ પશ્ચિમમાં ખૂબ જ ઊંચે ૧૮.૧ અંશના અંતરે ઉપર રહે છે. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-શુક્ર યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# આકાશના થાંભલાઃ આદમી હું આદમી સે પ્યાર કરતા હું

**જગતના** તમામ ધર્મો પછી આવેલા ઈસ્લામ ધર્મના બુનિયાદી (પાયાના) જે નિયમો- સિદ્ધાંતો છે તેમાં ઈમાનદારી (સચ્ચાઈ, સત્ય) છે અને નેકી (પ્રમાણિક) માર્ગે કમાયેલી ધન-દૌલતને ઈબાદત (પૂજા)નો એક મહત્ત્વનો ભાગ લેખવામાં આવ્યો છે.

આપણે ત્યાં પૂર્વજોથી ચાલી આવેલી એક પ્રચલિત કહેવત છે 'આહાર તેવો ઓડકાર અને નિયત તેવી હરકત.' ઈસ્લામ અલ્લાહ (ઈશ્વર)નો ઈલાહી ધર્મ તરીકે પ્રસ્થાપિત થયો છે તેમાં ઉમ્મત (અનુયાયી, પ્રજાજનો)ને નેક નિયતની હિદાયત (બોધ, જ્ઞાન) સાથે ધર્મના ધ્વજને લહેરાતો રાખવા ઈલ્મોજ્ઞાન અને એ થકી જીવન શ્રેષ્ઠ બનાવવા નસીહત આપવામાં આવી છે.

વ્હાલા વાચક મિત્રો! ઉમ્મતની દરેક ઈબાદત તેની નિયત (આશય, ઈરાદો) મુજબ શક્ય બને છે. આ સંદર્ભમાં એક બોધ આપનારું દૃષ્ટાંત રાહબર બની રહેવા પામશેઃ

પયગંબર હઝરત મુહંમદ (સલ) પાસેથી એક શખસ પસાર થયો. આપ હુઝૂરે અનવર (સલ.) પાસે બેઠેલા એક સહાબી (સાથી)એ અરજ કરી કે, 'યા અલ્લાહના રસૂલ! આ માણસની મહેનત અલ્લાહના માર્ગમાં હોત તો કેટલું સારું થાત!' આમ હુઝૂરે અનવર (સલ.) ફરમાવ્યું કે- 'જો એ ઈન્સાન પોતાના નાના નાના સંતાનોનાં પાલણપોષણ માટે દોડી રહ્યો છે, તો તેની દોડ અલ્લાહના માર્ગમાં જ લેખાશે, પરંતુ જો તે પોતાની જાત માટે દોડી રહ્યો છે અને તેનો ઈરાદો એવો હોય કે લોકો સમક્ષ હાથ ફેલાવવો ના પડે, તો તેની એ દોડ પણ પરવરદિગારે આલમના માર્ગમાં જ ગણાશે, પરંતુ જો તેની દોડાદોડ (પ્રયત્નો) એવા હેતુથી હોય કે લોકો સમક્ષ પોતાની મોટાઈ બતાવે અને માલદારી (શ્રીમંતાઈ)નું પ્રદર્શન કરે, તો તેની આ બધી જ મહેનત સેતાનના માર્ગમાં જ ગણાશે.'

મજકુર હદીસ શરીફની હિદાયતમાં નિયત જોવામાં આવશે તેનો ઉલ્લેખ છે.

આ હદીસ (હુઝૂરે અનવર-સલ.ના કથનો)નો સ્પષ્ટ અર્થ એવો નથી કે માણસે વધારે ધન નહીં કમાવું જોઈએ. માલોદૌલત જરૂર કમાવ અને તેનો ખર્ચ કરો, ત્યારે અલ્લાહના માર્ગનો વિચાર પણ કરો. રબની રાહ એટલે ફકીરો- મહોતાજોને જ આપો એવું નથી, પરંતુ તમારા બાળકો, માતા-પિતા, પત્ની પરિવાર માટે અથવા તમારે કોઈની પાસે હાથ લંબાવવો ના પડે, તમારી જરૂરિયાતોને તમે પહોંચી વળો, તે કારણે વધારે મહેનત કરતા હો, તો એ અલ્લાહના માર્ગની જ દોડાદોડ (કોશીશો) લેખાશે. નેક માર્ગે કમાયેલી દૌલત અને પરિશ્રમ ઈબાદતનો જ એક ભાગ છે.

મહાન સૂફી હઝરત સૂફિયાન સૌરી (રદ્દિયતઆલા અન્હો)નું એક કથન છે કે, 'નબુવ્વત અને ખિલાફત કાળમાં ધનસપંત્તિને અપ્રિય ગણવામાં આવતી હતી, પરંતુ હવે આપણા જમાનામાં માલ-દૌલત તો મોમીનની ઢાલ છે.' આપ ફરમાવો છો કે- 'આપણી પાસે દિરહમ અને દિનાર (નાણાં)ના હોત તો બાદશાહો- શહેનશાહો આપણને તેમના રૂમાલ (મોઢું લુછવા) બનાવી દેત.' પરંતુ સમયે કરવટ (પડખું) બદલ્યું છે. આજે તો એવો જમાનો આવ્યો છે, કે જો કોઈ શખસ જરૂરતમંદ હશે અથવા કોઈ વ્યક્તિ પોતાના લાભાલાભ માટે ધર્મને વેચી મારવા સુધ્ધાં સહેજે ખચકાશે નહીં.

'મિશ્કાત'માં હઝરત સૂફિયાન આગળ ફરમાવે છે કે- 'હલાલ (ઈમાનદારીપૂર્વક)ની કમાણીમાં નકામો વ્યય થતો જ નથી.' ટૂંકમાં સારાંશ એ નીકળે છે, કે જાઈઝ (હક્ક)ના સાધનોથી ધનસંપત્તિ મેળવો તથા ઘરખર્ચ અને બીજા સારા કામોમાં વાપરીને સૃષ્ટિના સર્જનહારને રાજી કરો. ઈસ્લામ ધર્મમાં જેટલી પણ ઈબાદતો છે, બધાનો આધાર નિય્યત (દાનત) પર અવલંબે છે. નેક ઈરાદા-આશયથી કરેલ દરેકે દરેક કાર્ય અલ્લાહના દરબારમાં સ્વીકાર્ય બને છે. તેના મીઠા ફળ આ દુનિયામાં તો મળે છે, પરંતુ આખેતરમાં પણ મળે જ છે.

નિખાલસતાપૂર્વક કરેલી ઈબાદત, ધંધોરોજગાર, સગાં-સંબંધીઓ સાથેના વ્યવહાર કુદરતી આફતો સામે ઢાલ બને છે. બંદાના આમાલ (કર્મ) થતા હોવાના લીધે જ ખુદાવંદે કરીમનો ઈન્સાનઝાત પરનો વિશ્વાસ હજુ ટકી રહ્યો છે. આ કર્મો જ આકાશના થાંભલા છે. તેમાં વધારો થતો રહેશે.

**- સલિમ- સુલેમાન**

**બોધઃ**

જે ઈન્સાનના અંગમાં સમસ્ત જગતને અત્યંત પ્રિય લાગે એવું શીલ (સ્વભાવ, ચારિત્ર્ય) પ્રકટ થયું છે તેને માટે અગ્નિ જળ જેવો શીતળ બની જાય છે, મેરુ પર્વત નાનકડી શિલા જેવો, સિંહ મૃગજળ જેવો અને ઝેર અમૃતની વૃષ્ટિ સમાન બની જાય છે.

***

**ઈલ્મ અમલનું જ્ઞાન આપે છે**

પયગંબર હઝરત મુસા અલૈયહિ સલ્લામ (અલ્લાહ તરફથી આપના પર શાંત રહે- સલામહોજો)ને ચાહનારો એક શખસ હંમેશાં તેમની સાથે રહેતો હતો અને ઈલ્મ (જ્ઞાન, વિદ્યા) મેળવતો હતો. લાંબા સમય પછી તેણે હઝરત મુસા અલૈયહિસલ્લામ પાસે પોતાના ઘરે જવાની રજા માંગી.

પયગંબર હઝરત મુસા અલૈયહિ સલ્લામે તે શિષ્યને રજા આપી અને ફરમાવ્યું- 'જાવ તમારા ભાઈઓ, સગાંસંબંધીઓ, કુટુંબીજનોને મળો; પરંતુ એક વાત ખાસ યાદ રાખજો કે અલ્લાહે તમને જે ઈલ્મ- જ્ઞાન આપ્યું છે તેના પર તમારા ઈલ્મ પ્રમાણે અમલ કરજો અને ઈલ્મના બદલામાં દુનિયાની ઈચ્છા નહીં કરતાં, નહીંતર નુકસાન ઉઠાવશો.'

તે શાગીર્દે કહ્યું- 'મને અલ્લાહ પાસેથી ભલાઈની ઉમ્મીદ (આશા) છે.'

તે શિષ્ય ચાલી ગયો અને લાંબા સમય સુધી પયદંબર હઝરત મુસા અલૈયહિ સલ્લામ પાસે પાછો ફર્યો નહીં. હઝરત મુસા અલૈયહિ સલ્લામ તેના વિશે લોકોને પૂછપરછ કરતા રહ્યા પરંતુ તેના કોઈ ખબર મળ્યા નહીં. એક દિવસ આપ હઝરતે ફરિશ્તા હઝરત જીબ્રઈલ અલૈયહિ સલ્લામને પૂછયું- 'તમે મારા ફલાણા શાગીર્દને જોયો છે?'

હઝરત જીબ્રઈલ અલૈયહિ સલ્લામે કહ્યું- 'હુઝૂર! તે મસ્ખ થઈને વાંદરો બની ગયો છે.'

હઝરત મુસા અલૈયહિ સલ્લામે ફરમાવ્યું- 'તેણે શું ગુનાહ કર્યા હતા?'

હઝરત જીબ્રઈલે અર્ઝ (વિનંતી) કરી- અલ્લાહે તેને ઈલ્મોજ્ઞાન અતા કર્યું હતું, પરંતુ તેણે તે ઈલ્મોજ્ઞાનને દુનિયાના બદલામાં વેચી દીધું, તેથી તેને અલ્લાહતઅલ્લાએ મસ્ખ (શકલો સુરત, ચહેરામોહરા, નાક-નકશો બદલી નાખી વાંદરો બનાવી દીધો. (નોંધઃ અરબી ભાષામાં તેને 'મસ્ખ' શબ્દથી સંબોધવામાં આવે છે.)

**સાપ્તાહિક સંદેશ**

* ઉપકાર કરવો એ શ્રેષ્ઠ ધર્મ છે.
* પોતાનું કર્મ નિપુણતાપૂર્વક કરવું એ શ્રેષ્ઠ અર્થ છે.
* યોગ્ય પાત્રને (આપવા યોગ્ય હોય તેને) આપવું એ શ્રેષ્ઠ કામ (ઈચ્છા તૃપ્તિ છે અને
* સર્વ તૃષ્ણાઓ છોડી દેવી તે મોક્ષ છે. ■

# કિમ જોંગ ઉન 30 સરકારી અધિકારીઅને ફાંસીના માંચડે ચડાવશે

સિઓલઃ ઉત્તર કોરિયાનો સરમુખત્યાર વડા કિમ જોંગ ઉન એક કે બીજા કારણે હંમેશાં ચર્ચામાં રહે છે, ત્યારે હવે કિમ એક કથિત ક્રૂરતાપૂર્ણ આદેશ આપવા માટે ચર્ચામાં આવ્યા છે. ઉત્તર કોરિયામાં તાજેતરમાં વિનાશક પુર આવ્યું હતું. પૂરમાં એક હજારથી વધુ લોકોનાં મોત થયા છે. પૂરને રોકવામાં નિષ્ફળ રહેવા બદલ કિમએ લગભગ ૩૦ સરકારી અધિકારીઓને ફાંસીની સજાનો આદેશ આપ્યો છે, દક્ષિણ કોરિયાના મીડિયાએ અહેવાલ આપ્યો છે.

ઉત્તર કોરિયાના ચાગાંગ પ્રાંતમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે હજારો લોકોનાં મૃત્યું થયાં હોવાના અહેવાલ છે, લોકો ઇજાગ્રસ્ત અને બેઘર થયા છે. દક્ષિણ કોરિયાની એક મીડિયા ચેનલે અહેવાલ આપ્યો છે કે, ઉત્તર કોરિયાના પ્રશાસને એ લોકો સામે કડક પગલાં લેવાનું વચન આપ્યું છે, જેઓ કથિત રીતે જાનહાનિને રોકવામાં નિષ્ફળ નીવડ્યા હતા.

મીડિયા ચેનલે ઉત્તર કોરિયાના એક અધિકારીને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આ અસ્વીકાર્ય જાનહાનિ માટે જવાબદાર લોકોને કડક સજાનો સામનો કરવો પડશે. અહેવાલમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગયા મહિનાના અંતમાં પૂર પ્રભાવિત વિસ્તારના ૨૦ થી ૩૦ અધિકારીઓને એક સાથે ફાંસી આપવામાં આવી હતી. નોંધનીય છે કે ઉત્તર કોરિયા સરકારની નીતિઓને કારણે માહિતી આંતરરાષ્ટ્રીય મીડિયા સુધી પહોંચી શકતી નથી. પરંતુ ઉત્તર કોરિયાની સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે કિમ જોંગ ઉને ચીનની સરહદ નજીક આવેલા ચાગાંગ પ્રાંતમાં આવેલા વિનાશક પૂરને પગલે અધિકારીઓને ''સખત સજા'' કરવાનો આદેશ આપ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ૧૩૧ શહેરમાં

કરોડની ઈનામી રાશિ, ટ્રોફી અને પ્રમાણપત્ર સુરતના મેયર અને મ્યુ. કમિશનરને અર્પણ કરાશે.

ભારતના શહેરોમાં હવાની ગુણવત્તામાં સુધારો કરવા માટે નોન-એટેન્મેન્ટ શહેરોના પ્રયાસોને મૂલ્યાંકન કરવા અને હવાના રજકણોમાં ૩૦ % ઘટાડાના લક્ષ્યાંક સાથે કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૯ માં સ્વચ્છ વાયુ સર્વેક્ષણની નવી પહેલ શરૂ કરવામાં આવી હતી. શહેરોનું મુલ્યાંકન મુખ્યત્વે ૦૮ પરિબળોને આધારે થાય છે. જેમાં ઘનકચરાનું વ્યવસ્થાપન, રોડ ડસ્ટ, બાંધકામ અને ડિમોલિશન કચરામાંથી ઉત્પન્ન થતી ધૂળ, વાહનોનું ઉત્સર્જન, ઔદ્યોગિક ઉત્સર્જન, જનજાગૃતિના કાર્યક્રમો અને હવાની ગુણવત્તામાં સુધારો જેવા પરિમાણો સામેલ હોય છે. ■

### પેન્શનના નિયમમાં

સભ્યો, અને પેન્શનરની જરૂરિયાતોને બહેતર ઢંગથી પરિપૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ અને અધિક મજબૂત, ઉત્તરદાયી અને ટેક્નિકલ રીતે સક્ષમ સંગઠનમાં બદલવાના અમારા પ્રયાસોમાં એક મહત્ત્વનું પગલું છે.

તેમણે કહ્યું હતું કે સીપીપીએસ પ્રણાલીથી ૭૮ લાખથી વધારે ઈપીએસ પેન્શનરને લાભ થશે. આઈટી અને બૅન્કિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પેન્શનરને માટે વધારે કુશળ, બેરોકટોક અને યુઝરના સાનુકૂળ અનુભવ પ્રદાન કરશે.

અહીં ઉલ્લેખનીય છે કે સીપીપીએસ પેન્શન પેમેન્ટ ઓર્ડરને એક કાર્યાલયથી બીજા કાર્યાલયમાં ટ્રાન્સફર કરવાની જરૂર નહીં પડે અને આખા ભારતમાં ક્યાંય પણ પેન્શનનું પેમેન્ટ કરશે. પેન્શનર પોતાની શાખા કે સ્થાન બદલશે તો પણ તેમને આ લાભ મળશે. આ સુવિધા આઈટી આધુનિકીકરણ પ્રોજેક્ટ સેન્ટ્રલાઈઝ્ડ આઈટી ઈનેબલ્ડ સિસ્ટમના ભાગરૂપે લોન્ચ કરાશે. પછીના તબક્કામાં આને સીપીપીએસ આધાર-આધારિત પેમેન્ટ સિસ્ટમમાં પરિવર્તિત કરાશે. ■

### ભારત અને બ્રુનેઈ

કરોડ ભારતીયો વતી બ્રુનેઈને ૪૦મા સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છા આપી હતી. બનવાજોગ ભારત અને બ્રુનેઈ ૪૦ વર્ષની સફળ દ્વિપક્ષી ભાગીદારીની ઉજવણી કરી રહ્યા છે.

બંને દેશ વચ્ચેના ૪૦ વર્ષના સંબંધોની ઉજવણી વખતે જ મોદીની બ્રુનેઈની આ મુલાકાતને મહત્ત્વની માનવામાં આવી રહી છે. બંને દેશ વચ્ચેના સંબંધોને નવી ઐતિહાસિક ઊંચાઈએ લઈ જવામાં આવશે, એમ મોદીએ કહ્યું હતું.

બ્રુનેઈની આ મુલાકાત દરમિયાન મોદીએ બ્રુનેઈસ્થિત ભારતીય સમુદાયના લોકો સાથે પણ વાતચીત કરી હતી. મોદી બુધવારે બ્રુનેઈથી સિંગાપોર જવા રવાના થયા હતા. (એજન્સી) ■

### દિલ્હી પોલીસના

ઍન્ડ સાઇકોટ્રોપિક સબ્સન્સિસને લગતા કેસ નોંધાયા હતા. અંદાજે ૬૫ કિલોગ્રામ હેરોઇન, ૧.૯ કિલોગ્રામ કોકેઇન અને ૨,૨૫૮ કિલોગ્રામ ગાંજો અન્ય કેફી પદાર્થો જપ્ત કરાયા હતા. એડિશનલ સીપી સંજય ભાટિયા. એસીપી અનિલ શર્મા અને અન્ય પોલીસ અધિકારીઓના નેતૃત્વ હેઠળ તાજેતરમાં દરોડા પડાયા હતા. ■

### ગુજરાતમાં કુલ

વલસાડના પારદી, ઉમરગામ અને કપરાડા,સુરતના માંગરોળ, માંડવી અને મહુવા, નવસારીના ખેરગામ, કચ્છના રાપર અને તાપીના સોનગઢ તાલુકામાં ૨ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજ્યના આશરે ૩૦ તાલુકામાં એક ઇંચથી વધુ તેમજ ૧૪૯ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યના કુલ ૧૯૮ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો. ■

### ટેક્સાસમાં

હતી. દર્શિનીના પિતા એક્સ પર પોસ્ટ કરી વિદેશ પ્રધાન એસ જયશંકરને ટેગ કરીને તેમની પુત્રીને શોધવામાં મદદ માગી હતી. તેમણે લખ્યું કે મારી પુત્રી દર્શિની વાસુદેવન ભારતીય પાસપોર્ટ નંબર-ટી૬૨૧૫૫૫૯ ધરાવે છે તે છેલ્લા ૩ વર્ષથી યુએસએમાં છે, બે વર્ષ એમએસ અભ્યાસ અને પછી એક વર્ષથી નોકરી કરે છે અને ટેક્સાસમાં રહે છે.''

તેમણે લખ્યું કે, ''મંગળવારે સાંજે તે ત્રણ અન્ય લોકો સાથે ત્રણ વાગ્યાની આસપાસ કાર પૂલિંગની મદદથી નીકળી હતી અને સાંજે ચાર વાગ્યા સુધી તે મેસેજ કરી રહી હતી અને સાંજે ચાર વાગ્યા પછી ફોન પર સંપર્ક થઇ શક્યો નથી અને તેની સાથે મુસાફરી કરી રહેલા અન્ય ત્રણ લોકો સાથે પણ કોઈ સંપર્ક સ્થાપિત થઈ શકાયો ન હતો.''

અહેવાલ મુજબ ઝડપથી આવી રહેલી એક ટ્રકે પીડિતોની એસયુવીને પાછળથી ટક્કર મારી હતી. વાહનમાં આગ ભભૂકી ઉઠ્યા બાદ તેમાં સવાર લોકો બળીને ખાખ થઈ ગયા હતા.

પ્રશાસન પીડિતોની ઓળખની પુષ્ટિ કરવા માટે ડીએનએ પ્રિન્ટિંગ અને દાંત અને હાડકાના અવશેષો પર આધાર રાખી રહ્યા છે. એક સ્થાનિક અધિકારીએ જણાવ્યું હતુ ''મૃતદેહોની ઓળખ કરવા માટે ડીએનએ પ્રિન્ટિંગ કરવામાં આવશે, અને નમૂનાઓ માતાપિતા સાથે મેચ કરવામાં આવશે.'' ■

### કેરળના અભિનેતા

હતું કે પૌલી સામે અગાઉ આવી ફરિયાદ નોંધાઇ હતી, પરંતુ સંબંધિત સ્થાનિક પોલીસ સ્ટેશનમાંની ફરિયાદના અને મેડિકલ રિપોર્ટના અભાવને કારણે વધુ કાર્યવાહી નહોતી કરી.

અભિનેતા નિવિન પૌલીએ જણાવ્યું હતું કે પોલીસે દોઢ મહિના પહેલાં આ કેસ બંધ કર્યો હતો. મારી સામે એફઆઇઆર નોંધાયો હોવાથી હું સામી ફરિયાદ કરીશ. મારી સામેના આક્ષેપ ખોટા છે.

પોલીસે એફઆઇઆરમાં ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૪ (મહિલા પર હુમલો), ૩૭૬-ડી (બળાત્કાર), ૩૫૪-સી (જાતીય સતામણી જોઇને લૈંગિક તૃપ્તિ મેળવવી), ૪૫૦ (પરાણે કોઇની જગ્યામાં ઘૂસવું), ૩૪૨ (ગેરકાયદે પકડી રાખવું), ૩૭૬(૨)(એન) (એક મહિલા પર અનેક વખત બળાત્કાર કરવો), ૫૦૬ (ડરાવવું, ધમકાવવું), ૩૪ (અનેક લોકો દ્વારા વારંવાર સામૂહિક બળાત્કાર કરવો) હેઠળ ગુના નોંધ્યા છે. ■

### નાઈજિરિયામાં

હરામના આતંકવાદીઓએ કરેલા હુમલાઓમાં ૩૫,૦૦૦ કરતા પણ વધુ લોકોએ જીવ ગુમાવ્યા હોવા ઉપરાંત ૨૦ લાખ કરતા પણ વધુ લોકો સ્થળાંતર કરી ગયા છે.

નાઈજિરિયામાં હજુ પણ વસી રહેલા લાખો લોકો માનવીય અને વિદેશ સહાય પર આશાભરી મીટ માંડી રહ્યા છે.

બોકો હરામ જૂથના સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાઓમાં આ વરસે અત્યાર સુધીમાં ૧,૫૦૦ કરતા પણ વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. હજુ પણ અનેક લોકો ગુમ છે. ગુમ થયેલા લોકોની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

બોકો હરામના આતંકવાદીઓએ આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. આતંકવાદીઓની ગતિવિધિઓ અંગે ગામવાસીઓ વહીવટી તંત્રને જાણકારી આપતા હોવાનું જણાઈ આવ્યા બાદ બોકો હરામના આતંકવાદીઓએ આ ગામ પર હુમલો કર્યો હતો.

ગામવાસીઓ વહીવટી તંત્રને આતંકવાદીઓની ગતિવિધઓ અંગે જાણકારી આપતા હોવાને કારણે બોકો હરામના અનેક સભ્ય ઠાર મરાયા હતા તેનો બદલો લેવા આ હુમલો કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

ગણેશ ફેસ્ટિવલ શોપિંગ

મહિલા અને નાના ઉદ્યોગસાહસિક દ્વારા ઉત્પાદન કરાયેલ ઘરગથ્થુ ઉત્પાદનનું વેચાણ

ભવ્ય ગ્રાહક પેઠ

એક્ઝિબિશન સહ વેચાણ
૨૩ ઑગસ્ટ થી ૫ નવે.
ડૉ. એન્ટોનિયા ડી'સિલ્વા સ્કૂલ ગ્રાઉન્ડ, સર્વોદય સુપર માર્કેટ સામે, રાનડે રોડ, દાદર(પ.) સવારે ૧૦.૩૦થી રાત્રે ૯ વાગ્યા સુધી
તમારી મુલાકાત, અમારું પ્રોત્સાહન

• સાડી • મહારાષ્ટ્રીયન, પૈઠની • તૈયાર બ્લાઉઝ જેકેટ • વન પીસ • લખનૌ ડ્રેસીસ • કોલકાટા • ભાગલપુરી • બનારસી • કુર્તીજ • સફેદ કુર્તી • ડ્રેસ મટિરિયલ • ખાદી શર્ટ • ટી-શર્ટ કુર્તીસ ગાઉન • બેડ શીટ • રજાઈ • ટુવાલ • પાંચે • ઈકત, જયપુરી, ડેનિમ, બાટિક, ફેન્સી કુર્તીસ • ઓર્ગેનાઈઝર • વારલી ડ્રેસીસ • મેલામાઈન • કોકરી • મુખવાસ • નાસિક ચિવડા • મગની દાળ શેવ • શ્રીપ્રસાદ ઉખાલમાં પાઉન્ડ કરેલ ચટણી • વિવિધ પ્રકારના કુદરતી મધ • મસાલા, ચટણી, ચાસણી • મંચુરિયન મસાલા • ફરસાણ • ભેટ આપવાની વસ્તુ • મસાજર

• આરોગ્ય ઉત્પાદનો • ડિઝાઈનર જ્વેલરી • ડેકોરેટિવ આર્ટિકલ • જંતુ નિયંત્રણ • કિચન વેર • ડિઝાઈનર ચંપલ • નેમ પ્લેટ/ફોટો ફ્રેમ્સ • આયુર્વેદિક ઉત્પાદન • પંચકાવ્ય અગરબત્તી અને ધૂપ • અત્તર • સુશોભન ફ્રેમ્સ • ફોલ્ડિંગ/સ્ટડી ટેબલ સ્પેસ સેવર હેન્ગર • ડોર મેટ • ફ્રિજ/ટીવી/સોફા કવર • સાવંતવાડીના લાકડાનાં રમકડાં, કુદરતી લાકડું • લિકાનાટ : ફ્રાય ફ્રૂટ્સ અને વુડ સ્ટેન ઓઈલ

મધુરા ઈન્સ્ટન્ટ ફૂડ પ્રોડક્ટ્સ શિલાતાઈ, માલવણી, શેકેલા ખોરાક ઉત્પાદનો, દક્ષિણ પાપડ, કેરળનો હલવો, મધ, દ્રાક્ષ, ટકલે બંધુ મસાલા, બિસ્કિટ, લાડુ

બાસ અને બિકા પ્રોડક્ટ્સ, નોનસ્ટિક એક્સચેન્જ ઑફર્સ

લકી ડ્રો દ્વારા આકર્ષક ઈનામો જીતો

વ્યાજબી દરે ઘણી વધુ આકર્ષક અને ઉપયોગી ઉત્પાદનો | ડેબિટ અને ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
આગામી ગ્રાહક પેઠ નવરાત્રી વિશેષ: ૩ થી ૧૪ ઑક્ટો. લક્ષ્મી નારાયણ પ્રસાદ લૉન, વિલેપાર્લે (ઈ)
Organize by Smita Purohit 9820816617 Manjusha 9920974024

# એસટી કર્મચારીઓ પર સીએમ મહેરબાનઃ પાંચની સામે સાડાછ હજાર રૂપિયા પગાર વધાર્યો, હડતાળનો અંત

મુંબઈઃ સ્ટેટ ટ્રાન્સપોર્ટ એટલે કે એસટી કર્મચારીઓ દ્વારા ચાલી રહેલી હડતાળ બુધવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની તેમના નેતાઓ સાથે થયેલી બેઠક બાદ પાછી ખેંચવામાં આવી હતી. સરકારે એસટી કર્મચારીઓની માગણી માન્ય કરતા આ હડતાળ પાછી ખેંચવાની જાહેરાત કરવામા આવી હતી.

સરકારે એસટી કર્મચારીઓની મૂળ વેતનમાં સાડા છ હજાર રૂપિયાના વધારાની માગણી સ્વીકારી હતી. એસટી કર્મચારીઓની હડતાળને પગલે મુખ્ય પ્રધાન શિંદેની અધ્યક્ષતા હેઠળ સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે એક મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી, જેમાં એસટી કામગાર સંયુક્ત કૃતિ સમિતિનું શિષ્ટમંડળ પણ હાજર રહ્યું હતું.

આ ઉપરાંત ભાજપના વિધાનસભ્યો, એસટી કષ્ટકરી જનસંઘના જયશ્રી પાટીલ સહિતનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં હાજર ભાજપના વિધાનસભ્ય ગોપીચંદ પડળકરે આ નિર્ણય વિશે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતનો હું મનથી આભાર વ્યક્ત કરું છું.

રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ જ એસટીના કર્મચારીઓને પણ વેતન આપવામાં આવે એવી અમારી માગણી હતી. જે કર્મચારીઓને નવેમ્બર ૨૦૨૧માં અઢી હજાર, ચાર હજાર અને પાંચ હજાર રૂપિયાનો વેતનવધારો આપવામાં આવ્યો હતો તેમને એકસાથે સાડા છ હજાર રૂપિયાનો વેતન વધારો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે એસટી કર્મચારીઓની પાંચ હજાર રૂપિયાની મૂળ વેતનમાં વધારાની માગણી હતી, જેના બદલે સરકારે તેમને સાડ છ હજાર રૂપિયાનો વેતન વધારો આપ્યો છે.

જોકે ગઈ કાલે સતત બીજે દિવસે પણ મોટા ભાગની એસટીની બસો બંધ રહી હોવાને કારણે ગણેશોત્સવ નિમત્તે પોતપોતાના ગામ જવા નીકળેલા હજારો પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગઈ કાલે પણ એસટી બસોના મોટા ભાગના ડેપોમાંથી બસ દોડી નહોતી જેને કારણે મુસાફરોમાં ખાસ્સો રોષ જોવા મળી રહ્યો હતો. ■

### ઘાટકોપર હોર્ડિંગ દુર્ઘટનાની સાઈડ ઈફેક્ટ

# રેલવેએ આખરે ચાર હોર્ડિંગને હટાવ્યા, ૧૪ની સાઈઝ ઘટાડી

મુંબઈઃ ઘાટકોપર હોર્ડિંગ દુર્ઘટનાની સુપ્રીમ કોર્ટે પણ નોંધ લીધા બાદ હવે આ દુર્ઘટનામાંથી પાઠ ભણતા હોય એમ મધ્ય રેલવે પ્રશાસને પણ પગલાં ભર્યાં છે. રેલવે ટ્રેક પાસેનાં ચાર વિશાળ હોર્ડિંગ્સ હટાવવાનો નિર્ણય મધ્ય રેલવેએ કર્યો છે. અન્ય ૧૪ હોર્ડિંગ્સનું કદ ઘટાડવામાં આવ્યું છે. આરટીઆઇ એક્ટિવિસ્ટ અનિલ ગલગલીએ જણાવ્યું હતું કે આ અંગેની જાણકારી માહિતી અધિકારના કાયદા દ્વારા મેળવવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર મધ્ય રેલવેએ ચાર વિશાળ હોર્ડિંગ્સ હટાવી દીધા છે એવી જાણકારી આપી આરટીઆઇ એક્ટિવિસ્ટ અનિલ ગલગલીએ ઉમેર્યું હતું કે ૧૪ હોર્ડિંગ્સનું કદ ઘટાડવામાં આવ્યું છે. જોકે, પશ્ચિમ રેલવેએ માગેલી માહિતી સ્પષ્ટ ન હોવાથી વધુ વિગત નથી આપી શકાઈ. ગલગલીએ સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કરવામાં આવેલી કાર્યવાહી અંગે મધ્ય રેલવે પાસે માહિતી માગી હતી. મધ્ય રેલવેના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અરુણ કુમારે આ અંગેની કાર્યવાહીની જાણકારી આપી છે. સૂચિમાંના ૧૮ હોર્ડિંગમાંથી ચારને કાયમી ધોરણે દૂર કરવામાં આવ્યા છે. તેમાં સેન્ડહર્સ્ટ રોડ (૩,૨૦૦ ફૂટ), ચુનાભટ્ટી (૩,૨૦૦ ફૂટ) અને તિલક નગરમાં બે સ્થળના (૧,૫૯૮ ફૂટ) હોર્ડિંગનો સમાવેશ થાય છે. મેસર્સ રોશન સ્પેસના બે હોર્ડિંગ્સ છે જ્યારે મેસર્સ પાયોનિયર અને મેસર્સ અલખ પાસે એક - એક હોર્ડિંગ છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કરવામાં આવેલી કાર્યવાહી અંગે મધ્ય રેલવેએ માહિતી આપી હતી. ■

# સગીર સાથે દુષ્કર્મઃ નરાધમને ઢોરમાર મારી પોલીસને હવાલે કરાયો

મુંબઈઃ માનખુર્દ વિસ્તારમાં ૧૨ વર્ષના સગીર સાથે દારૂડિયાએ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. સ્થાનિકોએ આરોપીને પકડીને ઢોરમાર માર્યો હતો અને બાદમાં તેને પોલીસને હવાલે કર્યો હતો. સગીરના પરિવારે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સોમવારે સાંજે આ ઘટના બની હતી. આરોપીની ઓળખ શરદ સાબળે તરીકે થઇ હોઇ તે માનખુર્દમાં રહે છે. સગીર સાંજે ઘરે આવ્યો ત્યારે તે ગભરાયેલો હતો. પરિવારે પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે ઘરની થોડે દૂર તેને અકો નામનો યુવક મળ્યો હતો. અકો તેને સોનાપુર વિસ્તારમાં લઇ ગયો હતો, જ્યાં તેણે દુષ્કર્મ આચર્યું હતું.

દરમિયાન પરિવારજનોએ આરોપીની શોધ ચલાવતાં તે નશામાં ચૂર મળી આવ્યો હતો. પોતે દારૂના નશામાં હતો અને સગીરને સાથે લઇ ગયો હતો, એવું આરોપીએ જણાવ્યું હતું. આરોપીનો જવાબ સાંભળીને પરિવારજનો રોષે ભરાયા હતા. પરિવારજનો તથા સ્થાનિકોએ આરોપીને ઢોરમાર માર્યો હતો અને બાદમાં પોલીસને હવાલે કર્યો હતો.

પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે ઘટનાના છ કલાક બાદ એફઆઇઆર દાખલ કર્યો હતો. તબીબી તપાસ ન કરતાં સગીરને મોડી રાત સુધી પોલીસ સ્ટેશનમાં બેસાડી રખાયો હતો. આરોપી સાબળેની ધરપકડ કર્યા બાદ તેની તબીબી તપાસ કરાઇ હતી, જેમાં દુષ્કર્મ આચર્યુ હોવાનું સામે આવ્યું હતું. ■

# બિસ્કિટ ફેક્ટરીમાં મશીનના બૅલ્ટમાં ફસાતાં બાળકનું મોત

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં આવેલી બિસ્કિટ ફેક્ટરીમાં મશીનના બૅલ્ટમાં ફસાતાં ત્રણ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું.

પોલીસના કહેવા મુજબ અંબરનાથમાં સોમવારે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા બાળકની ઓળખ આયૂષ ચૌહાણ તરીકે થઇ હતી.

આયૂષની માતા બિસ્કિટ ફેક્ટરીમાં ટિફિક સેવા પૂરી પાડતી હોવાથી સોમવારે તે માતા સાથે ત્યાં ગયો હતો. આયૂષ મશીનના બૅલ્ટ પર બિસ્કિટ ઉપાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તે બૅલ્ટમાં ફસાઇ ગયો હતો. ફેક્ટરીના કર્મચારીઓએ આયૂષને બહાર ખેંચી કાઢ્યો હતો અને બાદમાં તેને સારવારાર્થે નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. અંબરનાથ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહું હતું કે બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ આ પ્રકરણે અમે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# કરોડોની સોપારીની દાણચોરીઃ એકની ધરપકડ કરાઇ

મુંબઈઃ ઔદ્યોગિક ઉત્પાદનો (એલએલડીપી) અને ડામરની આડમાં દાણચોરીથી મુંબઈમાં લાવવામાં આવેલી રૂ. ૯.૨૩ કરોડની સોપારી કસ્ટમ્સ દ્વારા જપ્ત કરવામાં આવી હતી અને આ પ્રકરણે ભારતીય નાગરિકની ધરપકડ કરાઇ હતી.

ઔદ્યોગિક ઉત્પાદનો અને ડામર તરીકે માલ જાહેર કરીને ઉચ્ચ ગુણવત્તાની સોપારીઓની દાણચોરી થઇ રહી છે અને તે દિલ્હીના તુઘલખાબાદ ખાતે પહોંચાડવામાં આવશે, એવી માહિતીને આધારે જવાહરલાલ નેહરુ કસ્ટમ હાઉસ (જેએનસીએ) દ્વારા ન્હાવા શેવા બંદર પર તપાસ કરવામાં આવી હતી.

એ સમયે પંદર કન્ટેઇનરોનાં બે કન્સાઇનમેન્ટમાંથી સોપારીનો જથ્થો મળી આવ્યો હતો, જેની ટેરિફ વેલ્યૂ રૂ. ૯.૨૩ કરોડ હોવાનું જણાયું હતું.

વિદેશની કંપનીના સપ્લાયરે ભારતીય મૂળના હર્ષ રાજ્યગુરુને નામે આ માલની નિકાસ કરી હતી, એમ કસ્ટમ્સના અધિકારીએ જણાવ્યું હતું.

આ દાણચોરીમાં રાજ્યગુરુની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી હતી એવી જાણકારી મળતાં તેની વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યું હતું. આને આધારે આખરે બ્યૂરો ઓફ ઇમિગ્રેશન દ્વારા ગોવા એરપોર્ટ પર રાજ્યગુરુને આંતરવામાં આવ્યો હતો અને બાદમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે જેએનસીએચ રાયગડ જિલ્લાના ન્હાવા શેપામાં છે, જે ન્હાવા શેવા બંદર ખાતે આયાત અને નિકાસના કાર્ગો ક્લિયરન્સ હાથ ધરવા માટે જવાબદાર છે. આ બંદર જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટીના વહીવટ હેઠળ આવે છે. (પીટીઆઇ) ■



શ્રી મંગલચંદ બાપુભાઇ જવેરી

ઉ. વ. ૮૭, તે સ્વ. બાપુભાઇ તથા સ્વ. સુશીલાબેન જવેરીના સુપુત્ર, તે સ્વ. હંસાબેન જવેરી ના પતી તથા સ્વ. ચીમનલાલ તથા સ્વ. મંજુલાબેન ઝવેરીના જમાઈ.

દિવ્યેશ, કેતન તથા આશિષ ના પિતા ધારિણી, છાયા તથા જાસ્મીન ના સસરા.

ખ્યાતિ, નમિત, ઈશાન, દર્શિત, અનિકા તથા મિલોની ના દાદા. હેતલ, કૃપા, તૃષા તથા નિશાંતકુમાર ના દાદા સસરા.

હિયન, થીયા, ધનવિર તથા તીર્થ ના પરદાદા તા. ૩૧/૦૮/૨૦૨૪ શનિવાર ના રોજ અરિહંતશરણ પામ્યા છે.

લૌકિક વ્યવહાર બંધ છે



**જાગરૂકતા...:** વૈશ્વિક સ્તરે સપ્ટેમ્બર મહિનો ઈન્ટરનેશનલ ચાઈલ્ડહૂડ કેન્સર અવેરનેસ મહિના તરીકે ઉજવાય છે ત્યારે બુધવાર સીએસએમટી અને પાલિકા મુખ્યાલયને સોનેરી લાઈટિંગથી સજાવવામાં આવ્યાં હતા. બિનસરકારી સંસ્થા દ્વારા બાળકોમાં થતા કેન્સર અંગે જાગરૂકતા ફેલાવવામાં આવી હતી. (અમય ખરાડે)

# નવી મુંબઈમાં તિરુપતિ બાલાજીની પ્રતિકૃતિરૂપ મંદિરનો પાયાનો પથ્થર મુકાયો

થાણેઃ નવી મુંબઈ સ્થિત ઉલવે ખાતે બુધવારે તિરુમાલા તિરુપતિ દેવસ્થાન (ટીટીડી)ના અધિકારીઓ અને ઈન્ડસ્ટ્રિયલિસ્ટ ગૌતમ સિંઘાનિયાની હાજરીમાં ભગવાન શ્રી વેન્કટેશ્વરને સમર્પિત બાંધવામાં આવનારા મહા મંદિરના બાંધકામ માટે પહેલો પથ્થર રાખવામાં આવ્યો હતો.

આંધ્ર પ્રદેશમાં આવેલા તિરુપતિ મંદિરમાં સ્થિત પ્રસિદ્ધ બાલાજી મંદિરની પ્રતિકૃતિ એવા ભવ્ય મંદિરનો શિલાન્યાસ ૭મી જૂન, ૨૦૨૩ના રોજ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને તેમના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં કરવામાં આવ્યો હતો.

૧૦ એકર જમીનમાં આ મંદિર બનાવવામાં આવશે, જેને રાજ્ય સરકારે ફાળવી છે. નવી મુંબઈમાં શ્રી ભગવાન વેંકટેશ્વર મંદિર એક એવો પ્રોજેક્ટ છે જે પ્રદેશના ભક્તો માટે અત્યંત સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે.

આ મંદિર ભારતના સમૃદ્ધ ધાર્મિક વારસાના જતન અને સંવર્ધન માટેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે.(પીટીઆઈ) ■

# રેસકોર્સ પરના તબેલા દૂર કરાશેઃ ₹ ૧૦૦ કરોડની નુકસાન ભરપાઇ

મુંબઈઃ મહાલક્ષ્મી ખાતેના રેસકોર્સની ૧૨૦ એકરની જગ્યા પાલિકાના કબજામાં આવી ગઇ હોવાથી હવે મુંબઈ સેન્ટ્રલ પાર્ક તૈયાર કરવાની પ્રક્રિયાને ગતિ મળશે. જોકે આ પાર્ક બનાવતી વખતે અહીંના તબેલાઓ અડચણ બનવાના છે. અહીંના ૬૫૦માંથી ૨૫ ટકા એટલે કે ૧૬૨ તબેલા દૂર કરવામાં આવશે. આ તબેલાના બદલે પાલિકા રૉયલ ક્લબને અંદાજે ૧૦૦ કરોડ રૂપિયા નુકસાન ભરપાઇ તરીકે આપશે, એવી માહિતી પાલિકાનાં સૂત્રોએ આપી હતી. રેસકોર્સ ખાતેના રૉયલ વેસ્ટર્ન ઈન્ડિયા ટર્ફ ક્લબે ૯૨.૬૧ એકર જગ્યાનું નૂતનીકરણ કર્યું હતું. ત્યાર બાદ રૉયલ ક્લબે નક્કી કરેલા દરે ભાડું પાલિકાને ભર્યું હતું. આ જગ્યાએ ૧૨૦.૨૦ એકર જગ્યા પર મુંબઈગરાઓ માટે તમામ સુવિધાઓ સાથેનો મુંબઈ સેન્ટ્રલ પાર્ક પાલિકા તરફથી બનાવવામાં આવનાર છે. રેસકોર્સ પાસે વર્ષોથી મોટા પ્રમાણમાં તબેલાઓ છે. પાલિકાના તાબામાં આપવામાં આવેલી જગ્યા પર ૬૫૦ તબેલા છે જેમાંથી ૨૫ ટકા તબેલાને બાધિત થશે. તેથી આ તબેલા નવેસરથી બાંધવામાં આવશે. તબેલા બાંધવા માટે પાલિકાએ અંદાજે રૂ. ૧૦૦ કરોડ આપવા એવી માગણી રૉયલ ક્લબ તરફથી કરવામાં આવી છે. આ માગણીને પાલિકાએ સકારાત્મક રીતે લીધી છે અને ટૂંક સમયમાં જ રૉયલ ક્લબને રૂ. ૧૦૦ કરોડ ચૂકવવામાં આવશે. ■

### ઝૂંપડપટ્ટીનું પુનર્વસન

પાલિકાના તાબા હેઠળની રેસકોર્સની જગ્યા પર ૪૨૫ ઝૂંપડાં બનાવવામાં આવ્યાં છે. ઘણા વર્ષથી આ ઝૂંપડાઓ છે. મુંબઈ સેન્ટ્રલ પાર્કને કારણે આ ઝૂંપડાને દૂર કરવામાં આવશે. તેથી એસઆરએ દ્વારા આ ઝૂંપડાવાસીઓનું પુનર્વસન કરવામાં આવશે.

☎ APPOINTMENTS ☎

AMCO BANK
The Ahmedabad Mercantile Co.operative Bank Ltd.
(Multi State Scheduled Bank)
H.O. "Amco House," Nr. Stadium Circle, Navrangpura, Ahmedabad-380009
Ph: (079) 26426582/84/88

VACANCY for our MUMBAI Branches

Applications are invited for following Posts.

**(1) ASST.GENERAL MANAGER – 01 POST** **Qualification :** Graduate / MBA / CA / CS / ICMA /CAIIB, **Age :** Below 64 years, **Experience :** Minimum 15 years in middle / senior Management level in Pvt. / Public Sector / Co-op.Banks

**(2) MANAGER - 01 POST** **Qualification :** Graduate / Post Graduate / JAIIB / CAIIB, **Age :** Below 50 years, **Experience :** Minimum 10 years of working in Pvt. / Public Sector or Co-op.Banks of which 5 years should be as Sr. Officer / Manager of Branch.

**(3) CLERKS – 04 POST** **Qualification :** Graduate with First Class or Post Graduate, **Age :** Up to 28 years, **Experience :** Fresher can also apply. Preference will be given having working experience in bank. Candidate should be result oriented and should have basic knowledge of Technology/Finance/Credit as per post applied preferable.

Interested candidates may apply within **10 days** with salary drawn & expected alongwith complete bio-data and photograph by **e-mail: hr@amco-bank.com**

Date:05/09/2024 Chief Executive Officer

# સ્ટેશન પર વિદ્યાર્થિનીનો પીછો કરનારો પકડાયો

થાણેઃ ટિટવાલા રેલવે સ્ટેશન પર વિદ્યાર્થિનીનો કથિત પીછો કરનારા યુવાનની પોલીસે ધરપકડ કરી હતી. થાણેમાં રહેતી ૨૧ વર્ષની વિદ્યાર્થિની સોમવારે સાંજે ટ્રેનમાં ટિટવાલા ગઈ હતી. સ્ટેશન પર ઊતરીને બ્રિજ તરફ જઈ રહેલી યુવતીનો આરોપી નિખિલેશ હરદે પીછો કરી અયોગ્ય ટિપ્પણી કરી હતી. યુવતી સ્ટેશનની બહાર નીકળી ગઈ તો ત્યાં પણ આરોપીએ પીછો કરવાનું છોડ્યું નહોતું, એમ ફરિયાદમાં જણાવાયું હતું. કલ્યાણ જીઆરપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૮ હેઠળ એફઆઈઆર નોંધી આરોપીની મંગળવારની સવારે ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

દુઃખદ અવસાન



શ્રી સુધીરભાઈ અમૃતલાલ કોટક
ઉ. વર્ષઃ ૮૧

સ્વ. ઊર્મિ કોટકના પતિ

૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અવસાન પામેલ છે.

પ્રાર્થના સભાઃ
શુક્રવાર ૬ સપ્ટેમ્બર, ૨૦૨૪
સ્થળઃ
હૉલ ઓફ હાર્મની, નહેરૂ સૈંટર, વર્લી, મુંબઈ
સમયઃ સાંજે ૫.૩૦ થી ૭

ભાઈઃ સુરેશ અમૃતલાલ કોટક
ભાભીઃ ઈંદિરા સુરેશ કોટક
બેનઃ સ્વ. તરૂણા પ્રભુદાસ કોટેચા
બેનઃ ઉષા અરવિંદ માવાણી

પુત્રીઃ પ્રીતિ કોટક
પુત્રઃ મયૂર કોટક

અને
કોટક પરિવાર

# ભડકાઉ ભાષણોઃ ભિવંડીમાં નીતેશ રાણે સામે ગુનો

થાણેઃ તાજેતરના ભાષણોમાં 'મસ્જિદોમાં પ્રવેશી'ને મુસ્લિમોને મારવાની કથિત ધમકી આપવા બદલ થાણે જિલ્લાની પોલીસે ભાજપના વિધાનસભ્ય નિતેશ રાણે વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ભિવંડીની ભોઇવાડા પોલીસે મંગળવારે વિધાનસભ્ય વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૨ (કોઇ પણ વ્યક્તિની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડવાના ઇરાદાથી શબ્દો ઉચ્ચારવા) અને ૩૫૧ (ધાકધમકી) હેઠળ ગુનો દાખલ કર્યો હતો. અહમદનગર જિલ્લાના શ્રીરામપુર અને તોપખાના વિસ્તારમાં નિતેશ રાણેએ ૧ સપ્ટેમ્બરે હિન્દુ મહંત રામગિરિ મહારાજના સમર્થનમાં બે જાહેર સભાઓને સંબોધી હતી. ગયા મહિને ઇસ્લામ અને મહંમદ પયગંબર વિશે કથિત વાંધાજનક ટિપ્પણીઓ કરવા માટે મહંત રામગિરિ મહારાજ ચર્ચામાં આવ્યા હતા. નિતેશ રાણેએ એવી ચેતવણી આપી હતી કે જો મહારાજને કોઇ હાનિ પહોંચાડાશે તો તેના માઠાં પરિણામ આવશે. વાયરલ થયેલા વીડિયોમાં રાણે એવું બોલતા સંભળાય છે કે જો કોઇ મહારાજ વિરુદ્ધ કાંઇ પણ બોલશે તો 'અમે તમારી મસ્જિદોમાં ઘૂસીને તમને એક પછી એક મારશું. આને ધ્યાનમાં રાખજો.'

ભિવંડીથી આ કેસ અહમદનગર જિલ્લામાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો, કારણ કે ત્યાં કથિત ભડકાઉ ભાષણો આપવામાં આવ્યાં હતાં.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર નિતેશ રાણે વિરુદ્ધ અગાઉ પણ ધાકધમકી, ઇરાદાપૂર્વક શાંતિ ભંગ કરવા અને ધાર્મિક લાગણી દુભવવા બદલ શ્રીરામપુર અને તોપખાના પોલીસ સ્ટેશનમાં બે એફઆઇઆર દાખલ કરવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

## નવી મુંબઈના સ્પા પર પોલીસની કાર્યવાહી

થાણેઃ નવી મુંબઈમાં આવેલા સ્પા પર કાર્યવાહી કરી પોલીસે દેહવેપારમાં ધકેલવામાં આવેલી ત્રણ યુવતીને છોડાવી હતી. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલના સિનિયર અધિકારી પૃથ્વીરાજ ઘોરપડેએ જણાવ્યું હતું કે મળેલી માહિતીને આધારે સાનપાડાના સ્પા પર બુધવારે રેઇડ કરવામાં આવી હતી. સ્પામાં માલિશ કરનારી અમુક યુવતીઓને મૅનેજમેન્ટ દ્વારા દેહવેપાર માટે દબાણ કરાતું હોવાનું જણાયું હતું. આ પ્રકરણે સાનપાડા પોલીસ સ્ટેશનમાં મહિલા સહિત ત્રણ જણ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. આરોપીઓની ઓળખ રાકેશ પ્રમોદ પિંગળે (૩૮), નાઝિયા બંદેનવાઝ શેખ (૨૩) અને આકાશ લાલસિંહ ચૌહાણ (૨૫) તરીકે થઈ હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## માહુલવાસીઓને હજી સુધી ઘર નથી મળ્યાંઃ પ્રદૂષણમાં જ જીવન વિતાવી રહ્યાં છે પરિવારો

મુંબઈઃ માહુલમાં પ્રોજેક્ટગ્રસ્તોને અન્યત્ર પુનર્વસન કરવાનું આશ્વાસન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આપ્યું હતું. વૈકલ્પિક ઘરો માટે માહુલવાસીઓને રાહ જોવી પડવાની હોવાથી મુખ્ય પ્રધાને ઘરના પ્રશ્નને ગંભીરતાથી લેવો, એવી વિનંતી રહેવાસીઓએ કરી હતી.

એક જાહેર કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને માહુલવાસીઓને અન્યત્ર પુનર્વસન કરવામાં આવશે, એવું આશ્વાસન આપ્યું હતું. જોકે પ્રત્યક્ષ રીતે હજી સુધી કોઇ પણ હિલચાલ જોવા મળી નથી. પ્રદૂષણથી ત્રસ્ત અહીંના લોકોને ન્યાય ક્યારે મળશે, એવો સવાલ માહુલવાસીઓ કરી રહ્યા છે.

મહારાષ્ટ્ર સરકારે ૨૦૧૧માં માહુલ પ્રોજેક્ટ માટે કુર્લા પ્રીમિયર એચડીઆઈએલ ખાતે ૧૬૦૦ ઘર આપવાનો નિર્ણય લીધો હતો. મુંબઈ હાઈ કોર્ટે ૨૦૧૯માં માહુલમાં પુનર્વસિત કરેલાં કુટુંબોને સુરક્ષિત પ્રદૂષણ મુક્ત કાયમી સ્વરૂપે ઘર કે પછી કાયમી સ્વરૂપે ઘર મળે ત્યાં સુધી દર મહિને રૂ. ૧૫ હજારનાં ઘરભાડાં આપવાનું કહેવામાં આવ્યું હતું. અનેક સંઘર્ષોમાંથી ૨૦૨૧માં ૮૫૦ કુટુંબોને પુનર્વસિત કરવામાં આવ્યાં હતાં. તેઓનું જીવન પાટા પર છે. જોકે આજે પણ માહુલમાં પ્રદૂષણનું વર્ચસ્વ ઓછું થયું નથી. તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ ઘરોનું સમારકામ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે સરકાર બદલાયા બાદ એ કામ તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું હોવાનું માહુલવાસીઓએ જણાવ્યું હતું.

## રામગિરિ મહારાજ સામે પગલાં લો નહીં તો મુંબઈ મોરચો લાવીશુંઃ જલીલ

મુંબઈઃ મુસ્લિમ સમુદાયની લાગણીઓ દુભાવતું કથિત નિવેદન આપનારા રામગિરી મહારાજ વિરુદ્ધ પાંચ દિવસમાં સરકાર કાર્યવાહી ન કરે તો મુંબઈ મોરચો લઇ જવાની ચીમકી સાંસદ અસદુદ્દીન ઓવૈસીના પક્ષ એઆઇએમઆઇએમ (ઑલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન)ના નેતા ઇમ્તિયાઝ જલીલ દ્વારા આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સંત રામગિરી મહારાજે આપેલા નિવેદન બાદ તેમની વિરુદ્ધ અનેક ફરિયાદો નોંધાવવામાં આવી હતી.

ભૂતપૂર્વ સાંસદ રહી ચુકેલા ઇન્તિયાઝ જલીલે છત્રપતિ સંભાજી નગર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે રામગિરી મહારાજે ઇસ્લામ વિરુદ્ધ અમુક શબ્દોનો પ્રયોગ કર્યો હતો. તેમના નિવેદનના કારણે દેશભરના મુસલમાનોમાં આક્રોશ છે. એ જ દિવસે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તેમની બાજુમાં બેઠા હતા અને તેમને સુરક્ષા આપવાની વાત કરી રહ્યા હતા. અત્યાર સુધી આ મામલે રામગિરી મહારાજ વિરુદ્ધ ૫૮ એફઆઇઆર થઇ છે. રામગિરી મહારાજે નાસિકના સિન્નરમાં આપેલા નિવેદનનો બચાવ કરતા જણાવ્યું હતું કે તેમનું નિવેદન બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ થતા અત્યાચારનો જવાબ આપવા માટે હતી અને તેનો હેતુ હિંદુઓને એકજૂટ થવાનો સંદેશ આપવા માટેનો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### સીએમ કોણ એનો

શરૂ કરવી જોઈએ. ચૂંટણી પ્રક્રિયા નવેમ્બરના બીજા અઠવાડિયા સુધીમાં પૂર્ણ થઈ જશે એવી અપેક્ષા છે.' શિવસેના (યુબીટી), એનસીપી (એસપી) અને કૉંગ્રેસના ગઠબંધન એમવીએની વાટાઘાટોમાં ખેડૂત અને કામદાર પક્ષ (પીડબલ્યુપી), સીપીઆઇ અને સીપીએમનો પણ સમાવેશ થવો જોઇએ એમ જણાવી પવારે ઉમેર્યું હતું કે 'આ પક્ષો રાજ્યમાં કેટલાક વિસ્તારમાં પ્રભાવ ધરાવે છે અને તેમણે લોકસભાની ચૂંટણીમાં એમવીએને મદદ કરી હતી.' (પીટીઆઈ)

## એમવીએમાં સીએમપદ માટે રસ્સીખેંચઃ ગોયલ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીની ચર્ચા જોરમાં ચાલી રહી છે ત્યારે એમવીએમાં મુખ્ય પ્રધાનપદને લઇને તડાં સર્જાવાની શક્યતા છે. આઘાડીના ત્રણેય પક્ષે મુખ્ય પ્રધાનપદ માટે દાવેદારી નોંધાવી હોવાનું કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું. એક અહેવાલના સંદર્ભે તેમણે જણાવ્યું હતું કે એમવીએ યુતિ કોંગ્રેસ, એનસીપી અને શિવસેના (યુબીટી)માંથી જે પક્ષ વધુ બેઠક પર જીતશે તેને જ મુખ્ય પ્રધાનનું પદ સોંપવામાં આવશે. ત્રણેય પક્ષ મુખ્ય પ્રધાનપદ માટે રેસમાં દોડી રહ્યા છે, જોકે આ આંતરિક બાબત છે, એવું ગોયલે જણાવ્યું હતું. તેમના મતદારક્ષેત્રમાં પાલિકાની ચૂંટણી ન થવાને કારણે વિકાસ રુંધાયો છે. જોકે એ વાતને તેમણે નકારી દીધી હતી. (પીટીઆઈ)

## સીએમની ખુરશી માટે નથી ખેંચતાણઃ આદિત્ય ઠાકરે

છત્રપતિ સંભાજી નગરઃ મહા વિકાસ આઘાડી (એમવીએ)ના ત્રણ ઘટક વચ્ચે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ અંગે કોઈપણ પ્રકારની ખેંચતાણ નથી શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું. આગામી કેટલાક મહિનામાં મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. તેમણે ઉમેર્યું હતું કે શિવસેના, ભાજપ અને એનસીપીની વર્તમાન સરકારને સત્તા પરથી ઉથલાવવી એ વિપક્ષી ગઠબંધનનો ઉદ્દેશ છે.

છત્રપતિ સંભાજી નગર, જાલના, પરભણી, હિંગોલી અને નાંદેડ જિલ્લાનાં વરસાદગ્રસ્ત ગામોની મુલાકાત પૂર્વે સંભાજી નગરના ચિકલથાણા એરપોર્ટ પર સંવાદદાતા સાથે વાતચીતમાં આદિત્ય ઠાકરેએ એમ પણ જણાવ્યું હતું કે 'અમારી લડાઈ કોઈની સામે નથી એ સ્પષ્ટ છે. લડાઈ મહારાષ્ટ્ર સરકારની વિરુદ્ધ છે. રાજ્યમાં વર્તમાન વ્યવસ્થા ઉથલાવવી એ અમારો મુખ્ય હેતુ છે.'

એમવીએના મુખ્ય પ્રધાનપદના ચહેરાનો નિર્ણય ચૂંટણી બાદ લેવામાં આવશે તેવા શરદ પવારના નિવેદન અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે 'ઠીક છે. પક્ષો વચ્ચે અંદરખાને ચર્ચા થશે. મુખ્ય પ્રધાનની ખુરશી માટે કોઈ લડાઈ નથી. અલબત્ત બેઠકોની ફાળવણીમાં ખેંચતાણ થવાની ધારણા છે ... દરેક વ્યક્તિએ દરેક બેઠક પર દાવો કરવો જોઈએ.'

સરકાર પર નિશાન સાધી રાજ્યના પૂર્વ પ્રધાને જણાવ્યું હતું કે શાસકો મુંબઈ વેચી રહ્યા છે. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીનો ઉલ્લેખ કરી ઠાકરેએ કહ્યું હતું કે 'મુંબઈના કુલ ૨૫૬ મીઠાના અગર અદાણીને આપવામાં આવી રહ્યા છે.' સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ ભગવા ગઠબંધન છોડ્યા બાદ ભાજપને નુકસાન થયું હોવાના પૂર્વ કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેના નિવેદન અંગે પૂછવામાં આવતા વરલીના વિધાનસભ્યએ કહ્યું હતું કે 'પહેલીવાર ભાજપે સાચી વાત કરી છે.' (પીટીઆઈ)

### કંગનાની

વિચાર કરવા આપેલા નિર્દેશના પગલે આ તબક્કે કોઈ તાકીદની રાહત આપી નહીં શકાય.

ખંડપીઠે વધુમાં જણાવ્યું હતું કે જો મધ્ય પ્રદેશ હાઈ કોર્ટનો નિર્દેશ ન હોત તો તેમણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) ને ''આજે'' જ ફિલ્મને સેન્સર કરી પ્રમાણપત્ર આપવાનો નિર્દેશ આપ્યો હોત. ૬ સપ્ટેમ્બરે રિલીઝ કરવાની ગણતરી હતી એવી આ બાયોપિક ફિલ્મ સામે શિરોમણી અકાલી દળ સહિતના શીખ સંગઠનોએ વાંધો ઉઠાવ્યા બાદ વિવાદમાં સપડાઈ છે. ફિલ્મમાં સમુદાયને ખોટી રીતે રજૂ કરવાનો અને ઐતિહાસિક તથ્યોને ખોટી રીતે રજૂ કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે.ફિલ્મના નિર્માતા ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝે બોમ્બે હાઇ કોર્ટમાં અરજી કરીને સીબીએફસીને અભિનેત્રી - સંસદસભ્ય કંગના રનોત દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'ઈમર્જન્સી' માટે સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપવાની માગ કરી હતી. અદાલત આ અરજી પર ૧૯ સપ્ટેમ્બરે સુનાવણી કરશે.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેન્સર બૉર્ડે સર્ટિફિકેટ તૈયાર રાખ્યું છે, પણ ફિલ્મની રજૂઆત પછી કાયદો અને વ્યવસ્થા કથળવાની સંભાવના હોવાથી સર્ટિફિકેટ નથી આપવામાં આવ્યું.

ખંડપીઠે નિર્માતાની એ દલીલને સ્વીકારી હતી કે સર્ટિફિકેટ તૈયાર રાખવામાં આવ્યું હતું, પરંતુ જારી કરવામાં આવ્યું ન હતું અને કહ્યું હતું કે એકવાર ફિલ્મના નિર્માતાઓને ઓનલાઇન સર્ટિફિકેટ આપવામાં આવ્યા બાદ એના પર અધ્યક્ષની સહી નથી એટલે એ જારી નથી કરવામાં આવ્યું એવી સીબીએફસીની દલીલ ખોટી છે. હાઇ કોર્ટના આદેશ બાદ કંગનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે 'ઇમર્જન્સીનું સર્ટિફિકેટ અટકાવી રાખવા બદલ હાઈ કોર્ટે સેન્સર બોર્ડને આડે હાથ લીધું છે.' (પીટીઆઈ)

### નવેમ્બરમાં થશે

પવારની આગેવાની હેઠળની એનસીપી ચૂંટણી પહેલાં લાડકી બહેન સહિતની અન્ય યોજનાઓ સાથે રાજ્યમાં પોતાની તાકાત બતાવવાનો પ્રયાસ કરી રહી છે. મહારાષ્ટ્રમાં વર્તમાન સરકારમાં ભાજપ, શિવસેના અને એનસીપી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ ૧૫૦-૧૬૦ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. જ્યારે બાકીની ૧૨૮ બેઠકો શિવસેના, એનસીપી અને અન્ય પક્ષો માટે છોડવામાં આવશે. મહારાષ્ટ્રના પ્રભારી અને કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવના માર્ગદર્શનમાં ભાજપે ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. પાર્ટીએ સમગ્ર મહારાષ્ટ્રમાં લગભગ એક લાખ બૂથ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. મહાવિકાસ અઘાડીમાં બેઠકોની વહેંચણીની વ્યૂહરચના સ્પષ્ટ થઈ ગઈ છે. શરદ પવાર, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર કોંગ્રેસ પક્ષના વડા નાના પટોલેએ મહા વિકાસ અઘાડીમાં બેઠકોની વહેંચણી અંગે તેમની વ્યૂહરચના સ્પષ્ટ કરી છે. તેમણે દાવો કર્યો છે કે સીટ વહેંચણીમાં કોઈ મુશ્કેલી નહીં આવે અને વિધાનસભા ચૂંટણીમાં તેઓ મહાયુતિ સરકારને હરાવી દેશે.

## ઝૂંપડા-મુક્ત મુંબઈ એ જ એક સપનુંઃ એકનાથ શિંદે

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય શહેર તરીકે મુંબઈ શહેરનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. મુંબઈને આખી દુનિયાનું નંબર વન શહેર બનાવવાનું લક્ષ્ય સરકાર દ્વારા રાખવામાં આવ્યું છે અને આને માટે શહેરને ઝૂંપડપટ્ટી મુક્ત કરવું આવશ્યક છે. વિકાસની પ્રક્રિયામાં બધા જ ઘટકોનો સમાવેશ કરીને સર્વાંગી વિકાસ સાધી શકાય છે. આથી જ મુંબઈને ઝૂંપડા મુક્ત કરવાનું આવશ્યક છે અને રાજ્ય સરકાર આ સ્વપ્ન પૂર્ણ કરશે, એવો વિશ્વાસ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વ્યક્ત કર્યો હતો.

ઘાટકોપરમાં માતા રમાબાઈ આંબેડકર નગર વિકાસ પ્રોજેક્ટ હેઠળ પહેલા તબક્કાના પાત્ર રહેવાસીઓને મંગળવારે એક કાર્યક્રમમાં ઘરભાડાના ચેકનું વિતરણ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે કરવામાં આવ્યું હતું, તે પ્રસંગે તેઓ બોલી રહ્યા હતા.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ઈસ્ટર્ન ફ્રી-વેનું વિસ્તરણ ઘાટકોપરથી થાણે સુધી કરી રહ્યું છે. આ વિસ્તરણમાં આડે આવી રહેલા રમાબાઈ આંબેડકર નગરનાં ઝૂંપડા સહિત સંપૂર્ણ રમાબાઈ આંબેડકર નગરનું રિડેવલપમેન્ટ કરવામાં આવશે. આ બાબતને ધ્યાનમાં રાખતાં ક્લસ્ટર એન-૧૯ના પાત્ર ૪,૦૫૩ રહેવાસીઓમાંથી ૨,૫૮૦ રહેવાસીઓને ઘર ભાડાના ચેકનું વિતરણ મંગળવારે કરવામાં આવ્યું હતું. દરમિયાન રહેવાસીઓને સારી ગુણવત્તાના સારી સગવડ ધરાવતાં ઘરો આપવામાં આવે અને આ પ્રોજેક્ટ સમયસર પૂરો કરવામાં આવે એવા નિર્દેશ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એમએમઆરડીએ અને એસઆરએના અધિકારીઓને આપ્યા હતા.

### મલાડમાં

કે મૃતકની ઓળખ શહાના કાઝી (૨૬) તરીકે થઈ હતી. રાતે ૧૦ વાગ્યાની આસપાસ યુવતી ચાલતી જઈ રહી હતી ત્યારે એસયુવીએ તેને ટક્કર મારી હતી. અકસ્માત પછી આરોપી યુવતીને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

આરોપીની ઑફિસ અંધેરીમાં આવેલી છે અને ઘટના બની ત્યારે તે રજા પર હતો. આરોપી દારૂના નશામાં વાહન ચલાવતો હતો કે કેમ તેની ખાતરી કરવા પોલીસે તેના લોહીના નમૂના તપાસ માટે મોકલાવ્યા હતા. (પીટીઆઈ)

### અનિલ દેશમુખની

સીબીઆઇને સોંપવામાં આવ્યું હતું. હજી આ કેસની તપાસ ચાલુ છે. એમવીએ સરકાર દરમિયાન ગિરીશ મહાજનને ફસાવવા માટે ષડયંત્ર રચવામાં આવ્યું હતું. વિધાનસભાના અધિવેશનમાં ફડણવીસે સભાગૃહમાં વિશેષ સરકારી વકીલ પ્રવીણ ચવ્હાણ સંબંધિત ત્રણ સ્ટિંગ ઓપરેશનના વીડિયો દેખાડ્યા હતા અને આ ઓપરેશનની પેનડ્રાઇવ પણ રજૂ કરી હતી.

### ૩૧ ઑગસ્ટે

થાય છે. જોકે આ બંને પાલિકાએ ૩૧ ઑગસ્ટને બદલે ૩૦મી ઓગસ્ટે કતલખાનાં પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. પાલિકાની આ ભૂલ છે. બંને પાલિકાએ અન્ય દિવસે કતલખાનાં બંધ કરવાનો આદેશ કાઢવો, એવી દલીલ જૈન ટ્રસ્ટ તરફથી કરવામાં આવી હતી. પર્વ નક્કી થયા મુજબના દિવસે જ હોય છે. તમે લીધેલી એક્શનને પગલે નાગરિકોનો અર્થ સરવો જોઇએ, એવું કોર્ટે પાલિકાને જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**મારવાડી બંસલ**

પીલાની (રાજસ્થાન) નિવાસી, હાલ મુંબઈ તે સ્વ. ચિરંજીલાલ લોયલ્કાના પુત્ર રાજકુમાર લોયલ્કા ૨-૯-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લીનાબેનના પતિ. તે સમીરના પિતાશ્રી. તે શિવાનીના સસરા. તે આરતી અને રીતુના દાદાજી. તે સ્વ. શાંતિકુમાર, સુશીલકુમાર અને સ્વ. શકુંતલાદેવીના ભાઈ. સ્વ. ચિમનલાલ પંડ્યાના જમાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી મચ્છુ કઠિયા સઈ સુતાર**

ગામ નાના ભાડિયા (હાલ ભાંડુપ)નાં ગં.સ્વ. લક્ષ્મીબહેન પરમાર (ઉં.વ. ૮૫) તા. ૨-૯-૨૪ના અવસાન પામ્યાં છે. તેઓ સ્વ. ચુનીલાલ દેવજી પરમારનાં ધર્મપત્ની. જિતેન્દ્ર-રમેશનાં માતુશ્રી. બિના, દિપાલીનાં સાસુ. જિનેશ, પ્રણાલી, ધ્વનિનાં દાદી. કાંડાગરાનાં સાકરબહેન રામજીભાઈ પરમારનાં દીકરી. સ્વ. નાનબાઈ રણછોડ મકવાણાનાં ભાભી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૯-૨૪નાં ૪.૦૦થી ૫.૩૦. સ્થળઃ ગીતા હોલ, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ).

**ઈડર ઔદીચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ચિત્રોડા (હાલ મુંબઈ) હસમુખલાલ જમીયતરામ વ્યાસ (ઉં.વ.૭૪) રવિવારે શિવલોક પામ્યા છે. તે ચન્દ્રિકાબેનના પતિ. કલ્પેશ, નિહારિકાના પિતા. સ્વ. પ્રકાશભાઈ, જયશ્રી હેમંત જપી, માલતી મિલન ભટ્ટના ભાઈ. ઉદયકુમાર, સેજલ, હીમા વિમલ વ્યાસના સસરા. સ્વ. ભીખાલાલ હરગોવિંદ જાની (જેઝવા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. પાંચમીએ આંગન કલાસીક હોલ, પહેલા માળે, કેન્ટ ગાર્ડન, ટીપીએસ રોડ અને ફેક્ટરી લેન જંકશન, એમ. કે. સ્કૂલ પાસે, બોરીવલી (વે.) સાંજે પાંચથી સાત. લૌકિક પ્રથા બંધ છે. શ્વસુર પક્ષની સાદડી સાથે રાખી છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

ગામ નલિયા હાલ અંધેરી સ્વ. હીરજી ગોવિંદજી સોનેજીના ધર્મપત્ની ગં.સ્વ. લીલાવતી સોનેજી (ઉં.વ. ૮૭) તા. ૨-૯-૨૪ના સોમવારે રામશરણ પામેલ છે. તે સ્વ. ડૉ. જયંત ખત્રી અને ઝવેરબેન ઘેલાના દિકરી. વિભા, સૌનંદ, પૂર્વી આશિષ મૂંગેના માતુશ્રી. નયનાના સાસુમા. સ્વ. રમેશભાઈ, જીતુભાઈ, કીર્તીભાઈ, પંકજભાઈ, સ્વ. યોગેનભાઈના બેન. હર્ષના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૪ના ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૫.૩૦, પ્રાર્થનાસ્થળ-પાંજીવાડી, રેલ્વે સ્ટેશનની બાજુમાં, કાંજુરમાર્ગ-પૂર્વ.

**સુરતી દશા મોઢ વણિક**

વાંસદા નિવાસી હાલ કાંદિવલી પૂર્વ, ગં.સ્વ. ઉષાબેન રસિકલાલ ગાંધી (ઉં.વ. ૮૮) તા. ૩-૯-૨૪, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કમળાબેન વીઠ્ઠલદાસ મોદીના સુપુત્રી. રીટા કિરીટ સંઘવી, વર્ષા મયુર પરીખ તથા પંકજ ગાંધીના માતોશ્રી. હીના પંકજ ગાંધીના સાસુ. પલાશ, મિલી, શમા, હાર્દિક, ખુશ્બુ તથા કસકના દાદી/નાની. હેમલતાબેન સુરેશચંદ્ર ગાંધીના જેઠાણી. લૌકિક ક્રિયા પ્રથા બંધ છે.

**કપોળ**

ચાવંડવાળા હાલ પુના સ્વ. હસમુખરાય ત્રંબકલાલ કાણકિયાના ધર્મપત્ની ગં.સ્વ. રેખાબેન (ઉં.વ. ૮૫) તા. ૨/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે શૈલેષભાઇના માતુશ્રી. દર્શનાના સાસુ. જાફરાબાદવાળા સ્વ. છોટુભાઈ ત્રિભોવનદાસ મહેતાના દીકરી. રાજ-રુચિ, જય-આશકાના દાદી. મહેન્દ્રભાઈ, સ્વ. ઇન્દુબેન, સ્વ. જશવંતીબેન, સ્વ. નીલાબેન, સ્વ. ગીતાબેન, તરુલતાબેનના ભાભી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

મુંબઈ નિવાસી ધર્મિલાબેન ભટ્ટ (ઉં.વ. ૮૬) તે સ્વ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ જોષીના પુત્રી. સ્વ. પ્રબોધભાઈ ભટ્ટના ધર્મપત્ની. સ્વ. માનશંકર મણિશંકર ભટ્ટના પુત્રવધૂ. મિલાપ, કમલેશ, પરાગના માતુશ્રી. ભાવના, મીનલ, કાજલના સાસુ. તા. ૩/૯/૨૪ના શિવધામ પામેલ છે. બંનેપક્ષની સાદડી તા. ૬/૯/૨૪ના ૫ થી ૭. ગોપાલજી હેમરાજ હાઇસ્કૂલના હોલમાં એમ. જી. રોડ, બોરીવલી ઈસ્ટ.

**ખડાયતા વૈષ્ણવ**

જીતેન્દ્ર હરિકૃષ્ણ કોઠારી (ઉં.વ. ૮૬) તા. ૩-૯-૨૪, મંગળવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે રેખાબેનના પતિ. બીના જરીવાલા, નિકુંજ કોઠારીના પિતાશ્રી. હેમાંગભાઈ જરીવાલાના સસરા. શાશ્વત જરીવાલા, સોનમ ઘીયાના નાના. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૪, ગુરુવારે ૫ થી ૭ હોલ ઓફ કલ્ચર, નહેરુ સેન્ટર, ગ્રાઉન્ડ ફલોર, ડો. એનીબેસન્ટ રોડ, વર્લી, મુંબઈ.

**સુરતી વીશા વાયડા વણિક**

સુરતના વતની હાલ વિલેપાર્લા અ. સૌ. કોકિલાબેન દલાલ (ઉં.વ. ૮૭) તા. ૩-૯-૨૪ ને મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે ગિરીશભાઈના ધર્મપત્ની. નિશીથ, સ્વ. હીનાના માતા. રાજલના સાસુ. કુસુમબેન વિનોદભાઈ દલાલના દેરાણી. નાનુભાઈ, કિરણભાઈ દલાલના બહેન. ફોરમ, વીરલના નાની. પ્રાર્થનાસભા તા. ૬-૯-૨૪ ને શુક્રવારે સાંજે ૫ થી ૭ વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સંન્યાસ આશ્રમ, વિલે પાર્લા વેસ્ટ.

**લુહાર-સુતાર**

મૂળ ગામ કારોલ (સુરેન્દ્રનગર) હાલ થાણા (મુંબઈ) સ્વ. પ્રભુદાસ હરજીવનદાસ કવૈયા (ઉં.વ. ૮૯) તા. ૩-૯-૨૪, મંગળવારે દેવલોક પામેલ છે. તે ગં. સ્વ. પ્રભાબેનના પતિ. શૈલેષ, વિજય, નીતા, યોગીતાના પિતા. સ્વ. જગજીવનદાસ, સ્વ. પુરુષોત્તમદાસ, ત્રિભોવનદાસના ભાઈ. અ. સૌ. વર્ષા, અ. સૌ. સંધ્યાના સસરા. અંકિત, યેશા, વેદાંત, માનીતના દાદા. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૪, ગુરુવારે ૪ થી ૬. સ્થળઃ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, શતરંજ વેફર્સની પાછળ, પાંચપખાડી, થાણા વેસ્ટ.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતિ**

બુઢણા નિવાસી હાલ ભાયંદર સ્વ. શામજીભાઈ કાળીદાસભાઈ વાઘેલાના દીકરા કિશોરભાઈ તા ૩-૯-૨૪ મંગળવારના રોજ રામચરણ પામ્યા છે, તે આશાબેનના પતી, તે રીતેશભાઈના પિતા, તે સ્વ. ભરતભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. રંજનબેન શશીકાંતભાઈ ગોહિલ, વિનોદભાઈ શામજીભાઈ વાઘેલાના મોટા ભાઈ, તે સ્વ. જલ્પાબેન જીતુકુમાર સોલંકી, દિપીકાબેન મેહુલકુમાર વઢેળ, હેમાબેન અતુલકુમાર સોલંકી, પિયુબેન પંકજકુમાર રંકા, ચેતના તથા વિરલભાઈ રસિકભાઈ વાઘેલાના મોટા પપ્પા, પ્રાર્થનાસભા તા ૫-૯-૨૪ ગુરુવારના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ રાખેલ છે. સ્થળઃ શ્રી દેસાઈ સઈ સુતાર જ્ઞાતિની વાડી (સમાજ ભવન) અશોક ચક્રવર્તી રોડ, ગણેશ સ્વયંભુ મંદિરની સામે કાંદિવલી (પુ).

## પારસી મરણ

નાજુ શ્રેતોન દારૂવાલા તે મરહૂમ શ્રેતોન મીનોચહેર દારૂવાલાનાં વિધવા. તે મરહૂમો પુટલામાય તથા રૂસ્તમજી નસરવાનજી અંકલેસરીયાના દીકરી. તે નોશીર તથા મરહૂમો રતન ને રોડા પેસી અમરીયાનાં બહેન. તે મરહૂમો ફેણી તથા મીનોચહેર દારૂવાલાનાં વહુ. તે મેહેર રતન ભરૂચાનાં ભાભી. તે રોડા નોશીર અંકલેસરીયાનાં નણંદ. (ઉં.વ. ૮૪) રે. ઠેઃ ૬૪૮, કાકા બિલ્ડિંગ, ફીરદોશી રોડ, પારસી કોલોની, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તારીખઃ ૬.૯.૨૦૨૪ના રોજ બપોરે ૩.૪૦ કલાકે રૂસ્તમ ફરામની અગિયારી, દાદર.

પરવીઝ હોમી બગવાદીયા તે હોમીના ધણીયાણી. તે નીલુફર, પ્રોચી ને ઝુબીનના માતાજી. તે મરહુમો જાલામાય તથા રુસ્તમજી દારુવાલાના દીકરી. તે દારા, હોસી, ગુલચેર તથા મરહુમ કાવસના બહેન. તે સિદ્ધાન્ત, મુસકાન, વાહબીઝ, દાનેશના મમઈજી. તે ઉર્વકસ, પરીનાઝના બપઈજી. તે ડોલી ને હોમાયના ભાભી. (ઉં.વ. ૭૯). રહેવાનું ઠેકાણુંઃ સી-૨૮, કોન્ટ્રાકટર બાગ, માહીમ, મુંબઈ-૪૦૦૦૧૬.

**વલસાડ**

મીનુ સોરાબજી મોબેદજી (ઉં.વ. ૮૨) તા. ૩૧-૮-૨૪એ ગુજરી ગયા છે. તે મરહુમ એરવદ સોરાબજી અને મરહુમ ઓસ્તી તહેમીના મોબેદજીના દીકરા. મરહુમ નોશીરના ભાઈ. અસ્તાદ અને મરહુમ રુઝબેહના કાકા. દાનેશ, વાહિસ્તા, શાહવીરના અંકલ.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા કાંડાગરાના મુલરાજ ખીમજી ટોકરશી શાહ (ઉં.વ. ૯૨) તા. ૨-૯-૨૪ના અવસાન પામેલ છે. દેવકાબેન, શાંતાબેન ખીમજીના પુત્ર. નિર્મલાબેનના પતિ. હેમલના પિતાશ્રી. રામાણીયાના ઝવેરબેન પોપટભાઈ સાવલા, હરખચંદભાઈ, પ્રાગપરના અરૂણાબેન મોરારજી શાહ, કારાઘોઘાના સરોજબેન પ્રફુલભાઈ સાવલા, કેતનભાઈના ભાઇ. બિદડાના લક્ષ્મીબેન હીરજી તેજુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતનભાઈ શાહ, ૪૦૨, કલીંગા, નીલકંઠ કીંગડમ, વિદ્યાવિહાર (વે).

મોટા લાયજા હાલે માંડવીના પ્રવિણ વસનજી મામણીયા (ઉં.વ. ૬૫) તા. ૨-૯-૨૪ના અવસાન પામેલ છે. મા. હાંસબાઇ વસનજીના પુત્ર. નિર્મળાના પતિ. હીરેન, નયનના પિતા. વાસંતી, તલકશી, રમેશના ભાઇ. સ્વ. પાનબાઇ જેઠાલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હીરેન પ્રવિણ મામણીયા, અમીઝરા, મહાવીર સ્ટોર્સ (શાહભાઇ) ધવલનગર, માંડવી. પીન-૩૭૦૪૬૫.

દેશલપુર (કંઠી)ના ધનજી વિજપાર દેઢિયા (ઉં.વ. ૮૧) તા. ૩-૯-૨૪ના અવસાન પામ્યા છે. ઉમરબાઈ વિજપારના સુપુત્ર. તારામતીબેનના પતિ. વિપુલ, કલ્પેશ, નીશા, નેહલના પિતાશ્રી. હરખચંદ, હરીલાલ, નાની ખાખરના કુંવરબાઈ વીરજી, મોટી ખાખરના મોંઘીબેન ડુંગરશી, ટોડાના હેમલતા કેશવજી, નાના ભાડીયા દિવાળીબેન નવિનચંદ્રના ભાઈ. લાયજાના જેતબાઈ કેશવજી વીરજી છેડાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધનજી વિજપાર દેઢિયા : ૭૦૫, બુલેવર્ડ-૪, ધ એડ્રેસ (વાધવા), એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ).

**માંગરોળ જૈન**

ભૂપેન્દ્ર કાંતિલાલ શાહ (ઉં.વ. ૮૪) તા. ૩-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અમિતાના પતિ. શશીકાન્ત, સ્વ. રમેશ, પ્રદીપ, સ્વ. ઉષા અશોક જરીવાલાના ભાઈ. અનુરાધાના સસરા. પ્રેમલ, મિતલ રસેશ શાહના પિતા. ટીશા, ધીરના દાદા. ઈશીકા, પાર્થના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

સુશીલાબેન શાહ (ઉં.વ. ૮૭) તે સ્વ. મુળરાજ જમનાદાસ શાહ - મરચાવાળાના ધર્મપત્ની. સુનીલ, સ્વ. વિમલ, વિપુલના માતુશ્રી. સોનલ, ચારુલ, મીનીના સાસુજી. સ્વ. ફુલચંદભાઈ પરષોત્તમ તંબોલીના પુત્રી તા. ૩-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### બ્રિજ પરથી ટ્રક

પાતલીપાડા બ્રિજ નજીક મંગળવારના મળસકે એક કન્ટેનર ઊંધું વળી ગયું હતું. એ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જોકે કન્ટેનરમાંનું કેમિકલ રસ્તા પર ઢોળાવાને કારણે ભારે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. લગભગ ૧૧ કલાક સુધી વાહનવ્યવહારને અસર થઈ હતી.

બુધવારે સવારે બનેલી ઘટનામાં કેમિકલ પાઉડર ભરેલી ગૂણીઓ લઈને નવી મુંબઈના ન્હાવા શેવાથી દિલ્હી જઈ રહેલી ટ્રક બ્રિજ પરથી નીચે પટકાઈ હતી, જેને કારણે ગૂણીઓ રસ્તા પર વેરવિખેર થઈ ગઈ હતી. અમુક ગૂણીઓ ફાટી જતાં કેમિકલ પાઉડર રસ્તા પર ઢોળાયો હતો, જેને કારણે ત્યાંથી પસાર થનારા લોકોની આંખમાં બળતરા થવા લાગી હતી.

વાહનોની લાંબી લાઈન લાગતાં સ્થાનિક રહેવાસીઓ ટ્રાફિક પોલીસની મદદે આવ્યા હતા. ટ્રાફિક વિભાગના ડેપ્યુટી પોલીસ કમિશનર શિરસાટે પણ ઘોડબંદર રોડ પહોંચી જવું પડ્યું હતું. બીજી ટ્રક બોલાવી તેમાં કેમિકલ ભરેલી ગૂણીઓ ખસેડવામાં આવી હતી. ટ્રકને રસ્તાને કિનારે ખસેડી વાહનવ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો. જોકે આ બધી લમણાઝીંકમાં ખાસ્સો સમય પસાર થઈ ગયો હતો.

લગભગ પાંચ કલાક વાહનચાલકો ટ્રાફિકમાં અટવાયા હતા. હિરાનંદાનીથી નીકળેલા એક આઈપીએસ અધિકારીનું વાહન પણ ટ્રાફિકમાં ફસાયું હતું. સૌથી કપરી હાલત શાળાના વિદ્યાર્થીઓની હતી. સ્કૂલ બસનાં ધાંધિયાંને કારણે વિદ્યાર્થીઓને શાળા સુધી પહોંચવા વાલીઓને વિનંતી કરવામાં આવી હતી.


## ક્લાસિફાઈડ

### ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073 હિતેષ ઉપાધ્યાય. 9326470109. (એસડીબી-૨૧૪૭)

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

### ૨૫. શૈક્ષણીક

**સંગીત શીખો**

હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, શ્લોક શીખવા માટે વોટ્સએપ કરો. 9930461779. ગદાધર. (બી-૧૪૮૨૦)

### ૩૨. જમીન - મિલકત

PROPERTY DOCUMENTATION: Sale Deed, Gift, Release, POA, Home Loan, Stamp Duty & Registration. Rupali - 7208499371. (B-14817)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**

**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/ 02228898500. (૧૪૯૬૮-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૪૯૨૨-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૪૦૧૮-એ)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



# લાડકી

## પ્રોતિમા બેદીઃ નૃત્યની શરૂઆતઃ ઓડિસીમાં ઓતપ્રોત

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

કથા કોલાજ

(ભાગઃ ૫)

**નામઃ પ્રોતિમા બેદી**
**સ્થળઃ માલ્પા (કૈલાસ માનસરોવર)**
**સમયઃ ૧૭ ઓગસ્ટ, ૧૯૯૮**
**ઉંમરઃ ૪૯ વર્ષ**

**નૃત્ય** નાનપણથી જ મારું આકર્ષણ હતું, પરંતુ ત્યારે હું અણઘડ રીતે આડેધડ નૃત્ય કરતી. અરીસામાં જોઈને જાતજાતના ચેનચાળા કરવાનું કદાચ હું નૃત્ય માનતી હતી, પરંતુ તે દિવસે રાત્રે ઓડિસી નૃત્ય જોયા પછી મને પહેલીવાર સમજાયું કે, નૃત્ય કોને કહેવાય... મેં નક્કી કરી લીધું હતું કે, હવે હું નૃત્ય શીખ્યા વગર નહીં રહું.

આખા દિવસનું શૂટિંગ કરીને કબીર ઘેર આવ્યો હતો. હું એના પગ પાસે બેઠી. મારા હાથ એના ઘૂંટણ પર હતા. મોટી અશ્રુભીની આંખે હું એની સામે જોઈ રહી હતી.

'ત્રણ મહિના! એ તો બહુ કહેવાય. બાળકો તારા વગર એટલો લાંબો વખત રહી શકશે? જરા વિચારી જો.'

'મેં ક્યારનું નક્કી કરી નાખ્યું છે. હવે મને તારા સાથ-સહકારની, ટેકાની જરૂર છે, પ્લીઝ, મને નિભાવી લે. આ પછી મારી આખી જિંદગી બદલાઈ જવાની છે.

'વેલ્લ, ઓકે, ખરેખર તારી આ જ ઈચ્છા છે, તો કાલે સવારે હું ફ્લાઈટ વિશે જાણી તને કહીશ.'

ના, હમણાં જ જાણીને કહે. મારે કાલે વહેલી સવારે નીકળવાનું છે. મારે કોલકાતામાં થોડો સમય કાઢવો પડશે. સાડીઓ ખરીદવા તેમજ થોડાંક બ્લાઉઝ સિવડાવવા માટે અને પરમદિવસે મારે કટક પહોંચી જવાનું છે.

બીજે દિવસે સવારે ૯ કલાકે હું પ્લેનમાં હતી, કોલકાતા જઈ રહી હતી. ત્રણ કલાક પછી હું એરપોર્ટ પર ઊતરી. ટેક્સી લઈને હું 'આનંદો'માં ગઈ. જે દુકાનમાં અદભુત અને મહામોંઘી બંગાળી સાડીઓ મળતી હતી. મેં અગિયાર સાડીઓ ખરીદી. ચાર ગણા પૈસા આપીને મેં એક દરજી પાસે મેચિંગ બ્લાઉઝ અને પેટીકોટ પણ સિવડાવી લીધા. બીજે દિવસે સવારે આઠ વાગ્યે મારે એ લઈ આવવાનાં હતાં. તેઓ મારા માટે દુકાન ખાસ વહેલી ખોલવાના હતા. મેં તપાસ કરી ટ્રેન બપોરે બે વાગ્યે કટક પહોંચવાની હતી. કોલકાતાથી ઓરિસાની રાજધાની ભુવનેશ્વર ૪૫ મિનિટની ફ્લાઈટ હતી. ત્યાંથી ટેક્સી કરી કટક જતાં એક કલાક લાગે. મેં આ બધી ગણતરીઓ કરી વિચાર્યું કે હું બપોર સુધીમાં ખુશીથી કટક પહોંચી જઈશ. હું ખરેખર પહોંચી ગઈ. ગુરુજીએ મને એમ કહ્યું કે મારી ઉંમરે શાસ્ત્રીય સંગીત શીખી શકાય નહીં. મેં જવાબમાં એમ કહ્યું, 'મારી પાસે તે માટે ઈચ્છાશક્તિ અને ઊર્જા બંને છે.' એ બોલ્યા, 'નૃત્ય ઝડપથી આવે ને ઝડપથી છોડી દેવાય એવો કામચલાઉ રોમાંચ માત્ર નથી, એ જીવવાનો એક સર્વાંગ-સંપૂર્ણ રસ્તો છે.' તેથી નૃત્ય માટે ઘણી બધી વસ્તુઓનો ત્યાગ કરવો પડશે અને તેમ કરીશ તો જ પછી મને કંઈક શીખવાનો લાભ મળશે એવું એમણે કહ્યું. મેં કહ્યું, 'હું બધું છોડી દઈશ. મારા પતિને, મારાં બાળકોને બધું.' હું એમનાં ચરણોમાં પડી ગઈ.

ગુરુ કેલુચરણ મહાપાત્ર એક ખૂબ રૂઢિચુસ્ત વ્યક્તિ હતા. તેમની દ્રષ્ટિએ હું વધારે પડતી 'મોડર્ન' યુવતી હતી અને જેને પોતે પવિત્રતમ કલા ગણતા હતા તે માટેનું મારું મનોવલણ યોગ્ય હતું જ નહીં. એ કહેતા, 'નૃત્ય કોઈક પવિત્ર ચીજ છે, એને માટે દેવી-દેવતાઓની સંગત કરવી પડે.' પરંતુ મને લાગે છે કે મારી વાતને હું નિષ્ઠાપૂર્વક દ્રઢતાથી વળગી રહી તે વાતે તેઓ પ્રભાવિત થયા હોવા જોઈએ. કારણ કે, થોડીવાર પછી એ પીગળ્યા અને માની ગયા.

હું ગુરુજીના ઘરમાં રહી, એમની પાસેથી પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ પ્રમાણે નૃત્ય શીખતી હતી. મારે રોજના બારથી ચૌદ કલાક નૃત્ય કરવું પડતું અને ઘણી વાર મારી આંખમાં આંસુ આવી જતાં. મારા પગ પર ચીરા પડી ગયા હતા અને મને સતત દર્દ થયા જ કરતું. પગની ચામડી ઊખડી ગઈ હતી. હું ૨૬ વર્ષની થઈ ગઈ હતી અને ત્યાંની સમગ્ર જીવનપદ્ધતિ એવી હતી જેનો આ પહેલાં મને કોઈ રીતે, ક્યાંક અનુભવ જ નહોતો, પરંતુ હું ફરિયાદ કરી શકી નહીં. મને કટક જરા પણ ગમતું નહોતું.

હું હંમેશાં સાડી અને બ્લાઉઝમાં જ રહેતી. કપાળ પર હું ચાંદલો કરતી ને વાળમાં રોજ ફૂલોનો ગજરો નાખતી. મારે આખા વૃંદ સાથે ભળી જવાનું હતું ને સમગ્રનો એક ભાગ બની જવાનું હતું. ગુરુજી ખૂબ જ ધાર્મિક વ્યક્તિ હતા. સવાર-સાંજ બે વાર પૂજા થતી તેમાં મારે હાજર રહેવાનું હતું. મારે સંસ્કૃત શ્લોકો પણ યાદ રાખવાના હતા. આવી વ્યક્તિ સાથે રહ્યા પછી બદલાવ ન આવે એ જ અશક્ય છે. હું માત્ર મારા ગુરુની જ ચેલી બની છું, મારા ગુરુ કેલુચરણ મહાપાત્ર. એ એકમાત્ર વ્યક્તિ છે, જેનાં ચરણોનો મેં સ્પર્શ કર્યો છે. અમારા વચ્ચે ઘણા મતભેદો છતાં વર્ષો પછી પણ હું તેમને માટે માન અનુભવું છું, એમની ઈજ્જત કરું છું અને તેમને ભક્તિભાવે જોઉં છું.

હું ઓરિસાથી પાછી આવી ત્યારે મારો સઘન તાલીમનો પહેલો તબક્કો પૂરો કરીને આવી હતી.



પત્ની પ્રોતિમા અને પરવીન બાબી સાથે કબીર બેદી

કબીર મને એરપોર્ટ પર લેવા આવ્યો હતો. એના ચહેરા પર મેકઅપ હતો જે જોઈને હું રોમાંચિત થઈ ગઈ. 'એ મને મળવા એટલો આતુર છે કે તે શૂટિંગમાં હતો ત્યાંથી મને લેવા અહીં આવ્યો.' અમે સાંજે સાથે જમ્યાં. રાત પડતાં હું સૂવાની તૈયારી કરતી હતી ત્યારે કબીર એના લખવાના ટેબલ પાસે બેઠો હતો અને ઘણો અસ્વસ્થ દેખાતો હતો. બહુ જ પ્રયત્ન કરીને પછી એ બોલ્યો, 'હું પરવીનને ત્યાં જવાનો છું. કાલે સવારે મળીશું.' મારા હૃદય પર કોઈએ જોરથી મુક્કો માર્યો. મને મારા કાન પર વિશ્વાસ ન બેઠો.

'તું એના પ્રેમમાં છે?'

એણે હા પાડી. મેં પૂછ્યું, 'એ ય તારા પ્રેમમાં છે?'

'હા.'

હું ચૂપ થઈ ગઈ. હવે શું કહેવાનું બાકી હતું? મારે શું કહેવું?

જો હું એને બરાબર ઓળખતી હોઉં તો એણે કેટલાય અઠવાડિયાથી આ બધું વિચારી રાખ્યું હતું. એણે અને પરવીને સાથે બેસીને શું કરવું તેનો એક્શન પ્લાન બનાવી રાખ્યો હશે. દુષ્ટ સ્ત્રી! પોતાના ઘરમાં બેઠી હશે, સિગારેટ ફૂંકતી હશે ને કબીરની રાહ જોતી હશે. થોડીક નર્વસ પણ થઈ ગઈ હશે કારણ કે, એને ગીલ્ટી ફીલ થતું જ હશે.

સવારે મેં નક્કી કર્યું કે હું એકદમ ટાઢા ટબુકલાની જેમ વર્તીશ. જાણે કે કશું જ થયું નથી. એ જ વાત ઊખેડે એની રાહ જોઈશ, જોઉં છું એનામાં કેટલી હિંમત છે. મારી ભાવનાઓના ધક્કામાં જ હું બોલી ગઈ, 'મેં આખો દિવસ જે બની રહ્યું છે તે પર વિચાર્યું અને મને લાગે છે કે આમ જ બધું રહે, તો નથી મને ન્યાય થતો, નથી તને કે નથી એને થતો. તમે બંને એકબીજાને ચાહો છો એટલે તમારે બંનેએ એકસાથે હોવું જોઈએ. જ્યાં સુધી તમારા વચ્ચે માત્ર અફેર જ હતું. બરાબર હતું, પણ તું પોતે જ કહે છે કે તું પ્રેમમાં છે, ત્યારે તો કંઈક કરવું જ જોઈએ. કાં તો હું નીકળી જાઉં, કાં તું નીકળી જા.'

કબીરે પૂછ્યું, 'તું ખરેખર ગંભીરતાથી બધું કહે છે? સમજી વિચારીને નિર્ણય કર. એકદમ ઉતાવળ ન કર.' આહા... મારી વાતથી હચમચી ગયો છે. હું બોલી, 'ના, મેં આ વિશે વિચાર્યું છે, આ મારો નિર્ણય છે, તું મને જણાવ, તું શું વિચારે છે.'

'તું મને કેટલા દિવસ આપે છે?' એણે પૂછ્યું.

'એ પર વિચારવા ત્રણ દિવસ' હું બોલી.

અલબત્ત, જેમ જેમ દિવસો વિત્યા, પછી મહિનાઓ ગયા ત્યારે મને અહેસાસ થયો કે એને પેલું અલ્ટિમેટમ-આખરીનામું આપ્યું તે મારી મહામૂર્ખતા હતી. એણે એનું માથું હલાવ્યું ને બોલ્યો, 'હુંમ તારું પહેલું આખરીનામું-અલ્ટિમેટમ સ્વીકારું છું. મને લાગે છે એમાં જ શાણપણ છે. ના, તું ઘરમાં રહેશે અને એકેએક વસ્તુ જેમની તેમ રહેશે. હું માત્ર મારી પોતાની ચીજો છે તે લઈને બીજે રહેવા ચાલ્યો જઈશ.' એ પછી એ થોડી થોડી વાર માટે આવી જતો. કાં સાંજે, કાં સવારે. પોતાની ટપાલ લેવા, કપડાં લેવાં, પ્રોડ્યુસરો સાથેની મિટિંગ માટે આવું બે કે ત્રણ અઠવાડિયા ચાલ્યું. દરમિયાનમાં મેં એના બધાં કપડાં સૂટકેસોમાં ભરી દીધાં હતાં. એની પોતાની કહેવાય તેવી બધી વસ્તુઓ એકત્ર કરી તેના પાર્સલ બનાવ્યા. એ જ્યારે આવતો એક-બે પાર્સલ એના હાથમાં પકડાવી દેતી.

બે મહિના પછી હું અને કબીર છૂટાં પડી ગયાં. મેં મારો નૃત્યનો પહેલો કાર્યક્રમ કર્યો. મારા માટે આ

(જુઓ પાનું ૬) ▸▸

# યુવાવસ્થાએ પહેલા સ્વ કે સ્વજન?

શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

કોઈ કોઈ ઘરમાં ક્યારેક એક દીકરી સો દીકરાની ગરજ સારતી હોય છે. 'દીકરી સાપનો ભારો' એવું કહેતા જૂનવાણી સમાજને એક સણસણતો તમાચો મારતી આવી દીકરીઓ, જે પોતાના ઘરનો આર્થિક સધિયારો કે આધાર સ્તંભ ગણાતી હોય, જે નાના ભાઈ-બહેનોને ભણાવવા, પરણાવવા, નોકરી-ધંધાએ લગાડવા કે બીમાર માતા-પિતાની દવાદારૂ કરવા જેવી અનેક વ્યવહારિક જવાબદારીઓ નિભાવતી અને સાથોસાથ જોબ પણ કરતી જોવા મળે છે.

સુરભીએ આવી ઘણી યુવતીના જીવનને થાળે પાડવાનું કામ કરેલું. હજુ થોડા દિવસ પહેલાં જ વિદ્યા નામની યુવતીને ટોક્સિક પરિવારજનોથી છુટકારો અપાવ્યાનો સંતોષ લે એ પહેલા એની સામે અર્પિતા આવી ચડી. આવી દીકરીઓ મોટાભાગે પોતાના અંગત જીવનમાં અસંતોષના સથવારે જીવતી જોવા મળે છે, કારણ કે પારિવારિક જવાબદારીઓ પૂર્ણ કરતી દીકરીને સમયસર પરણાવવાની જવાબદારીમાં માતા-પિતા અચૂક માર ખાઈ જતા જોવા મળે. આવા સંજોગોમાં યુવતીઓ માટે લગ્નની ઉંમર વિત્યા બાદ સારો યુવક મેળવવા કરવા પડતા પ્રયાસો અને સમાધાનોનો ખરો ચિતાર એટલે ઢળતી યુવાનીમાં રહેલી અર્પિતાનો કિસ્સો.

અર્પિતા એની જ્ઞાતિ-સમાજના નિયમો મુજબ લગ્ન કરવાની ઉંમર વટાવી ચુકેલી એક અઠ્ઠયાવીસેક વર્ષની યુવતી છે. ઘર ચલાવવા નોકરી કરતી અર્પિતાની આસપાસ એના સહકર્મચારી, પડોશી, સગા-સંબંધી કે મિત્ર કોઈપણ હોય લગભગ બધા લગ્ન કરી ઠરી-ઠામ થઈ ચૂક્યા છે, પણ પોતાનો કોઈ મેળ આવતો નથી એ વિચારે અર્પિતા ક્યારેક ઝંખવાય જાય છે. જોકે એ વાત અલગ છે કે ઘરની જવાબદારીઓ એને આવો વસવસો કરવાની તક બહુ ઓછી આપે છે. આમ તો એ સરકારી શાળામાં કરાર આધારિત શિક્ષિકા તરીકે નોકરી કરે છે, પણ એ એની મનપસંદ કેરિયર નથી. કોઈક દિવસ કાયમી નોકરી મળશે એ રાહે અને અત્યારે પોતાના પગારથી ઘર ચાલે છે એ મજબૂરી થકી નોકરી ખેંચ્યા કરે. એવામાં કાયમી નોકરી થવાના દિવાસ્વપ્ન પર કૂચડો ત્યારે ફરે છે જ્યારે એ નોકરી જ સદંતર હાથમાંથી સરી પડે છે.



નોકરી ગુમાવ્યાના ટેન્શનમાં અર્પિતા થાકીને ઘેર આવે છે ત્યાં તો એના લગ્ન માટેની વાતો જોરશોરથી ચાલી રહી છે. કંટાળેલી અર્પિતા કંઈ વિચાર્યા વગર હકાર ભણી દે છે, પરંતુ એમ કરમની કઠણાઈ એનો પીછો છોડે એમ નથી એટલે નોકરી વગર ટાંચા પૈસાની સગવડ વચ્ચે સતત લગ્નના તમામ ખર્ચને પહોંચી વળવા સજ્જ રહેતી અર્પિતાના પગ તળેથી જમીન ત્યારે સરકી જાય છે જ્યારે કોઈ અગમ્ય કારણોસર યુવક તરફથી લગ્ન ફોક કરી દેવાય છે. અર્પિતા આ વાતનો ખ્યાલ કોઈનેય પણ આવવા દેવા માગતી નથી. એને એક તરફ લગ્ન તૂટ્યાની ચિંતા છે તો બીજી તરફ બધાં પૈસા વપરાય ગયાં એનો પણ અનહદ વસવસો છે. પિતા આઘાત નહીં જીરવી શકે એ વ્યાધિ છે તો સગા-વ્હાલાઓના મેણા-ટોણા જીરવવા પડશે એ ઉપાધિઓ વચ્ચે દિવસો પસાર કરતી અર્પિતા અંતે એ નિષ્કર્ષ પર આવે છે કે અહીંથી ભાગી જવું. એક રાત્રે કોઈનેય કહ્યા વિના બધાના જીવનમાંથી અલોપ થઈ જવા માગતી અર્પિતાના નસીબ સારા કે રેલવે સ્ટેશન પર એને સુરભીનો ભેટો થાય છે. થોડી અકળાયેલી, ડરેલી, એકલી યુવતી જોઈને સુરભીની અનુભવી આંખો એને કોઈ સમસ્યા હોવી જોઈએ એ પારખી લેતાં વાર નથી લગાડતી. થોડા ખચકાટ પછી અર્પિતા સાથે વાત કરવા સુરભી નજીક આવી. સુરભીનો ધીમો સ્વર, સ્નેહસભર આંખો, પ્રેમાળ વર્તન સામે અર્પિતા થોડીજ વારમાં મન ખોલી વાત કરવા લાગે છે.

એ પછી અર્પિતાએ જે કહ્યું એ સુરભીના માન્યામાં આવે એવું નહોતું. નાની ઉંમરે કમાવવાની, ઘર ચલાવવાની અને કુટુંબની દરેક જવાબદારી એના ખભ્ભા પર આવી પડી એ પહેલાં એ જિલ્લા કક્ષાએ રમાતી મહિલા વોલીબોલ ટીમની એક ખૂબ સારી પ્લેયર હતી, જેણે જીતવા માટે કરેલા ગોલને હજુ આજે પણ લોકો દ્વારા સન્માનપૂર્વક યાદ કરવામાં આવે છે.

અર્પિતાના નાનકડા એવા રૂમમાં એક કેલેન્ડર છે, જેમાં દર વખતે લગ્નની વાતચીત ફ્લોપ જાય ત્યારે એના પર એક નિશાન કરે છે. એ પણ રમતમાં વપરાતા શબ્દો દ્વારા કરેલી ટિપ્પણીઓ સાથે જેમકે, નોક આઉટ, મેચ ફિક્સીંગ, થર્ડ અમ્પાયર વગેરે શબ્દો સાંભળી સુરભી હસી પડી. એને થયુ કે લગ્ન ગોઠવાય એ માટે કરવી પડતી ફિલ્ડિંગ કોઈ રસાકસી ભરેલા મેચ કરતાં જરાય ઓછી હોતી નથી.

એણે અર્પિતાને કહ્યું, લગ્ન મોકૂફ રહ્યા છે એ કડવી હકીકત ભલે ગળે ઊતરે એવી ના હોય તેમ છતાં એમ રોઈને થોડું બેસી રહેવાય? લોકોની તમારા વિશે કરાતી કાનાફૂસીને અવગણી ફરી જીવનની શોધમાં નીકળી પડવું જરૂરી છે. અરે, તું તો ફરી વોલીબોલ રમવાનું પણ શરૂ કરી શકે છે..' સુરભીએ પ્રશ્નસૂચક નજરે અર્પિતા સામે જોયું.

જોકે સ્પોર્ટ્સ કારકિર્દી પર તો અર્પિતાએ ક્યારનુંય પૂર્ણ વિરામ મૂકી દેવું પડેલું, પરંતુ લગ્નના નામે એની સાથે થયેલા ફિયાસ્કા બાદ સુરભીની સમજાવટ થકી એ અંતે ઘેર પાછા ફરી કોઈ પણ યુવાનને પોતાના તારણહાર તરીકે તુરંત જ સ્વીકારી લેવાને બદલે હવે પહેલા સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવાનું અર્પિતા પસંદ કરે છે ત્યારે સુરભી વિચારતી રહે છે કે જો દરેક યુવતીને એ હકીકત સમજાય કે કરિયર બનાવવી, લગ્ન કરવા, પૈસા કમાવવા આ બધા જીવનના અતિ આવશ્યક વળાંકો ઉંમરના ચોક્કસ પડાવે એક સાથે આવતા હોય એમાં બહુ સમજી વિચારીને ડગલાં ભરવા જોઈએ. એટલું જ નહીં, અર્પિતા માફક યોગ્ય સમયે દરેક યુવતીમાં જાતને સંભાળવાની હિંમત અને સ્વાભિમાન જન્મે એ પણ અત્યંત જરૂરી છે. ■

પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા

**નમ્રવાણી**



-રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

# પ્રભુવીર જેવા બનવાની તૈયારી છે?

**ભગવાન** મહાવીરનો જન્મોત્સવ, જન્મકલ્યાણક હોય એટલે સહુના હૃદયમાં આનંદ, ઉલ્લાસ અને ઉમંગ હોય. પ્રભુનો જય જયકાર કરવાનો અંતરનો ઉત્સાહ હોય, પ્રભુના અનંત ઉપકારો પ્રત્યે અત્યંત અહોભાવ હોય. આજે મારા પ્રભુનો જન્મકલ્યાણક અવસર છે, એવી આત્મિયતા પણ હોય અને અનેક સ્થાનો પર પ્રભુના જન્મકલ્યાણકનો ઉત્સવ પણ ભવ્યતાથી, દિવ્યતાથી ઉજવાય.

પ્રભુના જન્મકલ્યાણક અવસરે, પ્રભુ જન્મોત્સવ અવસરે ઉત્સવ બનાવવો શ્રેષ્ઠ છે પણ પ્રભુના ઉપદેશને હૃદયમાં ધારણ કરી, પ્રભુ વીર જેવા બનવાની તૈયારી કરવી, એ સર્વશ્રેષ્ઠ છે. પ્રભુના મુખ્ય સિદ્ધાંતો અહિંસા, અનેકાંતવાદ અને પરિગ્રહ જો જન જનના હૃદયમાં સ્થિર થાય અને આચરણમાં આવે તો દરેક ઘરમાં દરેક દિવસ ઉત્સવનો દિવસ બની જાય.

વિચાર કરો, આપણો જન્મદિવસ-જન્મદિવસ કહેવાય અને પ્રભુ વીરનો જન્મદિવસ, જન્મકલ્યાણક કહેવાય. કેમ? કેમ કે, પ્રભુનો જન્મ અનેક આત્માઓના કલ્યાણ માટે હોય, જગતના હિત, શ્રેય અને કલ્યાણ માટે હોય. પ્રભુવીરનો આત્મા મહારાણી ત્રિશલાના ગર્ભમાં આવતાં જ સર્વત્ર બધું વર્ધમાન વર્ધમાન થવા લાગે છે, ખેતરોમાં પાકની વૃદ્ધિ, ધન-ધાન્યની વૃદ્ધિ, વ્યાપારમાં વૃદ્ધિ અને જીવોના હૃદયમાં આનંદની વૃદ્ધિ!

પ્રભુ વીરના જન્મકલ્યાણક અવસરે મારી સહુને એ જ પ્રેરણા છે કે, 'આજે એક નિર્ણય કરો, એક જન્મ મારો એવો હોય, જે જન્મકલ્યાણક બની જાય'.

ક્યારેય વિચાર્યું છે કે, મારો પણ એક જન્મ, જન્મકલ્યાણક હશે? ના!

જેની પ્રભુ વીર જેવા બનવાની તૈયારી હોય, એને જ આવો વિચાર આવે. એ જ સ્વાર્થ છોડી, પરમાર્થી બને. એ જ પ્રભુ જેવા બનવાનો પુરુષાર્થ કરે.

આપણે આજ સુધી પ્રભુને માન્યાં છે, પ્રભુના દર્શન કર્યાં છે, પ્રભુની પૂજા કરી છે, પ્રભુની ભક્તિ કરી છે, પ્રભુના કલ્યાણકો ઉજવ્યા છે, પ્રભુના જીવનનું વાંચન કર્યું છે પણ ક્યારેય પ્રભુ જેવા બનવાની તૈયારી નથી કરી!

મારા પ્રભુવીરની વિચારધારા હતી, અનેકાંતવાદ!

હું પણ સાચો હોઈ શકું અને તે પણ સાચો હોઈ શકે!

અને આપણી વિચારધારા શું હોય છે?

તમારી life માં સૌથી વધારે ક્યા words વપરાય છે? I am right, This is my right!

જ્યાં આ બે શબ્દો વપરાતાં હોય, ત્યાં progress ઓછો અને problems વધારે હોય!

જ્યાં I am rightનો આગ્રહ હોય, ત્યાં fight હોય.

પ્રભુ વીર જેવા બનવાની તૈયારી છે?

તો પ્રભુની વિચારધારાને સ્વયંની વિચારધારા બનાવવી જોઈએ.

દરેકની ભાવનાનો, દરેકની સમજનો, દરેકના દ્રષ્ટિકોણનો સ્વીકાર કરવો.

મારા પ્રભુ અપરિગ્રહી હતાં, મારે અલ્પ પરિગ્રહી બનવું છે. મારે જરૂરિયાતથી વધારે વસ્તુઓનો સંગ્રહ કરવો નથી અને મારી પાસે જે જરૂરિયાતથી વધારે છે, તે જરૂરિયાતમંદોને અર્પણ કરી દેવું છે.

મારા પ્રભુ પરમાર્થી હતાં, મારે પ્રભુવીર જેવા બનવા દિન-પ્રતિદિન મારા સ્વાર્થના percentages ઘટાડતાં જવા છે અને પરમાર્થના percentage વધારતાં જવા છે.

પરમાર્થ એટલે સામેવાળાના હિત અને શ્રેયની ભાવના! પરમાર્થ એટલે સૃષ્ટિના જીવ માત્ર પ્રત્યે સદ્ભાવના! પરમાર્થ એટલે કોઈની ભાવનાને hurt ન કરવી! પરમાર્થ એટલે 'શુભ થાઓ સકલ વિશ્વનું', એવી શુભ ભાવના!

જેના અંતર આત્મામાં આવી શુભ ભાવના હોય, એની પળ પળ પરમાર્થની હોય અને જેની પળ પળ પરમાર્થની હોય એનો ત્રીજો, પાંચમો કે પંદરમો જન્મ, જન્મકલ્યાણકનો હોય!

મારા પ્રભુએ એમની પ્રજ્ઞાને પ્રગટ કરી હતી. પ્રજ્ઞા એટલે સમય પર જેને બધું સમજાય જાય.

અત્યારે મોટાભાગની વ્યક્તિઓ એવી છે, જેમને સમય પર તો ન સમજાય પણ સમય જાય પછી પણ ન સમજાય અને એના કારણે સમસ્યા સર્જાય.

તમારી વિચારધારા હોય છે, 'મને કોઈ સમજતું જ નથી'. પ્રભુ વીરની વિચારધારા હતી, 'મને કોઈ સમજે કે ન સમજે, મારે બધાંને સમજવું છે.'

જેનામાં બીજાને સમજવાની તૈયારી હોય, એની lifeમાં કોઈ સમસ્યા ન હોય.

પ્રભુને પણ જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઈ, ત્યાં સુધી પ્રભુ મૌન રહ્યાં અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ઉપદેશ આપવાની શરૂઆત કરી.

પ્રભુ વીર જેવા બનવાની તૈયારી છે?

વધારેમાં વધારે સમય મૌન રહો. જરૂર વિના બોલવું નહીં, માગ્યા વિના સલાહ આપવી નહીં.

મારા પ્રભુ always smiling હતાં.

પ્રભુને ગમે તેવા problems કે ગમે તેવા ઉપસર્ગો face કરવા પડયાં, પણ પ્રભુના faceનું smile always same જ રહ્યું!

હું પણ ગમે તેવી પિરસ્થિતિમાં smiling રહીશ અને બધાંને smileનું donation આપીશ.

પ્રભુના જન્મકલ્યાણકના આ કલ્યાણકારી અવસરે મારે માત્ર પ્રભુનો જન્મકલ્યાણક જય જયના નાદ સાથે ઉજવવો નથી પણ મારે પ્રભુ જેવા બનવાની તૈયારી કરવી છે. આજે મારા પ્રભુનો જન્મકલ્યાણક છે, ભવિષ્યમાં મારો જન્મકલ્યાણક ઉજવાય એની તૈયારી કરવી છે. મારે મારા પ્રભુ વીર જેવા બનવાની તૈયારી કરવી છે અને એ માટે મારે મારા પ્રભુ વીરના સિદ્ધાંતોને, પ્રભુના ઉપદેશને, પ્રભુના આદેશને મારા આત્મામાં એવા સ્થિર કરવા છે, એને એવા આચરણીય બનાવવા છે કે, જલ્દી જલ્દી મારો એ જન્મ દિવસ આવે, જે જન્મકલ્યાણક બની જાય!

પ્રભુ વીર જેવા બનવાની તૈયારી ક્યારે થાય?

જ્યારે પ્રભુની વિચારધારા, મારી આચારધારા બની જાય, જ્યારે પ્રભુના આત્મગુણો, મારા સદ્ગુણો બની જાય, જ્યારે પ્રભુના સિદ્ધાંતો, મારા જીવનના મંત્રો બની જાય!

Reminder

સંકલ્પ ભવિષ્યમાં મારો જન્મ કલ્યાણક ઉજવાય એ ભાવ સાથે ,પ્રભુ વીર જેવા બનવા હું દરેક પરિસ્થિતિમાં smiling રહીશ અને smile નું donation આપીશ. ■

# પ્રથમ મહિલા ડૉક્ટરઃ આનંદીબાઈ જોશી

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

ભારતની વીરાંગનાઓ



લગ્નનાં પાંચ વર્ષ પછી ઘેર ઘોડિયું બંધાય અને હજુ તો પુત્રજન્મની ખુશાલી મનાવાઇ રહી હોય એવામાં યોગ્ય તબીબી ઇલાજના અભાવે નવજાત દીકરાનું મૃત્યુ થઈ જાય..... આ દ્રશ્યની કલ્પના કરી શકો છો ?

વાત છે આનંદીબાઈ જોશીની. મહારાષ્ટ્રના થાણા જિલ્લા સ્થિત કલ્યાણના રૂઢિચુસ્ત મરાઠી હિંદુ પરિવારમાં એનો જન્મ થયેલો. નામ યમુના. નવ વર્ષની ઉંમરે યમુનાનાં લગ્ન વીસ વર્ષ મોટા ગોપાલરાવ જોશી સાથે થયાં. લગ્ન પછી કન્યાનું નામ બદલવાની મરાઠી રીતિ પ્રમાણે યમુનામાંથી આનંદીબાઈ બની. ૧૪ વર્ષની ઉંમરે આનંદીબાઈએ રૂપકડા દીકરાને જન્મ આપ્યો. પણ પુત્રજન્મનો ગોપાલરાવ અને આનંદીબાઈનો આનંદ ઝાઝો ટક્યો નહીં. જન્મ્યાના થોડા જ સમયમાં દીકરો બીમાર પડ્યો. ગોપાલરાવે એની સારવારમાં કોઈ મણા ન રાખી. યોગ્ય સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ ન થવાને કારણે દીકરો માંડ દસ દિવસ જીવ્યો. અગિયારમે દિવસે દીકરાએ દેહ છોડ્યો. ગોપાલરાવ અને આનંદીબાઈ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો.

એક મા તરીકે આનંદીબાઈએ હૈયું હળવું થયા પછી એણે સ્વસ્થતા ધારણ કરી લીધી. એ ક્ષણ આનંદીબાઈના જીવનમાં વળાંક લાવનારી ક્ષણ હતી. યોગ્ય સારવારના અભાવે બીજા કોઈ સાથે આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે આનંદીબાઈએ ડૉક્ટર બનવાનો દ્રઢ સંકલ્પ કર્યો. હૃદયપૂર્વક કરાયેલો સંકલ્પ સાકાર થયો અને આનંદીબાઈ જોશી ભારતની પ્રથમ મહિલા ડૉક્ટર બની. એમાં સૌથી મોટું યોગદાન એના પતિ ગોપાલરાવ જોશીનું હતું. ગોપાલરાવ એક સામાન્ય માણસ હતા. પરંતુ એમના વિચારો. નવા જમાનાના હતા. ગોપાલરાવે આનંદીબાઈને મિશનરી શાળામાં દાખલ કરવાનો પ્રયાસ કર્યો, પણ એમાં સફળતા ન મળી. એટલે જોશીદંપતી કોલકાતા જઈ વસ્યા. આનંદીબાઈનું એક જ લક્ષ હતું : ડૉક્ટર બનવાનું !

ગોપાલરાવે પત્નીનું લક્ષ પાર પાડવા કમર કસી. ૧૮૮૦માં જાણીતી અમેરિકન મિશનરી રોયલ વિલ્ડર કૉલેજને પત્ર લખ્યો. મિશનરી રિવ્યુમાં આ પત્ર પ્રકાશિત થયેલો ગોપાલરાવે પત્રમાં લખેલું કે, મારી પત્ની આનંદીબાઈ ડૉક્ટર બનવા માંગે છે. અમે અમેરિકા આવીને રહેવા તૈયાર છીએ. તમે મારા માટે નોકરીની ગોઠવણ કરી શકો તો અમારી મોટી મદદ થશે.... વિલ્ડર કોલેજે ગોપાલરાવને પત્ર લખીને મદદ કરવાનું આશ્વાસન આપ્યું. ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાની પેશકશ કરી. પરંતુ ગોપાલરાવે ખ્રિસ્તી ધર્મ અપનાવવાનો ઇનકાર કરી દીધો. એ સાથે આનંદીબાઈનો અમેરિકા જવા માટેનો દરવાજો બંધ થઇ ગયો.

બારણું બંધ થયું પણ એક નાનકડી બારી ખૂલી ગઈ. બન્યું એવું કે મિશનરી રિવ્યુમાં પ્રકાશિત થયેલો ગોપાલરાવનો પત્ર ન્યૂજર્સીની નિવાસી થિયોડિસિયા કારપેન્ટરે વાંચ્યો. આનંદીબાઈની ડોક્ટર બનવાની મહેચ્છા અને પત્નીનાં મનોરથ પૂરાં થાય એ માટે પડખે ઊભેલા પતિ ગોપાલરાવના સંનિષ્ઠ સહકાર માટે થિયોડિસિયા કારપેન્ટરને માન થયું. એણે આનંદીબાઈને પત્ર લખીને અમેરિકામાં નિવાસ ઉપલબ્ધ કરાવવા સઘળી મદદ કરશે એમ જણાવ્યું. દરમિયાન,૧૮૮૩માં ગોપાલરાવની બદલી શ્રીરામપુરમાં થઇ. ગોપાલરાવે તબીબી અભ્યાસ માટે આનંદીબાઈને અમેરિકા મોકલવાનો નિર્ણય કરી લીધો. ગોપાલરાવે એને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને ભારતીય મહિલાઓ માટે ઉદાહરણ પૂરું પાડવા અને મહિલાઓને ભણવા માટે પ્રોત્સાહિત કરવા સમજાવી લીધી.

આનંદીબાઈ નારીશિક્ષણની મશાલચી બની. એકલી અમેરિકા જવા તૈયાર થઈ ગઈ. થરબર્ન નામના તબીબ દંપતીના સૂચનથી આનંદીબાઈએ પેન્સિલવેનિયાની વિમેન્સ મેડિકલ કૉલેજમાં ભણવા જવાનું નક્કી કર્યું. પણ ગોપાલરાવની પ્રેરણાથી આનંદીબાઈએ શ્રીરામપુર કૉલેજમાં એક સંબોધનમાં પોતાના અમેરિકા જઈને ડૉક્ટર બનવાના લક્ષ અંગે મોકળાશથી વાત કરી.પુરુષ ડૉક્ટરથી સંકોચાતી હિંદુ મહિલાની એક હિંદુ મહિલા ડૉક્ટર જ સારી રીતે તબીબી સારવાર કરી શકે એ બાબત પર ભાર મૂક્યો.

લોકો આનંદીબાઈનાં ભાષણથી પ્રભાવિત થયાં. આનંદીબાઈને નાણાકીય સહયોગ પણ મળ્યો. આનંદીબાઈ કોલકાતાથી જહાજ મારફત અમેરિકા જવા નીકળી પડી. જૂન ૧૮૮૩માં ન્યૂયોર્ક, અમેરિકા પહોંચી. એ સાથે આનંદીબાઈ અમેરિકાની ધરતી પર પગ મૂકનારી પ્રથમ ભારતીય મહિલા બની.

થિયોડિસિયા કારપેન્ટરે વચન પાળ્યું. આનંદીબાઈનું અમેરિકામાં સ્વાગત કર્યું. ઓગણીસ વર્ષની આનંદીબાઈએ પેન્સિલવેનિયાની વિમેન્સ મેડિકલ કૉલેજને પ્રવેશ માટે પત્ર લખ્યો. કોલેજની ડીન રશેલ બોડેલે એને પ્રવેશ આપ્યો. છસ્સો ડોલરની માસિક છાત્રવૃત્તિ પણ આપી. આનંદીબાઈએ દાયણ અંગે આર્યન હિંદુઓ વચ્ચે 'પ્રસૂતિવિશેષજ્ઞ' વિષય પર મહાનિબંધ લખ્યો. ૧૧ માર્ચ ૧૮૮૬ના આનંદીબાઈએ મેડિકલનો અભ્યાસ પૂર્ણ કરીને ડૉક્ટર ઓફ મેડિસિન-એમ.ડી.ની ડિગ્રી મેળવી.

કમનસીબી તો જુઓ. આનંદીબાઈ ડૉક્ટર બનવાની સાથે જ દર્દી પણ બની ગઈ. અમેરિકાના શીત વાતાવરણ અને પ્રતિકૂળ ભોજનને પગલે આનંદીબાઈનું સ્વાસ્થ્ય કથળતું ચાલ્યું. ટ્યુબરક્યુલોસીસ- ટી.બી.ના સકંજામાં સપડાઈ. રાજરોગ સામે લડતાં લડતાં ભારત પાછી ફરેલી આનંદીબાઈનું ભવ્ય સ્વાગત થયું.

હવે આનંદીબાઈ કામે વળી. કોલ્હાપુરની આલ્બર્ટ એડવર્ડ હૉસ્પિટલમાં મહિલા વિભાગની કામગીરી સંભાળી. સ્ત્રીની ચિકિત્સા માટે સ્ત્રી ચિકિત્સક ઉપલબ્ધ હોય એવી સ્થિતિનું નિર્માણ ભારતમાં મહિલાઓ માટે પહેલી વાર જ થયું. એથી સ્વાભાવિક જ મહિલાઓ ખુશ હતી. પરંતુ ખુશીનો માહોલ લાંબો સમય ન ટક્યો. એનું કારણ આનંદીબાઈનું લગાતાર બગડતું સ્વાસ્થ્ય. ટી.બી.ની બીમારીએ આનંદીબાઈનો અજગરપેઠે ભરડો લીધો. ને અજગરપેઠે એને ગળી પણ ગઈ. ડૉક્ટર બન્યાના એક વર્ષની ભીતર જ, ૨૬ ફેબ્રુઆરી ૧૮૮૭ના બાવીસ વર્ષની ઉંમરે આનંદીબાઈનું મૃત્યુ થઈ ગયું. આનંદીબાઈ સાથે સ્નેહના તાંતણે જોડાયેલી થિયોડિસિયા કારપેન્ટરના કહેવાથી ગોપાલરાવે આનંદીબાઈના નશ્વર દેહની રાખ એને મોકલી. થિયોડિસિયાએ પોતાના પરિવારજનો સાથે પકિપ્સીના કબ્રસ્તાનમાં આનંદીબાઈની રાખનું પણ દફન કર્યું...

આનંદીબાઈનો માટીનો દેહ માટીમાં મળી ગયો, પણ એની અંતિમ વિદાય સાથે ભારતીય મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણનાં દ્વાર ખૂલવાનો આરંભ થઈ ગયો, એ પણ એની એક પ્રકારની સિદ્ધિ જ ગણાશે! ■

## કથા કોલાજ (પાંચમા પાનાનું ચાલુ)

ખૂબ મોટો દિવસ હતો તેથી હું મારો આનંદ કબીર તથા પરવીન બંને સાથે શેર કરવા માગતી હતી. કારણ કે, ગમે તેમ તો ય મને શાસ્ત્રીય નૃત્ય શીખવાની પહેલી વાર પ્રેરણા કબીરે આપી હતી. શો શરૂ થતા પહેલાં મેં પડદામાંથી બહાર નજર ફેંકી. હું ખૂબ અપસેટ થઈ ગઈ હતી, છેક જ નિરાશ થઈ ગઈ. મેં જોયું બેમાંથી કોઈએ આવવાની તસ્દી લીધી નહોતી.

પછી પરવીને એના લગ્ન વિચ્છેદ માટે ત્રાસ આપવા માંડ્યો. અંતે કબીરે મને ડિવોર્સ માટે કહ્યું. મેં કબીરને ડિવોર્સ આપવાની ના કહી. પરવીન એને માટે યોગ્ય સમયે બનેલ યોગ્ય વાત હતી, પણ લગ્ન તદ્દન જુદી વસ્તુ છે. હું જાણતી હતી કે પરવીન એની આદર્શ પત્ની બની જ ન શકત, અને આ મેં એને કહ્યું પણ ખરું, પરંતુ પરવીનને ડિવોર્સ લેવડાવવા જ હતા.

રોમથી પાછા ફર્યા પછી કબીરે મને ફોન કર્યો કે એ મને મળવા માગે છે ત્યારે હું ખુશીથી ઉત્તેજિત થઈ ગઈ. મેં ઘર સરસ ગોઠવી દીધું, બાળકોને સરસ કપડાં પહેરાવી તૈયાર કર્યાં, ઝડપથી નાહી લીધું અને સુંદર-સુતરાઉ સાડી પહેરી લીધી. મેં કાંડામાં બંગડીઓ પહેરી અને કપાળમાં મોટો ચાંદલો કર્યો. કબીર હરબન્સ સાથે આવ્યો અને પૈસા ને ડિવોર્સની વાત શરૂ કરી. થોડી મિનિટો પછી કબીર ચાલ્યો ગયો. મને પરાજિત થયા જેવું લાગ્યું. છેવટે અમારા ડિવોર્સ થયા ત્યારે કબીર અને પરવીન પણ છૂટાં પડી ગયાં હતાં. કબીરને ત્યારે ડિવોર્સ નહોતા લેવા, પણ મેં આપ્યા જ. મેં હંમેશાં કહેલું કે એને માટે પરવીન અયોગ્ય છે, બિનલાયક છે ને હવે મારી વાત સાચી પડી રહી હતી. 'એ મારા માટે યોગ્ય નહોતું' કબીરે કબૂલ્યું અને મેં કહ્યું, 'હવે તને ડિવોર્સ મળી જશે.' (ક્રમશઃ)■

## સ્પોર્ટ્સમેન (આઠમા પાનાનું ચાલુ)

પર પાણી ફરી વળશે.

ભારતને ઝહીર ખાનની નિવૃત્તિ પછી અસરદાર લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર નથી મળી શક્યો. અર્શદીપ સિંહ મોટા ભાગે ટી-૨૦ સ્પેશિયાલિસ્ટ છે, પણ જો દુલીપ ટ્રોફીમાં તે સારું રમશે તો પોતે રેડ બૉલની મૅચમાં પણ વિકેટ-ટેકિંગ બોલર તરીકેનો દાવો કરી શકશે.

ઉત્તર પ્રદેશનો યશ દયાલ બન્ને તરફ બૉલ સ્વિંગ કરી જાણે છે. પસંદગીકારોની તેના પર ખાસ નજર રહેશે. તેણે ૨૩ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૭૨ વિકેટ લીધી છે.

રાઇટ-હૅન્ડ ફાસ્ટ બોલર્સમાં આકાશ દીપ, મુકેશ કુમાર, આવેશ ખાન પર સૌની નજર રહેશે. પ્રસિદ્ધ ક્રિષ્ના ફુલ્લી ફિટ થઈ ગયો છે એટલે દુલીપ ટ્રોફી તેના માટે કરીઅરની 'નવી ઇનિંગ્સ' જેવી સાબિત થઈ શકે.

ભારતનું ટેસ્ટ-મિશન બહુ લાંબુ ચાલવાનું છે એટલે સિલેક્ટર્સ ટેસ્ટ ટીમ સિલેક્ટ કરવા ઉપરાંત મજબૂત બૅક-અપ પણ ઊભું કરવા પર ધ્યાન આપશે એટલે ચાર-ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફી રોમાંચક અને રસાકસીભરી બની રહેશે એમાં કોઈ શંકા નથી. ■

## કલોઝ અપ (આઠમા પાનાનું ચાલુ)

મિલીમીટરની લંબાઇથી ઓછા પ્લાસ્ટિકના કાટમાળના ટુકડાને 'માઇક્રોપ્લાસ્ટિક્સ' કહે છે.

જમીન-સમુદ્ર -હવા તથા આપણાં રોજિંદા ખાદ્ય પદાર્થોને લીધે સમગ્ર માનવ શરીરમાં માઇક્રોપ્લાસ્ટિક્સ મળી આવ્યા છે.

હવે વૈજ્ઞાનિકોને આપણા મગજમાં માઇક્રોપ્લાસ્ટિકના પુરાવા મળ્યા છે. એક અંદાજ મુજબ સરેરાશ વ્યક્તિ વર્ષે ૭૮,૦૦૦ અને ૨૧૧,૦૦૦ માઇક્રોપ્લાસ્ટિક કણ ખાય છે-પીએ છે અને શ્વાસે છે!.

**પ્રશ્નઃ પ્લાસ્ટિકને પર્યાવરણના આ બધા પ્રોબ્લેમ તો સમજ્યા, પરંતુ એ જ પ્રોબ્લેમને સકારાત્મક રીતે પલટાવી એનો ઉપયાગ કરવા વિશ્વસ્તરે શું ચાલી રહ્યું છે ?**

ઉત્તરઃ વેલ, ઘરઆંગણેની વાત કરીએ તો વર્ષો સુધી જેનું વિસર્જન ન થાય-વિઘટન ન થાય એવી પ્લાસ્ટિકની વસ્તુઓ એકઠી કરી એનું રિસાઈકલ કરી- એને અન્ય ઉપયોગી વસ્તુમાં પરિવર્તન કરવાની પ્રક્રિયા કરવાની એક ઝુંબેશ પોન્ડીચેરીના એક યુવાગ્રુપે શરૂ કરી છે. પર્યટકોથી ઊભરાતા અહીંના સમુદ્ર કિનારે જથ્થાબંધ પ્લાસ્ટિકનો કચરો એકઠો થાય છે, જે દરિયામાં વહી જઈ ત્યાંની જળસૃષ્ટિને હાનિ પહોંચાડે છે. એને અટકાવવા અહીંના યુવાનોએ 'રિસાઈક્લિંગ ફોર લાઈફ' નામની યોજના અમલમાં મૂકી છે. આ અનુસાર નકામી વસ્તુઓ એકઠી કરી એને હાનિહીન વસ્તુઓમાં પલટવામાં આવે છે. એ જ રીતે એમાંથી ખાતર પણ તૈયાર કરી ખેતીવાડીમાં કામે લગાડવામાં આવે છે.

મિઝોરમના યુવાનો તો ત્યાંની રાજધાનીના ભાગોળે આવેલી નદી કિનારેથી પ્લાસ્ટિકનો જંક-કચરો એકઠો કરી એને ઓગાળી એનો ઉપયોગ એક વિશાળ રોડ બનાવવામાં કર્યો છે. આમ પ્લાસ્ટિકથી સર્વપ્રથમ રોડ-રસ્તો બનાવવાનું શ્રેય મિઝોરમના એ યુવાનને જાય છે

હિમાચલ પ્રદેશની સરકારે બાળકોમાં પ્લાસ્ટિક વિરુદ્ધ જાગૃતિ લાવવા એક યોજના અમલમાં મૂકી છે, જે અનુસાર બાળક એની પ્લાસ્ટિક સ્કૂલ બૅગ અને પોતાનાં પ્લાસ્ટિકનાં સાધન-રમકડાં, ઈત્યાદિ શાળામાં પરત કરે તો એનાં ૧ કિલોગ્રામ દીઠ ૭૦ રૂપિયા એને મળે.. આ રીતે મળતાં પ્લાસ્ટિકનો ઉપયોગ સરકાર પછી રોડ નિર્માણમાં કરે છે..

આપણે ત્યાં પણ આ પ્રકારના પ્રયોગ એકલદોકલ છૂટાછવાયા થતા રહે છે. પાણીની ખાલી પ્લાસ્ટિક બોટલ્સ જ્યાં ત્યાં ફંગોળવામાં આવે છે. આવી રઝળતી બાટલીને ક્રશ કરી-ચગદીને ટુકડા કરી એને રિસાઈકલ કરવાનું આયોજન પણ ઘણા સમયથી મુંબઈના એક યુવાન અરવિંદ શાહ કરે છે. મુંબઈનાં ૧૦૦થી વધુ સ્થાન પર ગોઠવેલાં વિશિષ્ઠ પ્રકારના મશીનમાં પ્લાસ્ટિકની નકામી બોટલ કોઈ નાખે તો બદલામાં અમુક રકમની કુપન મળે. એ જ રીતે, 'પ્લાસ્ટિક : પ્રતિબંધ અને પર્યાય' વિષય પર કુલ ૬૧ હજાર રૂપિયાથી વધુનાં પારિતોષિકની નિબંધ સ્પર્ધા યોજીને મુંબઈના અગ્રણી હેમરાજ શાહે વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકના જોખમ અને એના સકારાત્મક ઉપયોગથી અવગત કરાવ્યા છે.

બીજી તરફ, સિંગાપોર જેવાં અનેક નાનાં રાષ્ટ્ર પ્લાસ્ટિકની વસ્તુઓનો કચરો જાહેરમાં ફગાવવા બદલ જબરો દંડ ફટકારીને આવાં પ્રદૂષણ સામે લાલ આંખ કરે છે. ફિલિપાઈન્સ જેવો દેશ તો વધુ પડતા પ્લાસ્ટિકના પ્રદૂષણ માટે ખાસ્સુ બદનામ છે, પણ ત્યાં ૨ કિલોગ્રામ નકામું પ્લાસ્ટિક જમા કરાવનારને ૧ કોલો રાઈસ-ચોખા ઈનામરૂપે મળે છે!

આમ તો મોટાભાગના દેશ, પોતાના પ્લાસ્ટિક કચરાને દૂર દૂર અવાવરુ પર્વત-ખીણ કે પછી ગાઢ જંગલમાં એનો ખડકલો કરી એ પ્રાકૃતિક રીતે નષ્ટ પામે એની રાહ જુવે છે તો ભારત સહિત કેટલાંક રાષ્ટ્ર આ ખતરનાક જણસને દરિયામાં ધકેલી કામચલાવ હાશકારો અનુભવે છે. પોતાની જવાબદારી ખંખેરી નાખવાનો આ એક પ્રકારનો પલાયનવાદ છે. જો કે, આ બધા વચ્ચે સ્વિડન-તુર્કી જેવાં પણ દેશ છે, જે પોતાના આગવા Waste to Energy(WTE) પ્રોજેક્ટ હેઠળ બીજા દેશથી પ્લાસ્ટિક વેસ્ટ આયાત કરી એમાંથી વીજળી અને અન્ય ઈંધણ પેદા કરે છે અને એટલે જ આજે સ્વિડનને 'ઝીરો વેસ્ટ નેશન' તરીકેનું બહુમાન મળ્યું છે..! ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कमाल | લઘુતમ |
| करंजी | ખોપરી |
| करंटी | મહત્તમ |
| करपणे | મીઠાઈના ઘૂઘરા |
| किमान | કરમાવું |

### ઓળખાણ પડી?



પેરિસ શહેરમાં ચાલતા પેરાલિમ્પિક્સમાં નિશાનબાજીમાં ગોલ્ડ મેડલ મેળવી સ્પર્ધામાં બે સુવર્ણ ચંદ્રક મેળવનાર પ્રથમ ભારતીય મહિલાની ઓળખાણ પડી?

અ) સુનિતા શર્મા બ) અવની લેખરા ક) શીતલ દેવી ડ) પ્રીતિ પાલ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | ક્તિ | ૨ શા | ળી | | ૩ ર | દ | ૪ બા | ૫ ત | ૬ લ |
| ર | | ખા | | ૭ પ્રા | સ | | ૮ વ | ળ | ગો |
| ૯ મ | ૯/અ મ | | ૧૦ વં | દે | | | ળ | | લ |
| ૧૧ જ | ના | ૧૨ જો | | ૧૩ શિ | કા | ૧૪ ર | | ૧૫ ર | ગ |
| ન | | ૧૬ ખ | ૧૭ ચા | ક | | મ | | હે | |
| ૧૮ ક | ૧૯ લા | મ | ય | | ૨૦ અં | ત | ર | વા | ૨૧ સ |
| | ય | | | ૨૨ લ | ક | વા | | ૨૩ સ | મ |
| ૨૪ આ | ક | ૨૫ રી | | ઘુ | | ૨૬ ત | ૨૭ સુ | | જૂ |
| તં | | ૨૮ સા | ગ | મ | ૨૯ ટે | | ૩૦ ર | ૩૧ મ | તી |
| ૩૨ ક | મ | ળ | | ૩૩ તી | ર | ક | મા | ન | |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | | ૪ | ૫ |
| | | | | | ૬ | | | ૭ | |
| | | ૮ | ૯ | | ૧૦ | ૧૧ | | | |
| ૧૨ | ૧૩ | | ૧૪ | ૧૫ | | | | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | ૧૯ | | | ૨૦ | | |
| ૨૧ | | | | | | ૨૨ | | | ૨૩ |
| | | ૨૪ | | | ૨૫ | | | | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | | | | ૨૯ | |
| ૩૦ | | | ૩૧ | | ૩૨ | | ૩૩ | | |
| | ૩૪ | | | | | | ૩૫ | | |

**આડી ચાવી**

૧. જલસા, એશ (૫)
૩. ઓળંગવું તે (૪)
૭. સમય (૨)
૮. ઈશ્વર-ઉર્દૂ (૨)
૧૦. વધુ સારું (૪)
૧૨. હિંદુ મહિનાના દિવસ (૨)
૧૪. પ્રેમમગ્ન (૪)
૧૬. વચન, કબૂલાત, ખાતરી (૨)
૧૭. ગંધ (૨)
૧૯. હું તો કાગળિયાં ---- થાકી (૨)
૨૧. અફસોસજનક ઉદ્ગાર (૩)
૨૨. કોમ્પ્યુટર (૪)
૨૪. ઢોકળાં માટે ---- આવવો જરૂરી (૨)
૨૫. કાર્યક્રમ (૩)
૨૬. અનાથ બાળક (૩)
૨૮. હોંશ, ઉમંગ, આનંદ (૩)
૨૯. બગાડો, કોહવાટ, ભ્રષ્ટાચાર (૨)
૩૦. ડર, ભય (૨)
૩૨. અધિકાર (૪)
૩૪. કામદેવ (૩)
૩૫. ઊનું, ઉષ્ણ (૩)

**ઊભી ચાવી**

૧. ચોમાસામાં લગાવો (૪)
૨. રસ્તો (૩)
૪. ઘા ભેગો ---- (૪)
૫. નમન હો (૨)
૬. કાગળનો નાનો ટુકડો (૪)
૯. અમદાવાદી મિત્ર (૨)
૧૧. વહાલ, પ્રેમ, લાગણી (૨)
૧૩. રોજ ---સૂરજ ઊગે (૩)
૧૫. ઘા પર લગાવો (૩)
૧૮. જાહેરમાં, ખુલ્લંખુલ્લા (૪)
૨૦. જૈન શાસ્ત્રો (૩)
૨૧. નવાઈ (૪)
૨૨. સંગ્રહ કરનાર (૪)
૨૩. કેટલાકનો ચહેરો જ --- - હોય (૩)
૨૫. ઉત્તેજન આપવું તે (૪)
૨૭. જમીન ખોદવાનું ઓજાર (૩)
૨૯. ઘોડે ---- એટલે ઘોડા પર બેસી આવનાર (૩)
૩૧. પરણવા ---- લઈને આવો (૨)
૩૩. દાગવું (સળગાવવું)નું આજ્ઞાર્થ (૨)

### ગુજરાત મોરી મોરી રે

૨૦૨૦માં ટોક્યો શહેરમાં આયોજિત પેરાલિમ્પિક્સની ટેબલ ટેનિસ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવનારા ગુજરાતી ખેલાડી કોણ હતાં એ કહી શકશો?

અ) યોગિતા કંસારા બ) જ્યોતિ બલિયા
ક) ભાવિના પટેલ ડ) વૈભવી મહેતા

### જાણવા જેવું

શારીરિક રીતે અક્ષમ સ્પોર્ટ્સ પર્સન્સ માટે પેરા ઓલિમ્પિક્સનું આયોજન પ્રથમ વાર ૧૯૬૦માં ઈટલીના રોમ શહેરમાં કરવામાં આવ્યું હતું. ૨૩ દેશના ૪૦૦ એથ્લીટ એમાં સહભાગી થયા હતા. ૨૮ ઓગસ્ટથી ફ્રાંસના પેરિસ શહેરમાં શરૂ થયેલા આ વખતના વૈશ્વિક રમતોત્સવમાં ૪૪૦૦ એથ્લિટ્સ સ્પર્ધામાં ઊતર્યા છે.

### સુડોકુ-૬૦૭૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | | | | | ૫ | |
| ૬ | ૫ | | | | | | ૨ | ૪ |
| ૮ | | | ૫ | ૪ | ૯ | | | ૧ |
| ૫ | | ૩ | | ૨ | | ૪ | | ૭ |
| | | ૬ | ૭ | | ૪ | ૫ | | |
| ૭ | | ૮ | | ૧ | | ૨ | | ૯ |
| ૯ | | | ૪ | ૩ | ૬ | | | ૨ |
| ૩ | ૧ | | | | | | ૯ | ૬ |
| | ૬ | | | | | | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૬૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૯ | ૨ | ૬ | ૩ | ૪ | ૭ | ૫ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ | ૮ |
| ૬ | ૪ | ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૧ |
| ૮ | ૭ | ૬ | ૪ | ૫ | ૨ | ૧ | ૩ | ૯ |
| ૩ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ | ૮ | ૪ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૫ | ૭ |
| ૯ | ૬ | ૮ | ૫ | ૪ | ૭ | ૨ | ૧ | ૩ |
| ૭ | ૨ | ૪ | ૧ | ૩ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૫ | ૩ | ૧ | ૮ | ૨ | ૬ | ૭ | ૯ | ૪ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સમગ્ર દેશમાં ચૂંટણીનું આયોજન ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે. ભારતના પ્રથમ મુખ્ય મહિલા ચૂંટણી કમિશનર કોણ હતા એ જણાવો.

અ) સુચેતા કૃપલાણી બ) સરોજિની નાયડુ ક) વી. એસ. રામદેવી ડ) ભારતી વર્મા

### નોંધી રાખો

વાત તો ફક્ત વિશ્વાસની હોય છે, બાકી બારણાં પર મારેલા હજારેક રૂપિયાના તાળાના વિશ્વાસ પર આપણે લાખો રૂપિયાનો સામાન મૂકીને જઈએ છીએ.

### માઈન્ડ ગેમ

અંતરિક્ષમાં જવાની પ્રથમ સિદ્ધિ મેળવનારી યુએસએની મહિલા અવકાશ વીરાંગનાનું નામ જણાવો. આ મહિલા 'નાસા' સાથે સંકળાયેલી હતી.

અ) એલીન કોલિન્સ બ) જેસિકા મેર
ક) સેલી રાઈડ ડ) હેલન શર્મન

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| रखरखीत | ધગધગતું |
| राखीव | અનામત |
| रागीत | ક્રોધી |
| रीघ | હાર, પંક્તિ |
| रटाळ | કંટાળાજનક |

ગુજરાત મોરી મોરી રે
દીના પાઠક

ઓળખાણ પડી?
સરલા ઠકરાલ

માઈન્ડ ગેમ
અમૃત કૌર

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
આઈસલેન્ડ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) નીતા દેસાઈ (૩) મુલરાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) સુરેખા દેસાઈ (૬) ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર ઉદેશી (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) શિલ્પા શ્રોફ (૨૧) ભાવના કર્વે (૨૨) અશોક સંઘવી (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મહેશ દોશી (૨૬) રજનીકાંત પટવા (૨૭) અંજુ ટોલિયા (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) હર્ષા મહેતા (૩૧) રમેશ દલાલ (૩૨) હિના દલાલ (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) મનીષા શેઠ (૩૬) ફાલ્ગુની શેઠ (૩૭) અરવિંદ કામદાર (૩૮) પુષ્પા ખોના (૩૯) કલ્પના આશર (૪૦) નિતીન બજરિયા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) અબ્દુલ્લા એફ મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) કિશોર બી. સંઘરાજકા

પ્રકરણ ૫૫



# વેર-વિખેર

■ કિરણ રાયવડેરા

‘કાકુ, તમને સાંભળીને ખરાબ લાગશે પણ તમારે તમારી પત્ની સાથે આ રીતે વાત ન કરવી જોઈએ!’

પ્રભા સાથેનો ફોન મૂકયા બાદ ગાયત્રીના અણધાર્યા હુમલાથી જગમોહન ડઘાઈ ગયો. કરણની હાજરીમાં ગાયત્રી એને આમ ટોકી દેશે એવું જગમોહને નહોતું ધાર્યું. એ પ્રત્યુત્તરમાં કંઈક કહેવા જતો હતો પણ પછી ચૂપ રહ્યો. કરણની હાજરીમાં ગાયત્રી સામે દલીલ થાય એ યોગ્ય નહીં ગણાય.

‘હા પપ્પા, ગાયત્રી સાચું કહે છે!’ કરણે પણ ગાયત્રીની વાતમાં સૂર પુરાવ્યો.

જગમોહન ધારદાર નજરે ગાયત્રીની સામે જોતો રહ્યો. જાણે કહેતો હોય કે મારા દીકરાને આ રીતે ઉશ્કેરીને તેં સારું નથી કર્યું.

‘સોરી કાકુ, તમને અમારી વાત રુચી નથી એ જાણું છું. આ તો મને એમ કે તમને કંઈ પણ કહેવાનો મને અધિકાર છે.’ ગાયત્રી નીચું જોઈને બોલી રહી હતી.

‘ના, એવું નથી. તું જાણે છે કે તને પૂરો હક છે મને કંઈ પણ કહેવાનો. પણ મને એ નથી સમજાતું કે મેં ભૂલ કયાં કરી? પ્રભા ધારે ત્યારે મારી સાથે હસીને વાત કરે અને મારે પાછલી વાત ભૂલીને એની સાથે પ્રેમની વાત કરવાની? ગાયત્રી, એ કેટલી હદે શકય છે? મને પણ ગમા ગમા-અણગમા હોય કે નહીં?’

જગમોહન બચાવમાં આ બધુ બોલ્યો પણ પછી લાગ્યું કે કરણની સામે આ બધી ચર્ચા કરવી ઉચિત નથી. પણ તીર છૂટી ચૂક્યું હતું.

ગાયત્રી તરફ કરણે જોયું. એને ગાયત્રી તરફ માનની લાગણી થતી હતી. એક સેકન્ડ માટે એણે મનોમન ગાયત્રીની સરખામણી રુપા સાથે કરી લીધી. રુપામાં આટલી સમજ, આટલી પરિપક્વતા નથી. ક્યારેક ક્યારેક થોડું છીછરાપણું દેખાય છે એનામાં. રુપાના વિચારને કરણે હડસેલો માર્યો. કોઈ પણ છોકરીને જોઈને એની રુપા સાથે તુલના કરવાનો કોઈ અર્થ નથી.

‘કાકુ, મારા પપ્પા કહેતા કે રોજ એક નવું પ્રભાત ઊગે છે. રોજ એક નવી આશાનો જન્મ થાય છે. આપણે જો ગઈકાલની વાત લઈને મનમાં કડવાશ ભરી રાખીએ તો નવી સવારને ક્યારેય વધાવી ન શકીએ. સોરી કાકુ, નાના મોઢે મોટી વાત કરું છું. કદાચ તમારી પત્નીને ઇચ્છા થઈ હોય કે હવે આગલુંપાછલું ભૂલીને નવી શરૂઆત કરવી જોઈએ તો તમારે એને સાથ આપવો જોઈએ.’ ગાયત્રી બોલી.

‘વાહ, ગાયત્રી વાહ, તું હતી ક્યાં અત્યાર સુધી? ક્યાં છુપાઈ હતી?’ કરણ તો આનંદથી ઝૂમી ઊઠ્યો. કરણે આ રીતે ગાયત્રીનાં વખાણ કર્યાં એ જગમોહનને ગમ્યું.

‘અરે આ તારો બાપ મરવા નીકળી પડ્યો હતો ને ત્યારે આ ભટકાઈ ગઈ હતી. આત્મહત્યાનો વિચાર કરવામાં પણ લાભ થાય છે એ નહોતી ખબર.’ કરણને સંબોધીને જગમોઘને એવી રીતે કહ્યું કે ગાયત્રી હસી પડી.

‘કરણ, તને ખબર છે, તારા પપ્પાનો મેં હાથ પકડીને કહ્યું હતું કે કાકુ, પહેલાં મારે આત્મહત્યા કરવી છે.’ ગાયત્રીએ હસતાં હસતાં કરણને કહ્યું.

‘હા, પપ્પાએ મને રસ્તામાં બધી વાત કરી. ગજબ છો તું . એકદમ બિન્ધાસ્ત. તારી સાથે મઝા પડશે.’

‘પછી કોઈ કહેશે નહીં ને કે કરણ દીવાન એક છોકરી સાથે રહે છે?’ ગાયત્રીએ હળવેકથી કહ્યું.

‘પ્લીઝ, હવે શરમાવો નહીં. એ મારી બેવકૂફી હતી. હા, પણ ગાયત્રી, તેં વાત સાચી કરી. મારી મમ્મીએ એ જ વિચાર કર્યો હશે કે હવે નવી શરૂઆત કરવી છે.’

આ બોલતી વખતે કરણ વિચારતો હતો કે કૈલાશને ભૂલીને રુપા સાથે નવી શરૂઆત થઈ શકે ખરી. રુપા યોગ્ય પ્રતિસાદ આપશે કે પછી .

‘ઓ કે ગાયત્રી, તારી વાત સાચી છે.’ જગમોહને નમતું જોખ્યું :

‘યુ આર પરહેપ્સ રાઈટ. પ્રભા સાથે મારી માસ્તરાણી, હવે હું હંમેશાં તમારી સલાહ મુજબ વર્તીશ.’

ત્રણેય હસી પડ્યાં.

જોકે, ત્રણેય માંથી કોઈને અંદાજ નહોતો કે ઘરે પહોંચશે ત્યારે ત્રણેનાં હાસ્ય વિલીન થઈ જશે.

******************

જગમોહનના વર્તનથી થોડી નારાજગી હતી, પણ પ્રભાએ મન મનાવી લીધું હતું. પતિ-પત્ની વચ્ચેના ખટરાગમાં બંને એમ જ સમજતાં હોય છે કે હું સાચો છું. અને આ સમજ કે ગેરસમજ જીવનભર ટકતી હોય છે. જગમોહન કદી નહીં સમજે કે સ્વીકારે કે એણે પોતે પણ અસંખ્ય ભૂલો કરી છે.

એની વે, હમણાં એ બધી વાતનો વિચાર કરીને લાભ નથી. જગમોહન ઘરે આવે છે અને એના સ્વાગતની તૈયારી કરવી જોઈએ.

પ્રભા એના વિચાર પર હસી પડી. જાણે રણમેદાનથી વિજય પ્રાપ્ત કરીને કોઈ રાજવી પરત ન આવતો હોય એવી રીતે એ જગમોહનના સ્વાગતનો વિચાર કરતી હતી. ના, પણ કંઈક એવું તો કરવું જોઈએ કે જગમોહનને જુદું લાગે.

ઘણી વાર નવી શરૂઆત કરવા ઇચ્છતાં પતિ-પત્નીને જુદું વાતાવરણ મળે તો પરિવર્તન કરવું સરળ પડે.

પ્રભાને થયું કે લખુકાકાને બોલાવીને ઘરને ફૂલથી સજાવવાની વ્યવસ્થા કરવી જોઈએ. એ બારણાં ખોલીને લખુકાકાને બોલાવવા જેથી હતી ત્યાં બારણાંની બહાર જતીનકુમારને ઊભેલા જોયા. આ જમાઈ મારા બેડરૂમની બહાર શું કરે છે એવો એક વિચાર પ્રભાના મગજમાં દોડી ગયો.

‘કેમ છો, સાસુમા? બહુ ખુશ લાગો છો? અંદર આવું?’ પ્રભાની બાજુએથી સરકીને અંદર પ્રવેશ કરતાં જતીનકુમારે પૂછ્યું.

આ માણસ મારા ઘરમાં ધામો નાખીને બેઠો છે અને હવે મારા રૂમમાં પ્રવેશ માગતી વખતે શિષ્ટાચાર દેખાડવાનો દંભ કરે છે. પ્રભાનું મન ખાટું થઈ ગયું.

આપણે જ્યારે ખૂબ જ ખુશ હોઈએ ત્યારે અણગમતી વ્યક્તિને જોઈને કોઈએ આપણી ખુશીના ફુગ્ગાને ટાંકણી મારી હોય એવી લાગણી થાય.

‘આવો આવો જમાઈરાજ, કેમ છો?’ પ્રભાએ પણ શિષ્ટાચાર દાખવ્યો.

‘બસ, તમારા રાજમાં લીલાલહેર છે. મને રેવતીએ વાત કરી કે તમે સસરાજીને મારા વિશે વાત કરવાના છો. સાંભળીને મારો આનંદ બમણો થઈ ગયો.’ જતીનકુમારે ખુરશી પર જમાવ્યું.

‘હા, હા, એ તો કરીશ, ચોક્કસ કરીશ. બોલો, એ સિવાય કંઈ હુકમ હોય તો ફરમાવો.’ ક્મને પ્રભાએ વાત ચાલુ રાખવી પડી.

‘બસ, બીજું શું હોય...’ પછી આજુબાજુ નજર નાખીને જતીનકુમાર બોલ્યાઃ

‘સાંભળ્યું છે કે આજે મારા ગ્રેટ શ્વસુરજી પધારે છે?’

પ્રભાને ખાતરી હતી કે જતીનકુમારને પાકી ઇન્ફોર્મેશન મળી હશે પછી જ એની પુષ્ટિ કરાવવા પ્રભાને પૂછતો હશે.


પ્રભાને ધ્રાસકો પડ્યો. આ માણસ જ્યારે જ્યારે આવ્યો છે ત્યારે મોકાણના ખબર લાવ્યો છે. આજે એવું કંઈ ન કહે તો સારું.

‘હા, જગમોહન ક્યાં બહારગામ ગયા છે કે એમની ફિકર રહે! ઑફિસના કામે ગયા હશે. કામ પૂરું થતાં જ પાછા આવી જશે.’ પ્રભાએ વાત ટાળવાની ચેષ્ટા કરી.

‘અચ્છા... અચ્છા... ઑફિસનું કામ. સાસુમા, તમે બહુ ભોળાં છો. એકદમ ભગવાનનાં માણસ છો’ પ્રભાને જાણે દૂરથી વાવાઝોડું આવતું હોય એવાં એંધાણ મળતાં હતાં. આ માણસ જાણે હમણાં કોઈ બોમ્બ ફેંકવાનો હોય એ રીતે પ્રભા એની સામે જોઈ રહી. અંદરથી ફફડાટ હતો કે જમાઈબાબુ કંઈ બોલે નહીં તો સારું.

‘સાચે સાસુમા, તમે આટલાં ભોળાં છો એટલે જ બધા તમારો લાભ ઉઠાવે છે. તમે જ્યારે જ્યારે બીજાને માફ કરશો ત્યારે જ બધા તમને મારવાની કોશિશ કરશે.’

પોતાની વાતની સાસુ પર શું અસર પડે છે એ જોવા જતીનકુમાર એકટશે પ્રભાના




ચહેરાના બદલાતા ભાવનું નિરીક્ષણ કરવા લાગ્યા.

પ્રભાને લાગ્યું કે ગમે તે હોય, જતીનકુમારની વાત બિલકુલ સાચી છે. એણે જ્યારે બીજાની ભૂલ સામે આંખ આડા કાન કર્યા ત્યારે જ એને ક્ષતિઓ વિશે છાપરાં પર ચડીએ જાહેરાત કરવામાં આવી છે.

‘જમાઈબાબુ, આપણે જતું કરવું જોઈએ. એમ બધી વાત યાદ રાખીએ તો જિંદગી ન જિવાય.’ જતીનકુમારના પ્રવાહમાં ક્યારે તણાઈ ગઈ એની પ્રભાને ખબર જ ન પડી.

અરે, પણ તમે કેટલું જતું કરશો! કેટલી વાત ભૂલશો! એમણે તમારું માન ન રાખ્યું એ તમે ભૂલી શકો પણ એ આ ઉંમરે... મારાથી તો બોલાતું નથી.’ જતીનકુમાર આડું જોઈ ગયા.

હવે પ્રભાનું હૃદય ખરેખર ધબકાર ચૂકી ગયું. એની ખુશીનો ફુગ્ગો તો ક્યારનોય ફૂટી ગયો હતો. હવે આ જમાઈબાબુ શરીરમાં ટાંકણી ભોંકીને લોહી કાઢશે કે શું?

‘બોલો, જમાઈબાબુ, અટકી કેમ ગયા?’

‘સાસુમા, તમે આખી જંદગી બધાંની સંભાળ લીધી. હવે પાછલી જિંદગીમાં તમને નોખાં કરવાની પેરવી ચાલી રહી છે. તમે કોઈને કહેતાં નહીં પણ મેં સાંભળ્યું છે કે જગમોહન દીવાન છેલ્લા બે દિવસથી એમની એક ગર્લફ્રેન્ડ જોડે રહેતા હતા.’

પ્રભાને લાગ્યું કે એને ચક્કર આવી જશે. પ્રભાનો અનુભવ એવો હતો કે જમાઈબાબુની વાત કરવાની શરૂઆત કઢંગી અને અતિશયોક્તિ ભરેલી હોઈ શકે, પણ એમની ઇન્ફોર્મેશન ખોટી ન હોય. હા, એમાં, મીઠુ-મરચું એમણે જરુતર ભભરાવ્યું હોય.

જગમોહનની ગર્લફ્રેન્ડ...?

વિશ્વાસ ન બેસે એવી ઢંગધડા વગરની વાત હતી આ પણ જતીનકુમારની વાત નકારી ન શકાય.

‘જતીનકુમાર, તમે શું બોલો છો એનું ભાન છે? આફટર ઓલ, જગમોહન મારા પતિ છે...’

‘સાસુમા, તમે જ બોલ્યાં કે આફટર ઓલ જગમોહન મારા પતિ છે, અર્થાત ગમે તેમ પણ એ તમારા હસબન્ડ છે, પણ તમારા વિશે તો આટલું કહી શકું કે તમે આફટર ઓલ એટલે કે બધાની પાછળ જ રહી જશો જો આટલાં ઉદાર રહ્યાં છો તો...’

પ્રભા હતપ્રભ થઈ ગઈ.જગમોહનની આ વાતમાં તથ્ય હોય તો? આ ઉંમરે જગમોહનની ગર્લફ્રેન્ડ?

એ વાત સાચી હોય તો આજે જગમોહનની ખેર નથી.

‘સાસુમા, મારી વાત પર ભરોસો નથી બેસતો ને? થોડી ધીરજ ધરો. વાજતેગાજતે આવશે માંડવે ત્યારે તમે ખુદ જ જોઈ લેજો. બાકી તમે કહેતાં હો તો એ છોકરી ક્યાં રહે છે, એના બાપનું નામ વગેરે માહિતી તમને આપી શકું છું.’

હવે પ્રભાને ડર લાગતો હતો. એનું મન કહેતું હતું કે જતીનકુમારની વાત સાચી છે.

એ જ વખતે કોલબેલ રણકી .

પ્રભાને જાણે જતીનકુમારથી દૂર જવાનું બહાનું મળી ગયું. લખુકાકા દરવાજો ખોલશે એ ખાતરી હોવા છતાંય એ ઝડપભેર બહાર ગઈ. પાછળ પાછળ જતીનકુમાર

લખુકાકા બારણે પહોંચી ગયા હતા.

એમણે દરવાજો ખોલ્યો.

બહાર જગમોહન, કરણ અને ગાયત્રી ઊભાં હતાં. જગમોહનના ચહેરા પર હાસ્ય હતું. કરણે પણ મમ્મી સામે કોઈને સ્મિત ફરકાવ્યું. ગાયત્રી નીચું જોઈને ઊંબરે ઊભી રહી.

જતીનકુમાર સાસુમાની પાછળ ઊભા રહીને ગણગણ્યા :

‘સાસુમા, નવી વહુનાં પગલાં નહીં લ્યો?!’

(ક્રમશઃ)■

ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ફેશન

# કયું બ્લાઉઝ પહેરવું?





સાડી બ્લાઉઝમાં હવે એટલી વેરાઈટી આવે છે કે ,સાડીના હિસાબે બ્લાઉઝની પસંદગી કરવામાં આવે છે. ઘણી મહિલાઓ સાડી વેચાતી લે ત્યારે તે જ સાડીનું મેચિંગ બ્લાઉઝ બનાવે.પરંતુ ઘણી મહિલાઓને પોતાની રીતે સાડીને મેચિંગ કોન્ટ્રાસ્ટ ફેબ્રિકમાં બ્લાઉઝ બનાવવાનું પ્રિફર કરે છે.ફેબ્રિકના સિલેક્શન કરતા તેઓ બ્લાઉઝની પેટર્નને વધારે મહત્ત્વ આપે છે.આજે આપડે બ્લાઉઝના ફેબ્રિકને મહત્ત્વ ન આપતા, આપણે બ્લાઉઝની પેટર્નને સમજીએ. કેટલી વિવિધ પ્રકારની પેટર્ન હોય છે,ક ઈ પેટર્ન કેવી રીતે અને કઈ સાડી સાથે મિક્સ એન્ડ મેચ કરી શકાય તે જાણીયે.

કટોરી અથવા ડાર્ટ્સ-કટોરી વાળા બ્લાઉઝ એ એક બેઝિક પેટર્ન છે જે વર્ષોથી ચાલતી આવી છે. હજી ઘણી ગૃહિણીઓ કટોરીવાળા અથવા ડાર્ટ્સવાળા બ્લાઉઝ જ પહેરવાનું પસંદ કરે છે. કટોરીવાળા બ્લાઉઝમાં પણ કંઈક અલગ પહેરવું હોય તો જ્યાં જ્યાં સિલાઈ આવે ત્યાં કોન્ટ્રાસ્ટ કલરની પાઇપિન નાખવી. પાઇપિન નાખવાથી ખૂબ જ સુંદર અને અટ્રેક્ટિવ લુક આવે છે. કટોરીવાળા અથવા ડાર્ટ્સવાળા બ્લાઉઝમાં એલ્બો સ્લીવ એક પર્ફેક્ટ લુક આપે છે. જ્યારે તમે કટોરીવાળા બ્લાઉઝ કે પછી ડાર્ટ્સવાળા બ્લાઉઝ પહેરો ત્યારે ટ્રેન્સપેરન્ટ સાડી ન પહેરવી.

પ્રિન્સેસ કટ - પ્રિન્સેસ કટ એટલે બ્લાઉઝ પહેર્યા પછી એક ફિટેડ ટોપ જેવું લાગે છે.જેમાં આર્મ હોલ પાસેથી કળી અટેચ કરવામાં આવે છે. આ બ્લાઉઝ બધીજ યુવતીઓની પસંદનું છે કારણકે આ બ્લાઉઝ પહેર્યા પછી ટિપિકલ બ્લાઉઝની ફીલ નથી આવતી. અને કોઈ પણ જાતની સાડી તમે આ બ્લાઉઝ પેટર્ન સાથે પહેરી શકો. જે યુવતીઓનું શરીર સુડોળ હોય તેઓ પ્રિન્સેસ કટના બ્લાઉઝમાં આગળથી છેડો કવર પણ નથી કરતા અને ખાસ કરીને પ્રિન્ટેડ બ્લાઉઝ કરાવે જેથી કરીને બ્લાઉઝની પેટર્ન બરાબર દેખાય. પ્રિન્સેસ કટવાળા બ્લાઉઝમાં તમે તમારા બોડી ટાઈપ મુજબ કોઈ પણ લેન્થની સ્લીવ કરાવી શકો. તમારી સાડીને અનુરૂપ તમે બ્લાઉઝની તેમજ સ્લીવ્ઝની પસંદગી કરી શકો.



બંધ ગળા અથવા હાઈ નેક - બંધ ગળા એટલે કે કલોઝ નેક બ્લાઉઝ. કલોઝ નેક બ્લાઉઝ એટલે જે બ્લાઉઝની નેકલાઇન જ્યાં ગળું પૂરું થાય ત્યાંથી જ ચાલુ થાય. એટલકે જો કલોઝ નેક બ્લાઉઝની નેક લાઈનમાં જો ડાયમન્ડ લેસ મૂકી હોય તો દૂરથી એમ જ લાગે કે કોઈ નેકલેસ પહેર્યું છે. કલોઝ નેક બ્લાઉઝ પ્રૌઢ સ્ત્રીઓમાં ખૂબ જ પ્રચલિત છે. કલોઝ નેક બ્લાઉઝમાં મોટે ભાગે સદીમાં ઝીપ આપી હોય છે અથવા તો પાછળ બટન આપ્યા હોય છે. બ્લાઉઝનું ઓપનિંગ ક્યાંથી કરવું તે તમારી પર્સનલ ચોઈસ છે. ક્લોઝ નેક બ્લાઉઝમાં પણ પ્રિન્સેસ કટ આવે છે અથવા શોલ્ડરથી કટ કરી કળી જોઈન્ટ કરવામાં આવે છે. હાઈ નેક બ્લાઉઝ એટલે જે બ્લાઉઝની નેકલાઇન ઉપર ગળા સુધી આવે. અથવા આતો નેક્લાઈનમાં જ કોલર આપવામાં આવે. આ પેટર્નના બ્લાઉઝ લાંબી પાતળી યુવતીઓ પર ખૂબ જ સુંદર લાગે છે. જો ભરેલા શરીરવાળી યુવતી અથવા સ્ત્રી હાઈ નેકવાળા બ્લાઉઝ પહેરે તો શોલ્ડર અને બાવડા ખૂબ જ ભરેલા લાગશે અને વધારે જાડા લાગશે. અને હાઈ નેક કે કલોઝ નેક વાળા બ્લાઉઝ ઓછી હાઈટ વાળી યુવતી કે સ્ત્રીએ પણ ન પહેરવા જોઈએ જેનાથી તેઓ વધારે હાઈટમાં શોર્ટ લાગશે.

ઓફ શોલ્ડર - ઓફ શોલ્ડર એટલે જે બ્લાઉઝ પેટર્નમાં શોલ્ડર ન હોય એટલે કે શોલ્ડર પર કોઈ ફેબ્રિક જ ના હોય.જેને બસ્ટિયર પણ કહી શકાય. આ બહુ જૂની બ્લાઉઝની પેટર્ન છે. જેમાં સમય જતા થોડા ઘણા ફેરફાર થયા. આ બ્લાઉઝ પેટર્ન લાંબી પાતળી અને સુડોળ શરીરવાળી યુવતીઓ પર જ સારી લાગે છે. આ બ્લાઉઝ પેટર્ન ખૂબ જ બોલ્ડ છે. આ બ્લાઉઝ પેટર્ન પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે. આ બ્લાઉઝ માત્ર બસ્ત એરિયાને જ કવર કરે છે. પરંતુ વેરિએશન માટે આ પેટર્નમાં સ્લીવ્સ પણ એડ કરવામાં આવે છે. સ્લીવ્સ પણ શોલ્ડરથી નીચે જ હોય છે. આ બ્લાઉઝ પાર્ટી વેર તરીકે ખૂબ જ સુંદર લાગે છે.

હોલ્ટર - હોલ્ટર બ્લાઉઝ પેટર્ન એટલે જે બ્લાઉઝમાં ફેબ્રિક બસ્ટિયરને કવર કરી ગળામાં પાછળ ગાંઠ બાંધવામાં આવે તેને હોલ્ટર બ્લાઉઝ પેટર્ન કહેવાય. ઘણી વખત બન્ને સાઈડ ગાંઠ એટલે કે ગળામાં પાછળ અને બેકમાં પાછળ પણ ગાંઠ બાંધવામાં આવે છે. આ હોલ્ટર બ્લાઉઝની એક બેઝિક પેટર્ન છે પરંતુ સમય જતા આમાં ઘણા વેરિએશન આવતા ગયા.આ હોલ્ટર બ્લાઉઝ પેટર્ન ફલોઈન્ગ સાડી સાથે ખૂબ જ સુંદર લાગે છે. આ બ્લાઉઝ પહેરવા માટે એક ચોક્કસ પર્સનાલિટીની જરૂર હોય છે અને સુડોળ યુવતીઓ પર જ આ પેટર્ન સારી લાગે છે. ■



પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

લાફ્ટર આફ્ટર

# ધાજો રે ધાજો... પૂર આવ્યાં...



‘હાંભળો છો? આ રેલો નીચે હુધી આવી ગ્યો છે. એની તમને કંઈ ખબર છે?’

‘હા, તેં જ કંઈ પાણી-બાણી ઢોળ્યું હશે. પોતું લઈને સાફ કરી દે.’

‘પેલો ૨૦૦૬માં આવેલો એવો રેલો આવી પુગ્યો છે, એ દેખાતું નથી? છાપાં બરાડે છે, ટી.વી. મોબાઇલ... બધામાં રેલાની જ વાત ચાલે છે. ચોવીસ કલાક એમાં જ મોં નાખીને બેઠા છો તોય ખબર નથી પડતી કે આપણે હવે તૈયારી કરવી જોઈએ? પાછા ભાઈ બેઠાં બેઠાં પોતું મારવાની સલાહ આપે છે!’

‘હવે બક બક બંધ કર ને મને શાંતિથી ન્યૂઝ જોવા દે.’ પતિદેવે થોડા ગુસ્સામાં કહી નાખ્યું. પછી તો પૂછવું જ શું!

‘જે ઇતિહાસ ભૂલી જાય છે, તે ઘણું બધું ગુમાવે છે. તમે બધું ભૂલી ગયા છો, પણ હું કશું ભૂલી નથી. સમજ્યા? હમણાં ભલે ગુસ્સો કરો, પણ મારે જે યાદ કરાવવાનું છે, તે તો યાદ કરાવીને જ જંપીશ. ૨૦૦૬માં રેલો આવેલો ત્યારે મેં કેટલું કહેલું કે જાવ, ડુમસ કંઈ દૂર નથી. જઈને એક-બે કિલો મિક્સ ભજિયાં લઈ આવો અને અલગથી એક કિલો રતાળુનાં ભજિયાં ને બે ડબ્બા લઈ જઈ ચટણી પણ ભરાવી લાવો. અને હા, પ્લાસ્ટિકની થેલીમાં તળેલાં મરચાં (કોથળી ભરીને) લેતા આવો. રસ્તે પાછા વળતાં ૧ કિલો પ્રમાણે આઠ-દસ લીલાં તાજાં શાક, આદું-મરચાં, દસ-વીસ થેલી દૂધ, પાંચ ડબ્બા અમૂલ દહીં, દસ દસ કિલો ઘઉં, જુવાર અને ચણાનો લોટ, બે કિલો ભૂસું, બે કિલો ઘારી, બે કિલો ખમણનું લિસ્ટ આપેલું ને જેમ તેમ ધક્કો મારીને ઘરની બહાર કાઢેલા. મેં એકલીએ સામાન ઉપર ચડાવેલો. મને એમ કે ડુમસના ભજિયાં લાવશે, તે અગાસીમાં બેસીને નિરાંતે ખાઈશું. પડોશીઓને જલાવીશું અને પૂરની મજા માણીશું... એ...તારે નિરાંતે ખાતાં ખાતાં ફોન ઉપર ગામની પંચાત કરીશું! પણ બે કલાક પછી ઘરમાં રેલનાં પાણી આવી ગયાં, ઘરની હગલીએ હાંફી હાંફીને સામાન ચડાવ્યો અને આ અમારા નરસિંહ મહેતાએ રમલીનો કઈ રીતે ઉદ્ધાર કર્યો, એ કથની કહેવા બેઠેલા! એ યાદ છે તમને? બોલો, હવે કંઈ તમને યાદ આવતું હોય, તો ટી.વી. બંધ કરો ને કામે લાગો’

‘હજી ઉકાઈમાંથી પાણી છૂટ્યું નથી. ડેમમાંથી પાણી છૂટશે, પછી હું કામે લાગીશ. આવાં કામ તો મારા ડાબા હાથનો ખેલ છે, સમજી? તું હવે માથું ખાવાનું બંધ કર ને આદું-ફુદીનાની ચા પીવડાવે તો સારું.’

‘ચા, ખાંડ, આદું, ફુદીનો, દૂધ, દહીં, નાસ્તો, ફળો, શાકભાજી... કશું જ ઘરમાં નથી. ચા પીવી હોય તો આ લીસ્ટ મુજબનું બધું જ લાવી આપો. પછી કહેતા નહીં કે સુધા, તેં ચેતવ્યો કેમ નહીં? ’

‘સુધા, આગ લાગે ત્યારે કૂવા ખોદવા નીકળી છે, તો તું જાતે જ જા ને લઈ આવ. મારે હજી મિત્રોને ફોન કરીને પાણી ક્યાં સુધી આવ્યાં તે પૂછવાનું અને પાણી ભરાવાની શરૂઆત થઈ હોય, તો એમણે કઈ કઈ વસ્તુ પહેલાં અને કઈ કઈ પછી ચડાવવી એનું લિસ્ટ આપવાનું છે’

‘તે તમે બધાનો ઠેકો લીધેલો છે? ગઈ રેલમાં રમલીને મદદ કરવામાં ઘરને ભૂલી ગયેલા, એ યાદ કરો તો સારું. હું કશું લેવા બહાર જવાની નથી. મારે બીજાં પણ ઘણા કામ કરવાનાં બાકી છે. સાડી, સેલાં, ઘરેણાં, ગાઉન, કુર્તી પહેલાં ચડાવવા પડશે. હમણાં જ રક્ષાબંધનમાં ખરીદી કરી છે, એ પોટલાં પણ ચડાવવાનાં છે. સમજ્યા? બસ, હવે આ છેલ્લાં છેલ્લાં કામ કરી લઉં છું... અને હા, લિસ્ટ પ્રમાણેની વસ્તુ તમે બજારમાંથી લાવશો નહીં તો પાણી ઘરમાં આવી ગયાં પછી તમારો ભૂખમરો શરૂ એમ માનજો. બાકી મેં તો મારી સગવડ કરી લીધી છે. રમલીને તો મદદ કરનારા મળી જાય છે, પણ મને કોઈ નરસિંહ મહેતા મળવાના નથી. એ જાણી ગયા પછી મેં મારી વ્યવસ્થા કરી લીધી છે. તમે જાણો ને તમારો ફોન જાણે ને ટી.વી. જાણે! હું તો મારાં બાકીનાં કપડાં બેગમાં ભરીને, આ ચાલી ઉપર!’

‘હા, તે જા... જા... હું મારી સગવડ કરી લઈશ. તારે મારી ફિકર કરવાની જરૂર નથી. મને તો આજુબાજુવાળા ખવડાવશે. સમજી? સહેજ પણ નિરાંતે ટી.વી. જોવા દેતી નથી કે નથી ફોન પર વાત કરવા દેતી...

ચા પીવાની તલબ લાગી હતી, પણ કદી ચા મૂકી નથી. હાથમાં તૈયાર ચા-નાસ્તો મૂકનારી ઉપર ગઈ એટલે નરસિંહ મહેતા થોડા અકળાયા. (સ્વાભાવિક છે.) સોસાયટીના નાકે ચાની ટપરી ઉપર જવા ભાઈ ઓટલાની બહાર ગયા ને પગ નીચે પાણીનો રેલો આવ્યો. સોસાયટીના બંને દરવાજેથી પાણીનો પ્રવાહ વેગમાં આવતો જોઈને, મન મારીને ઘરમાં આવ્યા.

રોહનભાઈએ બૂમ પાડીઃ ‘સુધા, ઓ સુધા... ઉપરથી નીચે આવીને જો. પાણીનો પ્રવાહ ખૂબ ઝડપથી ઘરમાં પ્રવેશી ગયો છે. ઓટલો ડૂબવા માંડ્યો છે. હવે નીચે આવ ને મદદ કર. નહીંતર આ ટી.વી. ફ્રીઝ વગેરે તો ગયું જ સમજ.’

સુધાબહેને ઉપરથી જ મોટા આવાજે કહ્યું,

‘ઉકાઈવાળાને ફોન કરીને પૂછી તો લ્યો કે પાણી કેટલું છોડશે, પાણી ક્યારે આવશે, આપણે કયા માળે ચડવાનું છે, શું શું ચડાવવાનું છે... અને હા, પેલી રમલીને પણ કદાચ મદદની જરૂર હશે. એને પણ પૂછી આવો. બિચારીનું આવા સમયે કોણ બેલી? અને હા, એના હાથનો ચા-નાસ્તો પણ કરતા જ આવજો. તમારા મિત્રોને પણ ફોન કરીને માહિતી આપી દો કે પાણી ઘરમાં આવે ત્યારે શું શું કરવાનું, કઈ કઈ વસ્તુ ચડાવવાની, વગેરે... વગેરે... ટી.વી. તો નાનું જ છે. પ્લગ કાઢીને ઉપર લેતા આવો. નહીંતર તમે ટીવી વગર દુનિયાના ન્યૂઝ કઈ રીતે જોશો? ફોનનું ડબલું પણ પ્લગમાંથી કાઢીને લઈ આવો. પડોશીને બોલાવીને તેની મદદથી ફ્રીજને કિચન પ્લેટફોર્મ પર ચડાવો. પછી બારણાં ઢાંકીને ઉપર આવો...’

આટલું કામ પડોશીની મદદથી પતાવ્યું અને હાંફતાં હાંફતાં રોહનભાઈ ઉપર આવ્યા, ત્યારે ઘરમાં નીચે કેડ સમાણાં પાણી પ્રવેશી ગયાં હતાં.

‘સુધા, હવે શું થશે? મેં તને બજારમાંથી કશું લાવી આપ્યું નથી. મારાં કપડાં પણ મેં તને અડકવાની ના કહી હતી. એટલે એ પણ ગયા કામથી! દૂધ વિના ચા અને કરિયાણા-શાકભાજી વિના જમવાનું પણ ક્યાંથી લાવીશું? તું મને બપોરથી ચેતવતી હતી અને મેં સાંજ સુધી કંઈ નહીં કર્યું. (એટલે મેં કહી નાખ્યું નરસિંહ મહેતા!) બહુ ભૂખ લાગી છે. ચા પણ પીવી છે, ને ગંદા કપડાં પણ બદલવા છે, પણ મારાં કપડાં તો નીચે જ રહી ગયાં પાણીમાં... સુધા, હવે હું શું પહેરું?’

‘રોહન, સામેના પોટલામાં તમારાં કપડાં છે એ પહેરો, ને ઉપરને માળિયે મેં સિંગલ ગૅસ પર ભજિયાં અને ચા બનાવ્યાં છે. એ ખાવા હોય તો જલદી અગાસીમાં આવો. અને હા, ટી.વી. જોવામાં મોડા આવશો તો ભજિયાં મારા પેટમાં... અને સાથે મસાલા ચા અને ઘારી, ભૂસું પણ...! સમજ્યા?!’ ■



# પુરુષ

# માનવસર્જિત પ્લાસ્ટિકનાં દૂષણનું મારણ શું?

## રોજિંદા ઉપયોગનો પ્લાસ્ટિક પદાર્થ કઈ રીતે બની ગયો આવો જીવલેણ? એનાં વિષને નાથવા કાયદા કરતાં પણ વધુ અસરકારક નીવડશે એના વપરાશમાં આપણા ખુદનો વિવેક

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com




**દેવ-દાનવના** અવિરત યુદ્ધ અને સંહારની અનેક કથાઓ આપણે પૌરાણિક ગ્રથોમાં વાંચી છે... આજે પણ આવાં યુદ્ધ ચાલુ છે. માત્ર પાત્રો પલટાયાં છે. આ સતત જંગમાં એક છેડે છે માનવી છે ને સામે છેડે છે પ્લાસ્ટિક.. પ્લાસ્ટિક પદાર્થથી બનેલી અગણિત ચીજ-વસ્તુઓ આમ તો માનવી માટે અત્યંત ઉપયાગી છે. એના વગર રોજિંદું જીવન ન ચાલી શકે એવાં ખપની છે, પણ પ્રદૂષણની સમજણ આવી પછી માનવી પર્યાવરણ વિશે વધુ સજાગ થયો ત્યાર બાદ સમજાયું કે પ્લાસ્ટિકના પદાર્થ આપણી જરૂરિયાતના સ્વાંગમાં દૈત્ય છે...

આવા દૈત્યને નાથવા વિશ્વભરમાં સભાનતાપૂર્વક પ્રયાસ શરૂ થયા છે. પર્યાવરણને પ્લાસ્ટિકમુકત બનાવો'ની તીવ્ર ઝુંબેશ ચાલી રહી છે ત્યારે પ્લાસ્ટિકને લીધે આવી વિષમ પરિસ્થિતિ કેમ અને કઈ રીતે સર્જાઈ એ વાત આપણે અહીં પ્રશ્નોત્તરીરૂપે જાણી-સમજી લેવી જરૂરી છે...

**સૌપ્રથમ જાણીએ પ્લાસ્ટિક એટલે શું?**

**ઉત્તરઃ** પ્લાસ્ટિકની રાસાયણિક પ્રક્રિયામાં ઊંડા ઊતરવાની કડાકૂટમાં પડ્યા વગર સરળ ભાષામાં કહીએ તો કાર્બન-ઑક્સિજન-હાયડ્રોજન-નાઈટ્રોજન-સલ્ફર-ક્લોરિન જેવાં વિવિધ ઘટક-તત્ત્વોના સંયોજનથી જે પદાર્થ બને છે એને આપણે 'પ્લાસ્ટિક' તરીકે ઓળખીએ છીએ. પ્લાસ્ટિકને આપણે 'પોલિમર' પણ કહીએ છીએ

**પ્રશ્નઃ પ્લાસ્ટિકની વસ્તુ કે એના વેસ્ટ-કચરાને નષ્ટ થતાં સામાન્ય રીતે કેટલો સમય લાગે?**

**ઉત્તરઃ** પ્લાસ્ટિક વેસ્ટના અનેક રૂપ છે. એને પ્રાકૃતિક રીતે નષ્ટ થતા પાંચથી લઈને ૧૦૦૦ વર્ષ પણ લાગે..! ઉદાહરણ તરીકે, આપણે જે રોજિંદા ઉપયોગમાં પ્લાસ્ટિકની બેગ વાપરીએ છીએ એ થેલીને સંપૂર્ણપણે નષ્ટ થતાં ૧૦થી ૨૦ વર્ષનો સમય લાગે છે. એ જ રીતે, પ્રવાહી-દ્રવ્ય માટે વપરાતી પ્લાસ્ટિક બોટલને ડિકમ્પોઝ થતાં-કોહવાતા-નાશ પામતાં પૂરાં ૪૫૦ વર્ષ લાગે..! જો કે, પ્લાસ્ટિકની વસ્તુને ધરતી અને સમુદ્રમાં નષ્ટ પામવામાં અલગ અલગ સમય પણ લાગે.

**પ્રશ્ન : સૌથી વધુ પ્લાસ્ટિક વેસ્ટની સમસ્યા કયા કયા દેશમાં છે?**

**ઉત્તર :** છેલ્લામાં છેલ્લ-૨૦૨૪ના સર્વે મુજબ પ્લાસ્ટિક વેસ્ટ એટલે કે એના કચરાના ઉત્પાદનમાં ચીન અને અમેરિકા મોખરે છે. મળતાં આંકડા અનુસાર ચીન ૬ કરોડ મેટ્રિક ટન પ્લાસ્ટિકનો કચરો ઉત્પન્ન કરે છે. અમેરિકા આશરે ૪ કરોડ, ૨૦ લાખથી વધુ મેટ્રિક ટનનો કચરો સર્જે છે. બીજા શબ્દોમાં કહીએ તો એક અમેરિકન દીઠ ૧૩૦ કિલોગ્રામ પ્લાસ્ટિકનો કચરો ઉત્પન્ન થાય છે, જ્યારે આપણું ભારત રોજનો ૨૬૦૦૦ ટન કચરો 'પેદા' કરે છે. ભારત સહિત ૧૨ દેશ એવા છે, જે વિશ્વનો ૬૦ % પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પાદન કરે છે!

વ્યક્તિ દીઠ કચરા ઉત્પાદનમાં સદભાગ્યે, આપણો ક્રમાંક ૧૮મો છે. ભારતમાં પ્રતિ માણસ દીઠ પ્રતિ વર્ષ ૨૦ કિલો પ્લાસ્ટિક કચરો સર્જાય છે

**પ્રશ્નઃ આપણે ત્યાં પણ 'સિંગલ યુઝ' પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે એ ચીજ-વસ્તુઓ કઈ કઈ છે?**

**ઉત્તરઃ** 'સિંગલ યુઝ' પ્લાસ્ટિક એટલે જેનો એક જ વાર વપરાશ કરીને આપણે ફગાવી દઈએ એવી પ્લાસ્ટિકની કોથળી-પાણીની બોટલ-ચા-કોફીના ગ્લાસ-પ્લાસ્ટિકની ડીશ-ટ્રે-ચમચી-છરી-કાંટા-બલૂન-કાનનો કચરો કાઢવામાં વપરાતી રૂવાળી પ્લાસ્ટિક સળી(ઈયર બડ્સ) -ભેટસોગાદના બોકસને વીંટળાવવામાં આવતા પ્લાસ્ટિકના પાતળાં રેપર (કાગળ)-ડેકોરેશન માટે પ્લાસ્ટિકનો જ એક પ્રકાર ગણાતા થર્મોકોલ અને પીણાં પીવા માટે વપરાતી પ્લાસ્ટિકની સ્ટ્રો,ઈત્યાદિ આવી રોજિંદા ઉપયોગમાં આવતી વસ્તુઓ પર આપણે ત્યાં પ્રતિબંધ છે. આમ છતાંય, આપણે ત્યાં 'સબ ચલતા હૈ!'

આ તો આજની વાત છે, પણ એક નજર અહીં આ આંકડા પર ફેરવશો તો ખ્યાલ આવશે કે અત્યારે સુધી આખું વિશ્વ પ્લાસ્ટિક કચરાના 'ટીક ટીક..' કરતા જીવંત બોમ્બ પર કેવું બેઠું છે જેમ કે, જગઆખામાં પ્રત્યેક મિનિટે ૧૨ લાખ પ્લાસ્ટિક બોટલનો વપરાશ થાય છે અને દર વર્ષે ૫૦૦ અબજ પ્લાસ્ટિકના કપ પણ વપરાય છે!

**પ્રશ્નઃ પ્લાસ્ટિકથી બનેલી આ વસ્તુઓ આપણા તેમજ પર્યાવરણ માટે કઈ રીતે નુકસાનકારક છે?**

**ઉત્તરઃ** ધરતી પરના અબોલ પશુ-પ્રાણી અજાણતા જ પ્લાસ્ટિકની વસ્તુઓને આહાર સમજીને ખાઈ જાય-ગળી જાય ,જેનું રાસાયણ એમનાં માટે જીવલેણ પુરવાર થાય છે. એ જ રીતે, એક સંશોધન મુજબ ૧૫૦ મિલિયન ટનથી પણ વધુ પ્લાસ્ટિકનો જોખમી કચરો સમુદ્રમાં આજે તરી રહ્યો છે, જેનો દરિયાઈ જીવ પણ ભોગ બને છે. પર્યાવરણ - વાતાવરણમાં રહેલાં પ્લાસ્ટિક કેમિકલ્સના અંશ પણ માનવી માટે ખતરનાક બને છે. પેટ- ફેફસાંને એ બહુ જ ખરાબ રીતે દૂષિત કરે છે. મગજનાં જ્ઞાનતંતુઓની બીમારી અને કેન્સર જેવા રોગમાં વધારો કરવા ઉપરાંત માનવીની પ્રજનનક્ષમતાને પણ બહુ નુકસાન પહોંચાડે છે.

બીજી તરફ, વિજ્ઞાનીઓ-પર્યાવરણ નિષ્ણાતો પણ કહે છે કે જમીનમાં ભળી જતાં પ્લાસ્ટિકનાં રસાયણો ખેતીવાડીની ઊપજ પણ ઘણી ઘટાડી નાખે છે. એમને ભય છે કે પ્લાસ્ટિકના આડેધડ ઉપયોગ પર અંકુશ નહીં મુકાય તો બની શકે કે થોડાં વર્ષ બાદ ખેતર એવાં વાંઝિયા થઈ જશે કે ધાનનાં પણ ધાંધિયા થશે

**પ્રશ્નઃ આ બધા વચ્ચે હવે માઈક્રોપ્લાસ્ટિકના પ્રદૂષણનો મુદ્દો પણ ગાજ્યો છે એ શું છે?**

**ઉત્તરઃ** સૌ પ્રથમ એ સમજી લઈએ કે આ માઇક્રોપ્લાસ્ટિક્સ શું છે?

૨૦૨૨માં માનવ રક્તમાં માઇક્રોપ્લાસ્ટિક્સના અંશ મળી આવ્યા. 'યુએસ નેશનલ ઓશન સર્વિસ'સમજાવે છે તેમ પાંચ

(જુઓ પાનું ૬) ▶▶

### આ છે જીવતું મોત.. સમુદ્રથી ધરતી સુધી!

આમ તો માનવજાત પર પ્લાસ્ટિક પ્રદૂષણની અસર દેખાવા માંડી હતી છેક ૭૨-૭૪ વર્ષ અગાઉથી.ત્યારથી લઈને આજની તારીખ સુધીમાં માનવીએ ૮ અબજ ટનથી વધુ પ્લાસ્ટિક પેદા કર્યું, જેમાંથી માંડ ૮% પ્લાસ્ટિકનો પુનઃ ઉપયાગ થયો. બાકીનો આ જોખમકારી પદાર્થ આજે પણ ધરતી પર પ્રસરીને સમુદ્રમાં ગરક થઈ જાય છે..

* પાણી એટલે કે સમુદ્રનાં પાણીમાં આવો પ્લાસ્ટિક કચરો જે રીતે આજે ધકેલવામાં આવે છે એના પરથી પર્યાવરણશાસ્ત્રીઓ કહે છે કે આ રીતે જ જો ચાલતું રહેશે તો ૨૦૫૦ સુધીમાં આપણા દરિયામાં માછલી જેવાં જળચર કરતાં પ્લાસ્ટિક કચરો વધુ હશે


* આમાં મુખ્ય વિલન છે ફિલિપાઈન્સ,જે દર વર્ષે દરિયામાં ૩ લાખ,૫૬ હજાર ટન પ્લાસ્ટિકનો કચરો ધકેલે છે

* એ પછી નંબર આવે છે આપણો.. ભારત દર વર્ષે ૧ લાખ, ૨૬ હજાર ટન આવો કચરો દરિયામાં ઠાલવે છે

આપણા પછી ક્રમાંકે છે મલેશિયા-ચીન-ઈન્ડોનેશિયા, ઈત્યાદિ છે

* ધરતી પરનાં આ દૂષણની વાત કરીએ તો સરકારી આંકડા અનુસાર દર વર્ષે આપણા દેશમાં પ્લાસ્ટિક વેસ્ટ-કચરાનો આંક છે ૪.૧૨ મિલિયન ટન..બીજા શબ્દોમાં કહીએ તો પ્રતિ રોજ આપણે ત્યાં ૨૫,૯૪૦ ટન પ્લાસ્ટિક વેસ્ટ-કચરો એકઠો થાય છે આમાંથી પાટનગર દિલ્હી સૌથી વધુ(૬૯૦ ટન) અને ત્યાર બાદ મહાનગર કોલકાત્તા અને ચેન્નઈ સિટીનો ક્રમ આવે છે.





# પત્ની કે મા?

## પુરુષને પજવતો સદાબહાર પ્રશ્ન!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback.ladki@bombaysamachar.com

યુક્રેન કે રશિયા વચ્ચે અથવા ભાજપ કે કોંગ્રેસ વચ્ચે કે પછી એસઆઈપી કે સ્ટોક માર્કેટ ઈન્વેસ્ટમેન્ટ વચ્ચે કોઈ પણ એકની પસંદગી આસાનીથી કરી શકતો પરિણીત પુરુષ મા અને પત્ની વચ્ચે તણાવ સર્જાય ત્યારે કોઈ પણ એકની પસંદગી કરી શકતો નથી.

અલબત્ત, બાપડા પુરુષે આવી 'કોઈ પણ એક'વાળી કોઈ પસંદગી કરવી જ નથી હોતી. એણે તો બંનેને પસંદ કરવા હોય છે-પણ નહીં, ક્યારેક સંજોગો જ એવા સર્જાઈ જતાં હોય છે કે એણે બેમાંથી એકની પસંદગી કરવાની ફરજ પડાતી હોય છે. અલબત્ત, જૂજ વિચિત્ર કિસ્સાને બાદ કરતાં અહીં પણ પુરુષને એવી ફરજ તો નહીં જ પડાતી હોય કે તારે પત્ની સાથે રહેવું છે કે મા સાથે? જોકે, મોટાભાગના કિસ્સામાં એને એવી જ ફરજ પડાય છે કે 'અમારા બેમાંથી સાચું કોણ છે એ કહો!'

આમાં બાપડો પુરુષ બરાબરનો ભેરવાઈ પડે છે, કારણ કે કોઈ પણ એકનો પક્ષ લેવો એના માટે મોટું યુદ્ધ છેડવા જેવું છે. ગમે એટલી સમજુ પત્ની હોય, ગમે એટલી સમજુ મા હોય કે પુરુષ પોતે પણ ગમે એવો સમજુ હોય, પરંતુ જેમ બંગાળની ખાડીમાં વર્ષમાં એકાદ વાર મોટું સાયક્લોન સર્જાય એમ તેના સંસારમાં વર્ષે બે વર્ષે એકાદ વાર એવી સ્થિતિ સર્જાઈ જતી હોય છે કે એણે આવા 'હું સાચી કે તારી મા'નો કપરો નિર્ણય લેવો પડતો હોય છે.

આવા સંજોગોનો હેમખેમ સામનો કરવા માટે પુરુષ માટે ક્રાઈસિસ મેનેજમેન્ટ શીખવું અત્યંત જરૂરી છે અને આ ક્રાઈસિસ મેનેજમેન્ટ કેવું તો કે આવી સ્થિતિ વખતે એના કોઈ બયાનથી કે એની કોઈ એક્શનથી પરિસ્થિતિ વધુ ન વણસે એનું એણે પુરું ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે આવી લડાઈ મોટેભાગે મોટું સ્વરૂપ જ એટલા માટે લઈ લેતી હોય છે કે કાચી ક્ષણો સાચવી શકાતી નથી એટલે પુરુષે એ શીખી જવાનું છે કે એ કાચી ક્ષણોને કેમ સાચવી લેવી, જેમાં એણે તણાવના સમયે પોતાના તરફથી કોઈના પક્ષે કોઈ જ વિધાન કરવાનું થતું નથી. આવા તણાવને સમયે એના પર વ્યક્તિગત હુમલા પણ થઈ શકે છે ખાસ તો પત્ની તરફથી! એમાં ભૂતકાળમાં કોઈક પ્રસંગે એકાદ નાની ઘટના એવી સર્જાઈ હશે એની જ પીપૂડી રહી રહીને વાગતી હશે.

એવા સમયે પુરુષે એક જ કામ કરવાનું-બન્ને પક્ષના આક્ષેપો કે ફરિયાદો એ શાંતિથી સાંભળતો રહે.

એવા સમયે એ જો સામો જવાબ આપવા જશે અથવા કોણ સાચું કે ખોટું છે એ કહેવા જશે કે સામેના ફરિયાદીની કોઈ ભૂતકાળની ભૂલો બતાવવા જશે તો આખું વાવાઝોડું જુદી દિશામાં ફંટાશે અને જો વાવાઝોડું હાથમાં ન રહ્યું તો વાત વકીલો સુધી પહોંચી જશે.

આ સિવાય પુરુષે સમજી જવાનું છે કે આ ખેલ થોડા કલાકોનો અથવા તો એકાદ-બે દિવસોનો છે એટલે આવી કોઈ પણ ઘટના વખતે એણે કોઈને પણ જજ કરવાના નથી થતાં. એ જો કોઈને જજ કરશે તો આગળ જતાં એના મગજનું તો દહીં વત્તા એ લડાઈમાં પોતે પણ સંડોવાઈ જાય એની શક્યતાઓ અત્યંત વધી જાય માટે આવી સાસુ-વહુની 'તૂ તૂ-મેં મેં'ની લડાઈમાં 'આખરી ફેંસલો' આપવા ન બેસવું.

-અને હજુ એક વધારાની વાત છે સંવાદ. એ પણ ક્યારે? વાવાઝોડામાં તણાવની સ્થિતિ સહેજ ઠંડી પડે પછી.એ સમયે એણે કોઈનો ય પક્ષ લીધા વિના સંવાદ સાધવાનો છે, કારણ કે આવા કિસ્સામાં કોઈ એક પક્ષને બીજા પક્ષની વર્કિંગ સ્ટાઈલ, બોલવાની આદત અથવા તો ટીવી કે લાઈટ-પંખા ચાલુ-બંધ કરવાની આદત સામે જ પ્રશ્ન હોય છે આવા પ્રશ્નોમાં કોઈ પણ એક પક્ષને કે બંને પક્ષે નાનું-મોટું જતું કરવા કહેતા પહેલાં પોતાની સ્ટાઈલમાં સહેજ ફેરફાર કરાવવાનું જરૂરી બની જાય છે, કારણ કે અમુક વાતમાં જો સંવાદ નહીં થાય તો એ વાત એમની એમ લટકતી રહેશે ને એમાં કોઈ નિવેડો નહીં આવે. એના કરતાં તણાવ પછી સહેજ શાંતિ સ્થપાય પછી પુરુષે સ્માર્ટલી સાપ પણ મરે અને લાકડી પણ ન તૂટે એનું ધ્યાન રાખતા સંવાદ સાધી લેવાના..

આનાથી આવા તણાવની ફ્રિકવન્સી પણ ઘટશે અને ખાસ તો આવા તણાવ વખતે એ પોતે કોઈ કપરી સ્થિતિમાં નહીં મુકાય. વળી, નાખી દેવા જેવી વાતે થયેલો ભડકો નગરજોણા સુધી ન પહોંચે એનો પુરુષને સૌથી મોટો લાભ થાય. ■

# દુલીપ ટ્રોફીઃ મુખ્ય ખેલાડીઓ વિરુદ્ધ દમદાર દાવેદારો વચ્ચેનો જંગ

## આગામી ટેસ્ટ ટીમ માટે મોટા ભાગના પ્લેયર્સ નક્કી છે, પણ કેટલાકના અસરદાર પર્ફોર્મન્સ પર આજથી સિલેક્ટરો ખાસ નજર રાખશે

સ્પોર્ટ્સમેન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

**૧૯૨૯થી** ૧૯૩૧ દરમ્યાન ઇંગ્લૅન્ડ વતી ૧૨ ટેસ્ટ-મૅચ રમનાર ભારતીય મૂળના ક્રિકેટર કુમાર શ્રી દુલીપસિંહજીના નામે ૧૯૬૧ની સાલથી દુલીપ ટ્રોફી રમાય છે અને એની શરૂઆત આજે બેન્ગલૂરુમાં થઈ રહી છે એટલે આ લેખ માટે એને જ માધ્યમ બનાવવાનું નક્કી કર્યું. યોગાનુયોગ, બરાબર બે અઠવાડિયાં પછી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી) માટે ભારતીય ક્રિકેટરોના ટેસ્ટ અભિયાનની શરૂઆત થવાની છે એટલે દુલીપ ટ્રોફીમાંના પર્ફોર્મન્સીસ ખૂબ સમયસરના બની રહેશે.

ટેસ્ટના વર્લ્ડ કપ તરીકે ઓળખાતી ડબ્લ્યૂટીસીની ૨૦૨૧ની પ્રથમ સીઝનની ફાઇનલમાં ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે અને ૨૦૨૩ની બીજી સીઝનની ફાઇનલમાં ભારતનો ઑસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો. બબ્બે વખત ફાઇનલમાં પહોંચ્યા પછી ટ્રોફીથી વંચિત ભારત આ વખતે પણ ફાઇનલમાં પહોંચશે એવી સંભાવના નકારી ન શકાય, કારણકે અત્યારે પૉઇન્ટ્સ-ટેબલમાં રોહિત શર્મા ઍન્ડ કંપની મોખરે છે એટલે આ વખતે (૨૦૨૫ની ફાઇનલમાં) ટ્રોફી જીતવાનો કોઈ મોકો હાથમાંથી ગુમાય નહીં એની ખાસ તકેદારી રાખવી પડશે.

ભારત માટે આગામી ૧૦ ટેસ્ટ-મૅચ આકરી કસોટીની છે. એમાંથી પહેલી બે ટેસ્ટ આ મહિને ઘરઆંગણે બાંગ્લાદેશ સામે, ત્રણ ટેસ્ટ ઑક્ટોબર-નવેમ્બરમાં ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે અને પાંચ ટેસ્ટ નવેમ્બર, ડિસેમ્બર, જાન્યુઆરીમાં ઑસ્ટ્રે લિયામાં રમાશે.

હવે મુખ્ય વાત એ છે કે દુલીપ ટ્રોફીમાંના પર્ફોર્મન્સીઝ પરથી સિલેક્ટરો ટેસ્ટ ટીમ નક્કી કરશે. ૧૯મી સપ્ટેમ્બરે ઘરઆંગણે બાંગ્લાદેશ સામે શરૂ થનારી ટેસ્ટ શ્રેણી માટેની ટીમ નક્કી કરવા માટે પસંદગીકારોને ઘણા વિકલ્પો મળી રહેશે, પરંતુ મોટી સંખ્યામાં દાવેદારો હોવાથી તેમને માટે મીઠી મૂંઝવણ પણ બની રહેશે.

દુલીપ ટ્રોફીની મૅચ ચાર દિવસની હોય છે એટલે એક રીતે એને ટેસ્ટ મુકાબલા જ કહી શકાય. આજે ડોમેસ્ટિક લેવલની આ મિનિ-ટેસ્ટ ટૂર્નામેન્ટનો આરંભ બેન્ગલૂરુમાં ટીમ-એ અને ટીમ-બી વચ્ચેના મુકાબલા (સવારે ૯.૩૦ વાગ્યાથી) સાથે થશે. આજે બીજો મુકાબલો પણ શરૂ થશે જે આંધ્ર પ્રદેશના અનંતપુરમાં ટીમ-સી અને ટીમ-ડી વચ્ચે (સવારે ૯.૩૦ વાગ્યાથી) થશે. અનુક્રમે શુભમન ગિલ, અભિમન્યુ ઈશ્વરન, ઋતુરાજ ગાયકવાડ અને શ્રેયસ ઐયર આ ચાર ટીમના કૅપ્ટન છે.

રોહિત શર્મા, વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહને દુલીપ ટ્રોફીમાંથી આરામ અપાયો છે, પરંતુ બાકીના ભારતના લગભગ તમામ વર્તમાન ખેલાડીઓની આ ટૂર્નામેન્ટમાં આકરી કસોટી થશે.

સૌથી પહેલાં ઓપનિંગ બૅટર્સ પર નજર કરીએ. ટેસ્ટ સિરીઝમાં કૅપ્ટન રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલ ઓપનિંગમાં રમશે એ લગભગ નક્કી છે. જો બેમાંથી કોઈને ઈજા કે બીમારી નહીં થાય તો તેઓ જ બાંગ્લાદેશ સામે દાવની શરૂઆત કરશે. જોકે ઓપનિંગ માટે બીજા ઘણા દાવેદારો છે જેમ કે શુભમન ગિલ, કેએલ રાહુલ, અભિમન્યુ ઈશ્વરન, દેવદત્ત પડિક્કલ અને બી. સાઇ સુદર્શન. આ બધામાંથી ગિલ વનડાઉનનો બૅટર છે અને કેએલ રાહુલ ચોથા નંબરે રમ્યો છે, પરંતુ તક મળે તો તેઓ ઓપનિંગમાં પણ રમી શકશે.


મિડલ-ઑર્ડરમાં સૂર્યકુમાર યાદવનું નામ સૌથી વધુ ચર્ચામાં છે. તેને હાથમાં થોડી ઈજા થઈ હોવાથી દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાં નહીં રમે, પણ પછી જો બાકીની મૅચોમાં સારું રમશે તો ભારતની ટી-૨૦ ટીમના આ કૅપ્ટનને ફરી ટેસ્ટ ટીમમાં આવવાની ખૂબ ઇચ્છા છે. કરીઅરની પહેલી પાંચ ટેસ્ટ ઇનિંગ્સમાં ત્રણ હાફ સેન્ચુરી ફટકારીને સૉલિડ શરૂઆત કરનાર સરફરાઝ ખાન અને વિકેટકીપર ધ્રુવ જુરેલ ટેસ્ટ માટેના મિડલ-ઑર્ડરના દાવેદારો છે. જોકે વિરાટ કોહલી અને રિષભ પંતના કમબૅક સાથે તેમને ટેસ્ટ ટીમમાં સ્થાન મળવાની સંભાવના સાવ ઓસરી જશે.

૧૯મી સપ્ટેમ્બરથી ચેન્નઈમાં બાંગ્લાદેશ સામે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટેની ટીમમાં ટોચના આ સાત ખેલાડી નક્કી જણાય છેઃ રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, કેએલ રાહુલ, રિષભ પંત અને રવીન્દ્ર જાડેજા.

ફરી મિડલ-ઑર્ડરના બૅટર્સની વાત કરીએ તો દુલીપ ટ્રોફીની ટીમ-ડીનો કૅપ્ટન શ્રેયસ ઐયર પણ મોટો દાવેદાર છે. રજત પાટીદારનું ટેસ્ટ-ડેબ્યૂ સારું નહોતું રહ્યું, પરંતુ દુલીપ ટ્રોફીમાં સારું રમશે તો ટીમમાં કમબૅક કરવાનો મોકો તેને મળી શકે. સિલેક્ટર્સ ઑસ્ટ્રેલિયા સામે રમનારી ઇન્ડિયા 'એ' ટીમનું પણ સિલેક્શન કરવાના હોવાથી આમાંના ઘણા ખેલાડીઓને એમાં સ્થાન બુક કરવાની પણ તક છે.

સ્પિનર્સમાં જાડેજા ઉપરાંત રવિચન્દ્રન અશ્વિન ટેસ્ટ ટીમ માટે મુખ્ય દાવેદાર છે, પરંતુ ઑલરાઉન્ડર અક્ષર પટેલ તેમ જ કુલદીપ યાદવ પણ દુલીપ ટ્રોફીમાં વિકેટો લઈને ટેસ્ટ ટીમ માટે દાવો કરી શકે. લેફ્ટ-આર્મ સ્પિનર આર. સાઇ કિશોર અને સૌરભ કુમાર તેમ જ રાજસ્થાનનો માનવ સુથાર પણ રેસમાં જોવા મળી શકે. જોકે આ બધા નવોદિતો સામે અનુભવી સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર જો દુલીપ ટ્રોફીમાં ચમકશે તો કેટલાકની આશા

(જુઓ પાનું ૬) ▶▶


કેએલ રાહુલ


અર્શદીપ સિંહ


અક્ષર પટેલ


શ્રેયસ ઐયર

# લાડકી બહેન યોજનાનું શ્રેય કોને? મહાયુતિમાં આ મુદ્દે જબરી ખેંચતાણ

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી પૂર્વે મહારાષ્ટ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી 'લાડકી બહેન યોજના'ની ખૂબ ચર્ચા છે અને એ સાથે જ વિપક્ષો પણ આ યોજનાની એટલી જ ટીકા કરી રહ્યા છે. જોકે, આ યોજના અંતર્ગત પાત્ર મહિલાઓના ખાતામાં પૈસા જમા થવાના શરૂ થઇ જતા હવે નવો વિવાદ ઊભો થયો છે.

આ યોજનાનો મહાયુતિના ત્રણેય મુખ્ય પક્ષો જોરદાર પ્રચાર કરી રહ્યા છે અને યોજનાની સફળતા તેમ જ યોજના વિશે જાગરૂકતા ફેલાવવા માટે આખા રાજ્યમાં રેલીઓ ચાલી રહી છે. જોકે, આ યોજના ખરેખર કોણ લાવ્યું એ બાબતે હવે વિવાદ શરૂ થયો છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર મેળાવડો યોજીને રાજ્યની મહિલાઓને સંબોધી રહ્યા છે ત્યારે તેમની રેલીમાં દેખાયેલાં બેનરો અને સોશિયલ મીડિયામાં તેમના પક્ષ એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ) દ્વારા મુકાતી જાહેરાતોના કારણે મહાયુતિમાં ડખો પડે એવી શક્યતા છે. લાડકી બહેન યોજના અજિત પવાર લાવ્યા હોવાની જાહેરાતો જોવા મળતા યોજનાનો જશ ખાટવા માટે 'કોલ્ડ વૉર' ચાલુ હોવાનું કહેવાઇ રહ્યું છે.

આ યોજનાની જાહેરાતોમાં 'અજિત પવાર લાવ્યા લાડકી બહેન યોજના' અને 'અજિત દાદાની લાડકી બહેન યોજના' તેમ જ 'મને અજિત દાદાએ પૈસા મોકલાવ્યા, દાદાએ વાયદો કર્યો પૂરો' જેવાં બેનરો-જાહેરાતો જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયા પર મૂકવામાં આવતી જાહેરાતમાં એક મહિલા કહેતી જોવા મળે છે કે ''મહિલાઓના બૅંક ખાતાઓમાં આવતી ૧,૫૦૦ રૂપિયાની ભેટ મારા દાદાનો પ્રેમ છે. મહિલાઓના સપનાની ઉડાનને લગાવાયેલી આ નાનકડી પાંખ છે અને દાદા તો એક જ છે. એ દાદાની આ આ લાડકી બહેન યોજના છે.'' ■

### ...એટલે આવી જાહેરાતો કરી: એનસીપી

આ બાબતે સ્પષ્ટતા કરતા અજિત પવાર જૂથના પ્રવક્તા ઉમેશ પાટીલે જણાવ્યું હતું કે આપણી પાસે કેન્દ્ર સરકારની અનેક યોજના હોય છે અને મોટાભાગની યોજનાને વડા પ્રધાનનું નામ જ આપવામાં આવે છે. એ જ રીતે રાજ્ય સરકારની યોજનાઓમાં મુખ્ય પ્રધાનના નામનો ઉલ્લેખ હોય છે. જો ખરેખર અજિત દાદાએ યશ લેવો હોત તો તેમણે જ નાણાં પ્રધાન તરીકે આ યોજના જાહેર કરી ત્યારે ઉપમુખ્યમંત્રી લાડકી બહેન યોજના' આવા નામથી યોજનાની જાહેરાત કરી હોત. જોકે, તેમણે મુખ્ય પ્રધાનના નામે જ આ યોજનાની જાહેરાત કરી હતી. ■

# બીકેસી પોડ ટેક્સી પ્રોજેક્ટ પાટે ચઢ્યો

## પ્રોજેક્ટના અમલ માટેનો ઇજારો એક એજન્સીને સોંપાયો

મુંબઈ: મુંબઈમાં ઔદ્યોગિક-વેપાર ક્ષેત્રના હબ ગણાતા બીકેસી(બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ)માં જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી છે તેવા પોડ ટેક્સી પ્રોજેક્ટ આખરે પાટા પર ચઢી રહ્યો હોય તેવું જણાય છે. ક્રાંતિકારી ગણાતા પોડ ટેક્સી પ્રોજેક્ટનો ઇજારો સોંપવા માટે એમએમઆરડીએ(મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી) દ્વારા એજન્સીની નિયુક્ત કરવામાં આવી છે.

ચીફ સેક્રેટરીની આગેવાનીમાં યોજાયેલી એમએમઆરડીએની ૨૮૨મી એક્ઝિક્યુટિવ કમિટીની બેઠકમાં પોડ ટેક્સી પ્રોજેક્ટની ડિઝાઇન, એન્જિનિયરિંગ, ડેવલપમેન્ટ, કન્સ્ટ્રક્શન, ટેસ્ટિંગ તેમ જ કમિશનિંગ અને ઓપરેશન અને મેઇનટેનન્સ માટે એમ.એસ.સાઇ ગ્રીન મોબિલિટી પ્રાઇવેટ લિમિટેડ આ એજન્સીની નિયુક્તિ કરવા પર મહોર મારવામાં આવી હતી. સંપૂર્ણ પ્રોજેક્ટનો ઇજારો આ એજન્સીને આપવાનો નિર્ણય લેવાયો હોવાને પગલે બીકેસીમાં ઑટોમેટેડ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ એટલે કે પોડ ટેક્સી પ્રોજેક્ટ તૈયાર થવાની દિશામાં પહેલું પગલું ભરાયું છે. બીકેસીમાં પોડ ટેક્સી પ્રોજેક્ટની લાંબા સમયથી રાહ જોવાઇ રહી છે અને તેના કારણે આ વિસ્તારમાં જાહેર પરિવહન ક્ષેત્રમાં મોટી ક્રાંતિ આવશે. આ પ્રોજેક્ટના કારણે બીકેસીમાં ચોવીસ કલાક વાહનવ્યવહાર લોકોને મળી રહેશે અને



તેનો ફાયદો બીકેસીમાં કામ કરતા ચારથી છ લાખ લોકોને થશે. આ પ્રોજેક્ટ માટે નિમણૂક કરાયેલી એજન્સીએ એમ.એસ.અલ્ટ્રા પીઆરટી આ કંપની સાથે પણ પાર્ટનરશીપ કરી છે. આ કંપની લંડનમાં હિથ્રો ઍરપોર્ટ ખાતે ચાલતી પોડ ટેક્સી સિસ્ટમને ટેક્નોલોજી પૂરી પાડવાનો અનુભવ ધરાવે છે અને બીકેસીના પોડ ટેક્સી પ્રોજેક્ટ માટે મદદરૂપ પુરવાર થશે. ■

# મોટા નેતા છોડશે અજિત પવારનો સાથ?

## પિંપરી-ચિંચવડના દિગ્ગજ નેતા નાના કાટે શરદ પવાર જૂથમાં સામેલ થાય તેવી શક્યતા

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી નજીક આવતા હવે નેતાઓના પક્ષપલટાના સમાચારો પણ આવવા માંડ્યા છે એવામાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)ને એક મોટા નેતા રામ રામ કહે તેવા અહેવાલ મળી રહ્યા છે. અજિત પવાર જૂથના પિંપરી-ચિંચવડના મોટા નેતા અજિત પવારનો સાથ છોડી શરદ પવાર જૂથમાં સામેલ થાય તેવી શક્યતા છે. પિંપરી-ચિંચવડ ક્ષેત્રના દિગ્ગજ નેતા મનાતા નાના કાટે શરદ પવારના પક્ષમાં ટૂંક સમયમાં પ્રવેશ કરશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. હજી મંગળવારે જ કોલ્હાપુરના ભાજપના નેતા સમરજીતસિંહ ઘાટગેએ શરદ પવાર જૂથમાં પ્રવેશ કર્યો હતો ત્યારે નાના કાટે પણ શરદ પવારની સાથે જોડાવાના હોવાની ચર્ચાને પગલે શરદ પવાર જૂથમાં જોરમાં ઇનગમિંગ શરૂ હોવાનું દૃશ્ય દેખાઇ રહ્યું છે.

હવે બેઠકોની વહેંચણીમાં મહાયુતિમાં પિંપરી-ચિંચવડની બેઠક ભાજપના ફાળે જાય તેવી શક્યતા છે અને નાના કાટે આ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઇચ્છુક છે. જેને પગલે તે પક્ષપલટો કરે તેવી શક્યતા જણાઇ રહી છે. ■

# મહિલાઓ આર્થિક રીતે પગભર થવાથી પ્રગતિ થશે: રાષ્ટ્રપ્રમુખ

ઉદગીર (મહારાષ્ટ્ર): મહિલાઓના આર્થિક સશક્તિકરણથી (આર્થિક રીતે પગભર થવાથી) દેશની પ્રગતિ અને વિકાસ થશે એવો અભિપ્રાય બુધવારે વ્યક્ત કરી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રુષોએ તેમની ક્ષમતા ઓળખીને મહિલાઓને તેમના સપનાં સાકાર કરવામાં મદદ કરવા જણાવ્યું હતું. મહિલાઓનું સન્માન કરવું એ કાયમ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ રહ્યો છે એમ જણાવતાં તેમણે દેશના કાર્યબળમાં વધી રહેલા મહિલાના હિસ્સા અંગે રાજીપો વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રપતિ મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ઉદગીરમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા જ્યાં એકનાથ શિંદેના નેતૃત્વવાળી સરકારના 'મુખ્ય પ્રધાન લાડકી બહેન યોજના' અને 'શાસન આપલ્યા દારી' કાર્યક્રમના લાભાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર દેશના કાર્યબળમાં મહિલાઓના સહભાગમાં નોંધપાત્ર વધારો થયો છે. સરકારની મદદથી મહિલાઓ દરેક ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપી રહી છે. અલબત્ત વધુ પ્રયત્નો કરવાની જરૂર છે જેથી તેમના સહભાગમાં વધારો થાય. (પીટીઆઈ) ■

# ગર્લફ્રેન્ડનો જીવ ગયો: બૉયફ્રેન્ડ સામે હત્યાના પ્રયાસનો આરોપ

મુંબઈ: દહિસરની ગગનચુંબી ઈમારતની અગાશી પર ૧૮ ફૂટ ઊંચી પાણીની ટાંકી પરથી ગર્લફ્રેન્ડ પ્રિયાંગીને કથિત રીતે ધક્કો મારવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી અમય દરેકર વિરુદ્ધ બે વર્ષ બાદ સોમવારે સેશન્સ કોર્ટે પૂરતા પુરાવા હોવાનું નોંધીને હત્યાના પ્રયાસની કલમ હેઠળ આરોપ ઘડ્યા હતા. આ નવા વળાંક સાથે હવે કોર્ટમાં ટ્રાયલ શરૂ થશે. ઘટના ૧૩ નવેમ્બર, ૨૦૨૨ની વહેલી સવારે દહિસર પૂર્વમાં આવેલી લ બેલેઝા બિલ્ડિંગની અગાશી પર બની હતી. એક ફ્રેન્ડ સાથે દારૂ પીવા બેસેલી પ્રિયાંગી (૨૬)ને ૧૮ ફૂટ ઊંચી પાણીની ટાંકી પરથી કથિત રીતે ધક્કો મારવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી બીપીઓની કર્મચારી પ્રિયાંગીને અમય પોતાના બોરીવલીના ઘરે લઈ ગયો હતો. પછી અમયની માતા રાધિકા પ્રિયાંગીને તેના મલાડના ઘરે છોડવા ગઈ હતી.

પ્રિયાંગી પર છ કલાક સુધી કરોડરજ્જુની સર્જરી ચાલી હતી, જેમાં ૧૪ સ્ક્રૂ બેસાડવામાં આવ્યા હતા.

આ પ્રકરણે પ્રિયાંગીના પિતા મુનીષની ફરિયાદને આધારે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. પોલીસે દાવો કર્યો હતો કે દારૂ પીધા પછી યુગલ વચ્ચે ઝઘડો થયો હતો.

આ આખી વાર્તા મુનીષે ઉપજાવી કાઢેલી હોવાનું જણાવીને તેની સામેના આરોપો પડતા મૂકવાની માગણી ગયા વર્ષે અમયે કોર્ટમાં કરી હતી. તેણે એ વાત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે પોલીસને આપેલા નિવેદનમાં પિયાંગીએ જણાવ્યું હતું કે તેમની વચ્ચે સારી મિત્રતા હતી અને તેને એવું નથી લાગતું કે તેને ધક્કો મારવામાં આવ્યો હતો. ■

# હત્યાના પ્રયાસ માટે ૧૦ વર્ષની જેલ

થાણે: બે વર્ષ જૂના હત્યાના પ્રયાસના કેસમાં થાણે જિલ્લાની એક કોર્ટે ૩૦ વર્ષીય વ્યકિતને દોષી ઠરાવીને ૧૦ વર્ષની જેલની કડક સજા ફટકારી હતી. મંગળવારે આપેલા ચુકાદામાં એડિશનલ સેશન્સ જજે દોષી સદ્દામ હુસૈન અબ્દુલ રઝાક શેખને રૂ. ૩૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો. સદ્દામને દોષી ઠરાવી દસ વર્ષની જેલની કડક સજા ફટકારતા કોર્ટે નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષે શેખ સામેના આક્ષેપો સફળ રીતે પુરવાર કર્યા હતા. સરકારી વકીલે કોર્ટને કહ્યું હતું કે મુંબઈની એક મસ્જિદમાંથી નમાઝ અદા કરીને એક વ્યક્તિ બહાર આવી હતી ત્યારે શેખે તેના પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો જેમાં પીડિત ગંભીર રીતે ઘાયલ થયો હતો. (પીટીઆઇ) ■

# અજિત પવાર બીમાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને ખાંસી-ઉધરસની તકલીફ વધી ગઇ હોવાના અહેવાલ મંગળવારે ફરતા થયા ત્યારબાદ બુધવારે તેમને બ્રોન્કાઇટિસની બીમારી થઇ હોવાની સત્તાવાર જાણકારી મળી હતી. બ્રોન્કાઇટિસના કારણે ડૉક્ટરોએ અજિત પવારને આરામ કરવાની સલાહ આપી હતી. બીમારીના કારણે અજિત પવાર રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મૂર્મુના લાતુર ખાતેના કાર્યક્રમમાં હાજર રહી શક્યા નહોતા. ■

# મોબાઈલ માટે ઠપકો: કિશોરી ઘર છોડી ગઈ

થાણે: સતત મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહેવાને કારણે વડીલોએ ઠપકો આપતાં ૧૫ વર્ષની કિશોરી ઘર છોડી ગઈ હોવાની ઘટના થાણે જિલ્લાના ડોમ્બિવલીમાં બની હતી. પોલીસ ફરિયાદ અનુસાર સોમવારની બપોરે ૧.૧૫ વાગ્યાની આસપાસ ડોમ્બિવલીના ખોની સ્થિત ઘરેથી જતી રહેલી સગીરા પાછી ફરી નહોતી. મોબાઈલ ફોનના અતિશય ઉપયોગને કારણે ઠપકો આપ્યા પછી કિશોરી ઘરમાંથી બહાર નીકળી ગઈ હતી, એવું માનપાડા પોલીસમાં નોંધાયેલી ફરિયાદમાં જણાવાયું હતું. આ પ્રકરણે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ) ■

## દેશ વિદેશ

# રામબનની રેલીમાં રાહુલ ગાંધીનું મોટું વચન- 'જમ્મુ કાશ્મીરને રાજયનો દરજ્જો અપાવીને રહીશું'

જમ્મુ: વિપક્ષના નેતા અને કૉંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ બુધવારે જમ્મુ-કાશ્મીરમાં તેમની પાર્ટીના ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. આ દરમિયાન રામબન જિલ્લાના ગુલ સિંગલ દાનમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે તેમણે લોકોને વચન આપ્યું હતું કે તેમની પાર્ટી ઈન્ડિયા બ્લોકના સહયોગીઓની મદદથી ફરીથી કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમે એ સુનિશ્ચિત કરીશું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો મળે પછી ભાજપ ઇચ્છે કે ન ઇચ્છે. અમે ઈન્ડિયા એલાયન્સના બેનર હેઠળ રાજ્યનો દરજ્જો ફરીથી આપવા માટે સરકાર પર દબાણ લાવીશું. વિપક્ષના નેતાએ કહ્યું કે ભાજપ અને આરએસએસના લોકો દેશભરમાં નફરત અને હિંસા ફેલાવી રહ્યા છે. દેશમાં બે વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે, એક તરફ બીજેપી અને આરએસએસના લોકો નફરત ફેલાવી રહ્યા છે તો બીજી તરફ અમે પ્રેમ સન્માનની વાત કરીએ છીએ. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમે સૂત્ર આપ્યું છે કે નફરતના બજારમાં મોહબ્બતની દુકાન ખોલવી છે. અમે લોકોને જોડીએ છીએ અને તે લોકોને તોડે છે. નફરતનો જવાબ નફરતથી ન આપી શકાય, નફરતનો જવાબ પ્રેમથી જ આપી શકાય. તેમણે કહ્યું કે દેશમાં પહેલીવાર જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો છીનવીને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો છે. તેલંગણા, છત્તીસગઢ સહિત દેશમાં અનેક રાજ્યોની રચના કરવામાં આવી છે, પરંતુ ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે કે જમ્મુ-કાશ્મીરમાંથી કોઈ રાજ્યનો દરજ્જો છીનવીને તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હોય. રાહુલ ગાંધીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકોના અધિકારો છીનવાઈ ગયા છે. સૌથી પહેલા આપણે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો આપવો પડશે. ■

# જમ્મુ-કાશ્મીરમાં પીડીપી અને એનસી માટે ખુલ્લેઆમ પ્રચાર કરી રહ્યા છે પૂર્વ આતંકવાદીઓ: રામ માધવ

શ્રીનગર: ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ના ભૂતપૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવે બુધવારે નેશનલ કોન્ફરન્સ (એનસી) અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) પર જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં ભૂતપૂર્વ આતંકવાદીઓનું સમર્થન લેવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે બંને પક્ષો કેન્દ્રશાસિત પ્રદેશને તેના 'મુશ્કેલ તબક્કા'માં પાછા લઈ જવા માગે છે.

તાજેતરમાં જ જમ્મુ કાશ્મીર માટે પાર્ટીના ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત થનારા માધવે અબ્દુલ્લા અને મુફ્તી પરિવારોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે બંને પરિવારોને બહારનો રસ્તો બતાવવાની જરૂર છે.

તેમણે કહ્યું હતું કે મારી પાસે માહિતી છે કે ભૂતપૂર્વ આતંકવાદીઓ ખુલ્લેઆમ નેશનલ કોન્ફરન્સ અને પીડીપીના ઉમેદવારો માટે પ્રચાર કરી રહ્યા છે. ''લોકોએ તે પક્ષોને હરાવવા જોઈએ જેઓ જમ્મુ અને કાશ્મીરને તેના ખરાબ તબક્કામાં લઈ જવા માંગે છે અને નવા નેતૃત્વનું સમર્થન કરવું પડશે જેઓ શાંતિ અને પ્રગતિ ઇચ્છે છે.''

લાલ ચોક વિધાનસભા મતવિસ્તારમાંથી પાર્ટીના ઉમેદવાર એજાઝ હુસૈનના નામાંકન વખતે માધવ અહીં હાજર રહ્યા હતા. અહીં પત્રકારો સાથે વાત કરતા માધવે નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા જાહેર કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરાનો ઉલ્લેખ કરતા કહ્યું કે બંને પ્રાદેશિક પક્ષો જમ્મુ અને કાશ્મીરને તેના જૂના અને મુશ્કેલીભર્યા દિવસોમાં પાછા લઈ જવા માગે છે.

તેમણે કહ્યું હતું કે ''હું જમ્મુ અને કાશ્મીરના લોકોને યાદ અપાવવા માગુ છું કે એનસી, પીડીપી અને અન્યોએ એક મેનિફેસ્ટો બહાર પાડ્યો છે જે જમ્મુ અને કાશ્મીરને જૂના અને મુશ્કેલીભર્યા દિવસોમાં લઈ જશે. કાશ્મીર ઘાટીમાં નવા પક્ષો અને નવા નેતાઓ ઉભરશે, જ્યારે ભાજપ જમ્મુ ક્ષેત્રમાં શાંતિ અને વિકાસના પ્રતિનિધિ તરીકે ઉભરી આવશે. તેમણે દાવો કર્યો કે જમ્મુ-કાશ્મીરમાં ભાજપના નેતૃત્વમાં નવી સરકાર બનશે.

જ્યારે ઘણા યુવા ચહેરાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે ભાજપના નેતાએ કહ્યું કે આ જમ્મુ અને કાશ્મીરના લોકોની વ્યૂહરચના છે કારણ કે તેઓ નવું નેતૃત્વ ઈચ્છે છે. સારી સંખ્યામાં યુવાનો આગળ આવી રહ્યા છે અને તેમને ટેકો મળવો જોઈએ.

આ રાજ્ય બે પરિવારોની પકડમાં હતું, તે બે પરિવારોને બહારનો રસ્તો બતાવવાની જરૂર છે. રાજ્યને આ પરિવારોથી છૂટકારો મેળવવાની જરૂર છે. ■

### કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓનું શારીરિક શોષણ:

# સમસ્યાનો ઉકેલ લાવવા સમિતિ રચવા મુખ્ય પ્રધાનને ઉદ્યોગ જગતની વિનંતી

બેંગલૂરુ: કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓનાં શારીરિક શોષણની સમસ્યાનો ઉકેલ લાવવા નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ સમિતિ રચવાની કર્ણાટક ફિલ્મ ઉદ્યોગે બુધવારે મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયાને વિનંતી કરી હતી.

કર્ણાટકના મુખ્ય પ્રધાનને લખેલા પત્રમાં કર્ણાટક ફિલ્મ ઉદ્યોગ જગતના ૧૦૦ કરતાં પણ વધુ વ્યાવસાયિકોએ ફિલ્મ ઈન્ડસ્ટ્રી ફૉર રાઈટ્સ ઍન્ડ ઈક્વાલિટી (ફાયર) વતી આ સમસ્યાને મામલે સઘન તપાસ કરવાની વિનંતી કરી હતી. મલયાલમ ફિલ્મ ઉદ્યોગ સંબંધિત જસ્ટિસ કે. હેમા કમિટીના અહેવાલને પગલે કર્ણાટક ફિલ્મ ઉદ્યોગ જગતના વ્યાવસાયિકોએ ચાર સપ્ટેમ્બરે મુખ્ય પ્રધાનને આ અંગે પત્ર લખ્યો હતો.

ફિલ્મ નિર્દેશક કવિતા લંકેશના વડપણ હેઠળ 'ફાયર'એ કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં સુધારો કરવા દબાણ આણ્યું હતું.

કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓને પણ સમાન તક અને તંદુરસ્ત વાતાવરણ મળે તેની ખાતરી કરવા 'ફાયર'એ સરકારને નવી નીતિ ઘડી કાઢવાની ભલામણ કરી હતી. (એજન્સી) ■

# કન્નડ એક્ટર દર્શન વિરુદ્ધ ચાર્જશીટ દાખલ

બેંગલુરુ: બેંગલુરુ પોલીસે બુધવારે રેણુકાસ્વામી હત્યા કેસમાં કન્નડ અભિનેતા દર્શન થુગુદીપા સહિત ૧૭ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. બેંગલુરુ પોલીસ કમિશનર બી. દયાનંદે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ બાદ 'નક્કર' ચાર્જશીટ તૈયાર કરવામાં આવી છે.

પોલીસે કહ્યું કે ચાર્જશીટમાં ૨૩૧ સાક્ષીઓનાં નિવેદનો અને ટેકનિકલ અને ઈલેક્ટ્રોનિક પુરાવા સામેલ છે. તેમણે એમ પણ કહ્યું કે આ કેસમાં પોલીસે ૨૪મી એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં ૩૯૯૧ પાનાની ચાર્જશીટ (સાત ખંડો અને ૧૦ ફાઇલો સાથે) દાખલ કરી છે.

દયાનંદે કહ્યું હતું કે અમે આ કેસમાં ૧૭ લોકોની ધરપકડ કરી છે, જેઓ હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. ત્રણ પ્રત્યક્ષ સાક્ષીઓ છે; '૨૭ સાક્ષીઓએ કોર્ટ સમક્ષ તેમનાં નિવેદનો આપ્યાં છે અને અન્ય સાક્ષીઓએ પોલીસ સમક્ષ તેમના નિવેદનો નોંધ્યા છે.'

તેમણે કહ્યું હતું કે અમે એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) અને સીએફએસએલ (સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, હૈદરાબાદ)ને તપાસ સંબંધિત ઘણી સામગ્રી મોકલી હતી. અમને તેમના રિપોર્ટ્સ મળ્યા છે, પરંતુ સીએફએસએલ તરફથી કેટલાક રિપોર્ટ્સ મળવાના બાકી છે. દયાનંદે કહ્યું કે આ કેસના સાક્ષીઓમાં ૫૬ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તપાસકર્તાઓ દ્વારા એકત્ર કરાયેલા પ્રત્યક્ષદર્શીઓ, પરિસ્થિતિગત, તકનીકી, વૈજ્ઞાનિક અને અન્ય પુરાવાઓના આધારે ૧૭ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ■

# 'લંડનમાં ૭૨ જણનો જાન લેનારી આગ રોકી શકાઇ હોત'

## તપાસના અહેવાલમાં દાવો: બ્રિટિશ વડા પ્રધાને માફી માગી

લંડન: અહીં ૨૦૧૭માં ૭૨ જણનો જાન લેનારી ગ્રેનફેલ ટાવરમાંની આગની તપાસ કરનારી સમિતિએ આપેલા અહેવાલ મુજબ આ આગની દુર્ઘટના અટકાવી શકાઇ હોત.

નિવૃત્ત ન્યાયાધીશ માર્ટિન મૂર-બિકના નેતૃત્વ હેઠળ યોજાયેલી આ તપાસના અહેવાલમાં જણાવાયું હતું કે આ દુર્ઘટનાનું કોઇ એક કારણ નહોતું, પરંતુ તે સરકાર, નિયંત્રક અને ઉદ્યોગની નિષ્ફળતાનું પરિણામ હતું.

બ્રિટનમાં બીજા વિશ્વયુદ્ધ પછી લાગેલી સૌથી વધુ જાન લેનારી આ આગની તપાસના અહેવાલમાં જણાવાયું હતું કે આ દુર્ઘટના માટે વિવિધ લોકોની અપ્રામાણિકતા અને લાલચ પણ જવાબદાર હતા.

વડા પ્રધાન કીર સ્ટાર્મરે આ દુર્ઘટના માટે બ્રિટિશ સરકાર વતી માફી માગતા જણાવ્યું હતું કે મને આ દુર્ઘટના અંગે બહુ દુ:ખ છે. આવી દુર્ઘટના બનવી નહોતી જોઇતી. હું આગમાં માર્યા ગયેલા લોકોનાં સગાં અને ઘાયલોને ન્યાય અપાવવાની બાંયધરી આપું છું.

લંડનના ગ્રેનફેલ ટાવરમાં ૨૦૧૭ની ૧૪ જૂને ચોથા માળે આગ લાગી હતી અને તે પચીસમા માળ સુધી ફેલાઇ હતી. (એજન્સી) ■

# રાજસ્થાનમાં આવનારા દિવસોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી

જયપુર: ભારે વરસાદને કારણે રેલવે ટ્રેકને પહોંચેલા નુકસાનને કારણે અનેક ટ્રેનો રદ કરવામાં આવી હોવા ઉપરાંત અનેક ટ્રેનોને અન્ય રૂટ પર વાળવામાં આવી હોવા વચ્ચે હવામાન ખાતાએ આવનારા દિવસોમાં પણ રાજસ્થાનના અનેક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેશે એવી આગાહી કરી છે, એમ અધિકારીઓએ બુધવારે કહ્યું હતું.

હજુ થોડા દિવસ રાજસ્થાનમાં ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેશે એવી હવામાન ખાતાએ આગાહી કરી છે.

નોર્થ વેસ્ટર્ન રેલવેના અધિકારીઓએ કહ્યું હતું કે પાંચ ટ્રેનો સંપૂર્ણપણે તો બે ટ્રેન આંશિક રીતે રદ કરવામાં આવી છે તો અમુક ટ્રેનોને અન્ય રૂટ પર વાળવામાં આવી છે.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર બુધવારે સવારના સાડાઆઠ વાગે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ભારે ગડગડાટ સાથે વરસાદ પડ્યો હતો.

જયપુર, દૌસા, સવઈ માધોપુર, ચિત્તોડગઢ, પ્રતાપગઢ, બનાસવાડા, કોટા, બુંદી, બારન, ટોન્ક, જોધપુર, ઝાલોર અને ઉદયપુર, ભિલવાડા અને બારમરમાં ભારેથી અતિભારે વરસાદ નોંધાયો હતો.

ઉદયપુરના રિષભદેવમાં સર્વાધિક ૧૬૭ મિ.મી., બારમરના ગુધા માલાનીમાં ૧૪૭ મિ.મી., ભિલવાડાના કોટડામાં ૧૧૯ મિ.મી., બુંદીના નૈનવામાં ૯૩ મિ.મી., બનાસવાડામાં ૮૬ મિ.મી., બારમરના નોખડામાં ૮૪ મિ.મી., જયપુરના બસ્સીમાં ૯૦ મિ.મી., દૌસાના લાવણમાં ૮૦ મિ.મી., ઝાલોરના સાન્ચોરેમાં ૮૦ મિ.મી., કોટાના પિપ્લાદમાં ૭૫ મિ.મી., બારનના માંગરોળમાં ૭૭ મિમિ. અને ચિત્તોડગઢના બડી સદરીમાં ૭૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

બંગાળના અખાતમાં હવાના દબાણનો પટ્ટો સર્જાવાને કારણે આવનારાં દિવસોમાં રાજસ્થાનના અનેક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# ભારતનો સચિન સરજેરાવ ખિલારી પૅરાલિમ્પિક્સમાં બન્યો નંબર-ટૂ ખેલાડી

## ગોળા ફેંકમાં સિલ્વર મેડલ જીત્યો

પૅરિસ: દિવ્યાંગ ઍથ્લીટો માટેની પૅરાલિમ્પિક્સમાં ગોળા ફેંકની એફ-૪૬ કૅટેગરીની હરીફાઈમાં ભારતનો વર્લ્ડ ચૅમ્પિયન સચિન સરજેરાવ ખિલારી બુધવારે સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે ગોળો ૧૬.૩૨ મીટર દૂર ફેંક્યો હતો.

૩૪ વર્ષના સચિન ખિલારીએ બીજા પ્રયાસમાં દિવસનો પોતાનો બેસ્ટ થ્રો નોંધાવ્યો હતો અને એ સાથે તેણે ૧૬.૩૦ મીટરનો એશિયન રેકૉર્ડ તોડી નાખ્યો હતો.

જોકે પૅરિસમાં તેનો પર્ફોર્મન્સ સર્વશ્રેષ્ઠ નહોતો રહ્યો. કૅનેડાના ગ્રેગ સ્ટુઅર્ટે ૧૬.૩૮ મીટર દૂર ગોળો ફેંકીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. બીજી રીતે કહીએ તો તેણે ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સમાં જીતેલા ગોલ્ડ મેડલને ડિફેન્ડ કર્યો હતો.

સચિન ખિલારીના સિલ્વર મેડલ સાથે આ વખતે પૅરા-ઍથ્લેટિક્સમાં ભારતીયોના મેડલની સંખ્યા ૧૧ ઉપર પહોંચી હતી અને ભારતે એ સાથે આ પૅરાલિમ્પિક્સમાં કુલ ૨૧ મેડલ જીતી લીધા છે જેમાં ત્રણ ગોલ્ડ છે.

મે, ૨૦૨૪માં કૉબેની વર્લ્ડ પૅરા-ઍથ્લેટિક્સ ચૅમ્પિયનશિપમાં સચિન ખિલારી ગોલ્ડ જીત્યો હતો અને ગ્રેગ સ્ટુઅર્ટને સિલ્વર મળ્યો હતો.

એફ-૪૬ ઇવેન્ટમાં એવા દિવ્યાંગ ઍથ્લીટો ભાગ લે છે જેમને હાથમાં તકલીફ હોય.

દરમ્યાન, મંગળવારે રાત્રે પૅરિસ પૅરાલિમ્પિક્સની હાઈ જમ્પની હરીફાઈમાં ભારતને શરદ કુમારે સિલ્વર અને મરિયપ્પન થાંગાવેલુએ બ્રૉન્ઝ મેડલ અપાવ્યો હતો. એ પહેલાં, દીપ્તિ જીવનજી મહિલાઓની ૪૦૦ મીટર દોડમાં બ્રૉન્ઝ જીતી ચૂકી હતી. ભાલાફેંકમાં ભારતના અજીત સિંહ તથા સુંદર સિંહ ગુર્જરે અનુક્રમે બીજું તથા ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ■



# રોહિત વિશે લગભગ નક્કી થઈ ગયું, મુંબઈ ઇન્ડિયન્સમાં જ રહેશે

મુંબઈ: ૨૦૨૪ની આઇપીએલમાં હાર્દિક પંડ્યાને મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)નો કૅપ્ટન બનાવાતાં હાર્દિક તો ચર્ચાના ચકડોળે ચડ્યો જ હતો, રોહિત શર્માનું એમઆઇની ટીમમાંનું ભાવિ ડગમગી ગયું હતું. એમાં વળી એમઆઇની ટીમ સાવ તળિયે (૧૦મા નંબરે) રહી એટલે ચર્ચા વધુ ઉગ્ર બની હતી. જોકે ૨૦૨૫ની આઇપીએલ માટે આ વર્ષના અંતમાં યોજાનારા મેગા ઑક્શન પહેલાં એમઆઇ તરફથી મોટું નિવેદન બહાર આવ્યું છે જેના પરથી સ્પષ્ટ થાય છે કે રોહિત એમઆઇ સાથે જ જોડાયેલો રહેશે.

એક જાણીતી ન્યૂઝ ચૅનલના અહેવાલ અનુસાર ભારતને જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપ જિતાડનાર રોહિત શર્મા મુંબઈ ઇન્ડિયન્સથી અલગ નહીં થાય, રોહિતને એમઆઇ રીટેન કરશે. રોહિતનું નામ લખનઊ સુપર જાયન્ટ્સ સહિત કેટલીક ટીમો સાથે લેવામાં આવતું હતું, પરંતુ હવે એ ચર્ચા પૂરી થઈ જશે એવું કહી શકાય. ■

# કોચ યુદ્ધને લીધે અઢી વર્ષ ન આવી શક્યા, સ્પર્ધકની સિદ્ધિ સાંભળીને ભાવુક થઈ ગયા

## ઊંચા કૂદકામાં શરદ કુમાર સિલ્વર જીત્યો: ભારતના જ થાંગાવેલુને મળ્યો બ્રૉન્ઝ

પૅરિસ: પૅરા હાઈ જમ્પર શરદ કુમાર અઢી વર્ષથી તેના કોચને મળી નથી શક્યો, પરંતુ મંગળવારે જ્યારે તેણે પૅરિસ પૅરાલિમ્પિક્સમાં પોતે ઊંચા કૂદકાની હરીફાઈમાં સિલ્વર મેડલ જીત્યો હોવાની વાત ફોન પર તેના કોચ નિક્તિન યેવહેનને કરી ત્યારે તેઓ એ ગુડ ન્યૂઝ સાંભળીને ભાવુક થઈ ગયા હતા અને ઑલમોસ્ટ રડી પડ્યા હતા.

નિક્તિન યેવહેન યુક્રેનના છે. રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી, ૨૦૨૨થી યુદ્ધ ચાલે છે અને ત્યારથી યેવહેન દેશની બહાર નથી નીકળી શક્યા.શરદ કુમારે ૨૦૧૭થી ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સ સુધી યેવહેન પાસે તાલીમ લીધી હતી. ટોક્યોમાં શરદ બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો.

મંગળવારે ફાઇનલમાં શરદ કુમારે ૧.૮૮ મીટર ઊંચો કૂદકો માર્યો હતો અને બીજા સ્થાને રહ્યો હતો. અમેરિકાનો એઝરા ફ્રેચ (૧.૯૪ મીટર) ગોલ્ડ મેડલ અને ભારતનો મરિયપ્પન થાંગાવેલુ (૧.૮૫ મીટર) બ્રૉન્ઝ જીત્યો હતો.પીટીઆઇને શરદ કુમારે કહ્યું, 'કોચ યેવહેન મારી સફળતા સાંભળીને બેહદ ખુશ થયા હતા અને લગભગ રડી જ પડ્યા હતા. તેઓ યુદ્ધને કારણે મને રૂબરૂમાં તાલીમ નથી આપી શક્યા. હું ફિલિપીન્સમાં હતો ત્યારે મેં તેમની પાસે ઑનલાઇન ચૅટ કર્યું હતું. તેમના આશીર્વાદ અને શુભેચ્છાની મારા પર ઘણી અસર પડી છે.'

શરદ કુમાર બિહારનો છે. તેને નાનપણમાં મિશ્રણવાળી પોલિયોની દવાને કારણે ડાબા પગમાં પૅરેલિસિસ થઈ ગયું હતું. ભારત મેડલ વિજેતાઓની યાદીમાં બુધવારે સાંજે ત્રણ ગોલ્ડ સહિત કુલ ૨૧ મેડલ સાથે ૧૯મા નંબરે હતું. જોકે શરદ કુમારના કોચનો દેશ યુક્રેન નવ ગોલ્ડ સહિત કુલ ૪૬ ચંદ્રક સાથે નવમા સ્થાને હતો. ■




ઊંચા કૂદકાની હરીફાઈમાં સિલ્વર મેડલ જીતનાર ભારતનો શરદ કુમાર (જમણે) તથા બ્રૉન્ઝ મેળવનાર થાગાવેલુ (ડાબે). અમેરિકાનો એઝરા ફ્રેચ ગોલ્ડ મેડલ જીત્યો હતો. (પીટીઆઇ)

### પૅરિસ પૅરાલિમ્પિક્સમાં કોના કેટલા મેડલ?

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રૉન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચીન | ૫૬ | ૪૧ | ૨૩ | ૧૨૦ |
| ૨ | બ્રિટન | ૩૧ | ૨૦ | ૧૬ | ૬૭ |
| ૩ | અમેરિકા | ૨૪ | ૨૨ | ૧૧ | ૫૭ |
| ૪ | ફ્રાન્સ | ૧૪ | ૧૬ | ૧૭ | ૪૭ |
| ૫ | બ્રાઝિલ | ૧૪ | ૧૨ | ૨૪ | ૫૦ |
| ૧૯ | ભારત | ૩ | ૮ | ૧૦ | ૨૧ |

# પાકિસ્તાનને માથે પનોતી બેઠી છે, રૅન્કિંગમાં ૫૯ વર્ષના સૌથી નીચા રેટિંગ પર પહોંચ્યું





બાંગ્લાદેશ સામે પાકિસ્તાન જ્યાં પહેલી વાર ટેસ્ટમાં અને ટેસ્ટ શ્રેણી હાર્યું એ રાવલપિંડીનું મેદાન (ડાબે). મેહદી હસન મિરાઝ (એકદમ ડાબે) આ સિરીઝનો અવૉર્ડ જીત્યો હતો. તેણે શ્રેણીમાં હાઇએસ્ટ ૧૦ વિકેટ લેવા ઉપરાંત ૧૫૫ રન પણ બનાવ્યા હતા.

દુબઈ/કરાચી: પાકિસ્તાન ક્રિકેટ હાલમાં અત્યંત ખરાબ હાલતમાં છે. પહેલાં તો પાકિસ્તાનની ટેસ્ટ ટીમ પહેલી વાર બાંગ્લાદેશ સામે ટેસ્ટ-મૅચ હાર્યું અને પછી બાંગ્લાદેશે એને સિરીઝની બીજી ટેસ્ટમાં પણ હરાવીને ૨-૦થી એનો વ્હાઇટ-વૉશ કરવાની સાથે પહેલી જ વખત એની સામે ટેસ્ટ-સિરીઝ જીતી લીધી.

અધૂરામાં પૂરું, આ બધી નામોશીને પગલે પાકિસ્તાને હવે આઇસીસી ટેસ્ટ રૅન્કિંગમાં જોરદાર પછડાટ ખાધી છે. પાકિસ્તાન છેલ્લા ૫૯ વર્ષના લોએસ્ટ રેટિંગ પર પહોંચી ગયું છે.

ટેસ્ટના રૅન્કિંગમાં પાકિસ્તાન છેક આઠમા સ્થાને ધકેલાઈ ગયું છે. એનું રેટિંગ માત્ર ૭૬ છે જે ૧૯૬૫થી અત્યાર સુધીમાં (૫૯ વર્ષમાં) સૌથી નીચું છે.

ઑસ્ટ્રેલિયા ૧૨૪ના રેટિંગ સાથે નંબર વન, ભારત ૧૨૦ના રેટિંગ સાથે નંબર-ટૂ અને ઇંગ્લૅન્ડ ૧૦૮ના રેટિંગ સાથે નંબર-થ્રી છે.

બાંગ્લાદેશે પાકિસ્તાનની ટીમને એની જ ધરતી પર બન્ને ટેસ્ટમાં હરાવી છે. પ્રથમ ટેસ્ટમાં નજમુલ શૅન્ટોની ટીમે દસ વિકેટે અને બીજી ટેસ્ટમાં છ વિકેટે વિજય મેળવ્યો હતો. ટેસ્ટ-ક્રિકેટમાં બાંગ્લાદેશે હવે પાકિસ્તાનને હરાવવાનું શરૂ કરી દીધું છે એમ કહીએ તો પણ ખોટું નથી.

બાંગ્લાદેશ સામેની શૉકિંગ હાર પહેલાં પાકિસ્તાનની ટીમ રૅન્કિંગમાં છઠ્ઠા નંબરે હતી, પણ હવે આઠમા સ્થાને જતી રહી છે.

બાંગ્લાદેશ સામેની હારને લીધે શાન મસૂદની ટીમને રૅન્કિંગમાં બહુ મોટું નુકસાન થયું જ છે, દેશભરમાં મસૂદની કૅપ્ટન્સીની અને તેની ટીમની ખૂબ ટીકા થઈ રહી છે.

હવે બાંગ્લાદેશની ભારતમાં કસોટી થશે. ૧૯મી સપ્ટેમ્બરે ભારતમાં બે મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ થશે. ■

### ટેસ્ટ રૅન્કિંગમાં કયો દેશ કયા સ્થાને?

| ક્રમ | દેશ | મૅચ | પૉઇન્ટ | રેટિંગ |
|---|---|---|---|---|
| ૧ | ઑસ્ટ્રેલિયા | ૩૦ | ૩૭૧૫ | ૧૨૪ |
| ૨ | ભારત | ૨૬ | ૩૧૦૮ | ૧૨૦ |
| ૩ | ઇંગ્લૅન્ડ | ૩૪ | ૩૬૭૯ | ૧૦૮ |
| ૪ | સાઉથ આફ્રિકા | ૨૧ | ૨૧૭૯ | ૧૦૪ |
| ૫ | ન્યૂ ઝીલૅન્ડ | ૨૨ | ૨૧૨૧ | ૯૬ |
| ૬ | શ્રીલંકા | ૧૮ | ૧૫૦૧ | ૮૩ |
| ૭ | વેસ્ટ ઇન્ડિઝ | ૨૬ | ૧૧૯૨ | ૭૭ |
| ૮ | પાકિસ્તાન | ૨૦ | ૧૩૨૩ | ૭૬ |
| ૯ | બાંગ્લાદેશ | ૨૦ | ૧૩૨૩ | ૬૬ |
| ૧૦ | આયરલૅન્ડ | ૫ | ૧૩૧ | ૨૬ |
| ૧૧ | ઝિમ્બાબ્વે | ૩ | ૧૧ | ૪ |
| ૧૨ | અફઘાનિસ્તાન | ૩ | ૦ | ૦ |

# મેડલ-વિજેતા દીપ્તિને એક સમયે લોકો મેન્ટલ અને મંકી કહીને ચીડવતાં

## આંધ્રની રનર પૅરાલિમ્પિક્સનો કાંસ્ય ચંદ્રક જીતી



પૅરિસ: અહીં પૅરાલિમ્પિક્સમાં ૪૦૦ મીટરની રેસમાં બ્રૉન્ઝ મેડલ જીતનાર આંધ્ર પ્રદેશના વારંગલ જિલ્લાની દીપ્તિ જીવંજીએ પુરવાર કર્યું છે કે ગમે એવી મુશ્કેલી હોય, લોકો ભલે કંઈ પણ ટીકા કરે અને ભલભલા મોટા પડકારો સામે આવ્યા હોય, પરંતુ ઍથ્લીટનું મનોબળ જો મજબૂત હોય અને અથાક પરિશ્રમ કરવાની તેની તૈયારી હોય તો મોટામાં મોટી સિદ્ધિ પણ હાંસલ કરી શકાય છે.

ટી-૨૦ કૅટેગરીની દિવ્યાંગ રનર દીપ્તિ જીવંજી પૅરાલિમ્પિક્સ પહેલાં જાપાનના કૉબે શહેરમાં આયોજિત વર્લ્ડ ઍથ્લેટિક્સ પૅરા ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી હોવાથી તે તેના વર્ગની વર્લ્ડ ચૅમ્પિયન છે.

દીપ્તિ જીવંજીએ મંગળવારે પૅરાલિમ્પિક્સમાં ૪૦૦ મીટરની દોડ ૫૫.૮૨ સેકન્ડમાં પૂરી કરીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું. યુક્રેનની યુલિયા શુલિયાર (૫૫.૧૬ સેકન્ડ) ગોલ્ડ મેડલ અને ટર્કીની વર્લ્ડ રેકૉર્ડ ધારક આયસેલ ઑન્ડર (૫૫.૨૩ સેકન્ડ) સિલ્વર મેડલ જીતી હતી.

માનસિક રીતે અક્ષમ દીપ્તિ જીવંજી મંગળવારે જે ચંદ્રક જીતી એ ભારતનો આ પૅરાલિમ્પિક્સનો ૧૬મો મેડલ હતો. તેના માતા-પિતા ધનલક્ષ્મી જીવંજી અને યધાગિરી જીવંજીએ એક જાણીતા અંગ્રેજી દૈનિકને મુલાકાતમાં કહ્યું છે કે 'દીપ્તિ જન્મથી જ મગજની અક્ષમતાનો શિકાર છે. માનસિક અક્ષમતાને કારણે તે સામેવાળી વ્યક્તિનું કહેવું જલદી સમજી નથી શકતી તેમ જ તેની સાથે સામાન્ય રીતે વાતચીત પણ નથી કરી શકતી. આ ખામીને કારણે નાનપણથી તેણે લોકોની ટકોર સાંભળવી પડી છે. તેનો જન્મ સૂર્ય ગ્રહણના દિવસે થયો હતો. તેનું માથું નાનું છે અને તેના હોઠ તથા નાક થોડા વિકૃત છે. અમારા ગામ કાલેડાની લગભગ દરેક વ્યક્તિ અને અમારા અમુક સગા સંબંધીઓ માટે દીપ્તિ વિચિત્ર વ્યક્તિ છે એટલે તે લોકોની ટકોર સાંભળીને જ મોટી થઈ છે. તેઓ અમારી દીકરીને એક કે એકથી વધુ વખત દીપ્તિ પિચી (મેન્ટલ) અને દીપ્તિ કોઠી (મંકી) કહીને બોલાવી ચૂક્યા છે. તેમણે અમને એવું પણ સૂચવ્યું હતું કે દીપ્તિને અનાથાલયમાં મોકલી આપો. લોકોની ટકોર સાંભળીને દીપ્તિ ઘરે દોડી આવતી અને ખૂબ રડતી. જોકે અમારી દીકરી વર્લ્ડ ચૅમ્પિયન બની અને હવે તો પૅરાલિમ્પિક્સનો મેડલ પણ જીતી છે એટલે એ બધાની બોલતી બંધ થઈ ગઈ છે અને દીપ્તિએ સાબિત કર્યું છે કે તે સ્પેશિયલ ગર્લ છે.'

દીપ્તિના દાદા ગુજરી ગયા ત્યારે જીવંજી પરિવારે ગુજરાન માટે અડધું ખેતર વેચી દેવું પડ્યું હતું. દીપ્તિના પિતા ત્યારે રોજના ૧૦૦થી ૧૫૦ રૂપિયા કમાતા હતા. જોકે હવે દીપ્તિ મેડલ જીતી હોવાથી તેને મોટી ઇનામી રકમ મળશે જે તેના પરિવારને ઘણી કામ લાગશે. ■

# મારા પિતાને માનસિક બીમારી છે એટલે ધોની વિશે ઘસાતું બોલ્યા : યુવરાજ





ચંડીગઢ: ભારતના ભૂતપૂર્વ પેસ બોલર યોગરાજ સિંહે તેમના પુત્ર યુવરાજ સિંહની કારકિર્દી બગાડી નાખવા તેમ જ ટૂંકાવી નાખવા માટે એમએસ ધોનીને જવાબદાર ગણાવીને બે દિવસ પહેલાં તેના વિશે અપમાનજનક કમેન્ટ્સ કરી એ વિષયમાં ખુદ યુવરાજ સિંહે એક પૉડકાસ્ટમાં કહ્યું છે કે 'મારા પિતા માનસિક બીમારીથી પીડાય છે.'

યોગરાજ સિંહે કંઈ પહેલી વખત ધોનીને નિશાન નથી બનાવ્યો. આ પહેલાં પણ તેમણે ભારતીય ક્રિકેટના આ લેજન્ડ વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી.

યોગરાજ સિંહ ૧૯૮૧ની સાલમાં ભારતીય ટીમમાંથી પોતાને કઢાવવા બદલ કપિલ દેવને જવાબદાર ગણાવીને તેમના વિશે પણ ઘસાતું બોલ્યા હતા.

જોકે પુત્રના વિષયમાં ધોની વિશે તેઓ બોલ્યા એટલે તરત યુવરાજે પૉડકાસ્ટમાં ખુલાસો કર્યો છે કે 'મારા ડૅડને કેટલીક માનસિક તકલીફો છે, પરંતુ તેઓ એ હકીકત સ્વીકારવા તૈયાર જ નથી.'

યુવરાજ સિંહે ૧૭ વર્ષની શાનદાર કરીઅરમાં ભારતને અનેક મૅચો જીતાડી આપી હતી. ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપમાં અને ૨૦૧૧ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતને ચૅમ્પિયન બનાવવામાં યુવીની મહત્ત્વની ભૂમિકા હતી. તે કૅન્સરની બીમારી છતાં ૨૦૧૧ના વર્લ્ડ કપમાં રમ્યો હતો. એ વર્લ્ડ કપની એક મૅચ દરમ્યાન પિચ પર જ તેને લોહીની ઊલટી થઈ હતી એમ છતાં તે રમતો રહ્યો હતો.

ભારતને વર્લ્ડ કપની ટ્રોફી અપાવ્યા પછી યુવરાજની તબિયત બગડી હતી અને તેણે કીમોથેરપી સહિત મહિનાઓ સુધી સારવાર લીધી હતી અને કૅન્સરના મહા રોગને હરાવીને ફરી રમવા લાગ્યો હતો.

યુવીના પિતાએ એક ઇન્ટરવ્યૂમાં ધોનીને ટાર્ગેટ બનાવતા એવું પણ કહ્યું હતું કે 'હું ધોનીને ક્યારેય માફ નહીં કરું. તેને કારણે મારી મારા પુત્રની કરીઅર વહેલી સમેટાઈ ગઈ હતી.' ■

# દ્રવિડ ફરી હેડ-કોચના હોદ્દા પર...હવે રાજસ્થાનની ટીમને આપશે કોચિંગ

નવી દિલ્હી: રાહુલ દ્રવિડ હેડ-કોચના હોદ્દા પરથી ભારતીય ટીમને ટી-૨૦નો વર્લ્ડ કપ અપાવ્યા બાદ હવે લાંબા બ્રેક બાદ ફરી સક્રિય થવાનો છે. તે રાજસ્થાન રૉયલ્સ (આર.આર.) ટીમ સાથે ફરી જોડાઈ રહ્યો છે. તે ૨૦૨૫ની આઇપીએલ સીઝન પહેલાં આર.આર.ના હેડ-કોચ તરીકે જોડાઈ જશે.

સંજુ સૅમસન આર.આર.નો કૅપ્ટન છે અને તે દ્રવિડના હાથ નીચે ઘણું શીખ્યો છે. સૅમસન અન્ડર-૧૯ ટીમમાં હતો ત્યારથી દ્રવિડનું માર્ગદર્શન મેળવે છે.

આર.આર. સાથે દ્રવિડના બહુ જૂના સંબંધો છે. ૨૦૧૨ તથા ૨૦૧૩ની સીઝનમાં દ્રવિડ આર.આર.નો કૅપ્ટન હતો અને ત્યાર બાદ ૨૦૧૪ તથા ૨૦૧૫ની સીઝનમાં દ્રવિડ આ ટીમનો મેન્ટર હતો. ■

# 'ટેનિસ ફૅન' રોજર ફેડરરે બે હાથ જોડીને ચાહકોનો આભાર માન્યો



ન્યૂ યૉર્ક: ૨૦ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનાર સ્વિટ્ઝરલૅન્ડનો ટેનિસ સમ્રાટ રોજર ફેડરર મંગળવારે અહીં આર્થર ઍશ સ્ટેડિયમમાં 'ટેનિસ ફૅન તરીકે' યુએસ ઓપનની એક મૅચ જોવા આવ્યો હતો. જોકે તેને મુખ્ય મહેમાનની જેમ સન્માન આપવામાં આવ્યું હતું. ચાહકોએ તેને સ્ટૅન્ડિંગ ઑવેશન આપ્યું ત્યારે ફેડરરે બે હાથ જોડીને તેમનું અભિવાદન કર્યું હતું અને ફેમસ સ્માઇલ સાથે લોકોના દિલ જીતી લીધાં હતાં.

ફેડરરે રમવાનું બંધ કર્યું ત્યાર પછીની તેની આ પહેલી જ વિઝિટ હતી. તેના ૨૦ ગ્રૅન્ડ સ્લૅમ સિંગલ્સ ટાઇટલમાં પાંચ યુએસ ઓપનના છે. તે અહીં ૨૦૦૪, ૨૦૦૫, ૨૦૦૬, ૨૦૦૭ અને ૨૦૦૮માં ચૅમ્પિયન બન્યો હતો. તેણે સતત પાંચ વર્ષમાં પાંચ ટાઇટલ જીત્યા ત્યાર બાદ એવી સિદ્ધિ બીજું કોઈ નથી મેળવી શક્યું.

તે સૌથી વધુ આઠ ટાઇટલ વિમ્બલ્ડનમાં જીત્યો હતો. તેની પાસે છ ટાઇટલ ઑસ્ટ્રેલિયન ઓપનના છે અને એક ટાઇટલ ફ્રેન્ચ ઓપનનું છે.

ફેડરરે અહીં મંગળવારે મહિલા વર્ગમાં અરીના સબાલેન્કા અને ઝેન્ગ કિન્વેન વચ્ચેની ક્વૉર્ટર ફાઇનલ જોઈ હતી જેમાં સબાલેન્કાએ ૬-૧, ૬-૨થી વિજય મેળવ્યો હતો.

સબાલેન્કા સેમિ ફાઇનલમાં નૅવારો સામે રમશે. નેવારોએ ક્વૉર્ટરમાં બડોસાને ૬-૨, ૭-૫થી હરાવી હતી.

મેન્સમાં એક ઑલ-અમેરિકન સેમિ ફાઇનલમાં ફ્રાન્સેસ ટિયાફો અને ટેલર ફ્રિટ્ઝ વચ્ચે રમાશે. ■





**આજથી દુલીપ ટ્રોફીની રસાકસી શરૂ:** બેન્ગલૂરુમાં બુધવારે પ્રૅક્ટિસ દરમ્યાન કુલદીપ યાદવ (ડાબે) અને બીજો સ્પિનર આર. સાઇ કિશોર (ઉપર). આજે સવારે ૯.૩૦ વાગ્યાથી ચાર-ચાર દિવસની મૅચોવાળી દુલીપ ટ્રોફી શરૂ થઈ રહી છે. એમાં ચાર ટીમ વચ્ચે મુકાબલા થશે. (પીટીઆઇ)

## બાન્દ્રા ટર્મિનસ ⇌ ભાવનગર વિશેષ ટ્રેઈનના ફેરાનો વધારો

| ટ્રેન નં. | થી | સુધી | દોડવાના દિવસ | નીચેની તા. સુધી વધારેલ છે |
|---|---|---|---|---|
| ૦૯૨૦૭ | બાન્દ્રા ટર્મિનસ | ભાવનગર | શુક્રવાર (અઠવાડિક) | ૨૭/૧૨/૨૪ |
| ૦૯૨૦૮ | ભાવનગર | બાન્દ્રા ટર્મિનસ | ગુરુવાર (અઠવાડિક) | ૨૬/૧૨/૨૪ |

ટ્રેઈન નં. ૦૯૨૦૭/૦૯૨૦૮ના વધારેલા ફેરાનું બુકિંગ PRS કાઉન્ટર્સ ખાતે અને IRCTC વેબસાઈટ પર ૬/૯/૨૪થી શરૂ થશે. થોભવાના સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, યાત્રીઓ કૃપયા અહીં મુલાકાત લેઃ www.enquiry.indianrail.gov.in.

ઉપરોક્ત ટ્રેઈન વિશેષ દર પર વિશેષ ટ્રેઈન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રુફ સાથે રાખવું


# વિશ્વ બજાર પાછળ કોપર સહિતની ધાતુઓમાં ગાબડાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ઉત્પાદનના ડેટા નબળા આવતા વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવી હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન અને નિકલની આગેવાની હેઠળ એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. સાતના સુધારાને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૪૨ સુધીના ગાબડાં પડ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં પણ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધ્યું હતું. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ પાંખી રહી હોવાથી ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણે મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૨ ઘટીને રૂ. ૨૬૯૬, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ ઘટીને રૂ. ૮૦૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૭૭૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૭૬૯, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૪૦૮ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૭૬૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૭૧૫ અને રૂ. ૨૨૭, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૬૫ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૫૫૨ના મથાળે રહ્યા હતા.

# નિફ્ટી ૧૪ દિવસની આગેકૂચને બ્રેક મારીને ૨૫,૨૦૦ની નીચે સરક્યો, સેન્સેક્સમાં ૨૦૦ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બુધવારના સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટી નીચી સપાટીથી પાછાં ફર્યા હતા, પરંતુ શેરબજારની એકધારી તેજીને બ્રેક લાગી હતી. સત્રના અંતિમ કલાક સુધીમાં ૧૩ મુખ્ય ક્ષેત્રીય ઇન્ડેક્સમાંથી પાંચમાં તેજી જોવા મળી હતી. અમેરિકાના મેન્યુફેક્ચરિંગ ડેટા સતત પાંચમી વખત નબળા આવવાથી અમેરિકા સહિત એશિયાઇ બજારોમાં ઘબડકાના અહેવાલો પાછળ સાવચેતીના માનસ વચ્ચે રોકાણકારો રક્ષણાત્મક શેરો તરફ આકર્ષાયા હોવાથી ખાસ કરીને એફએમસીજી અને ફાર્મા સેક્ટરમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, બેન્કિંગ અને આઈટી સેક્ટરમાં નબળાઈએ બેન્ચમાર્કને નેગેટિવ ઝોનમાં ગોંધી રાખ્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૨૦૨.૮૦ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૮૨,૩૫૨.૬૪ પોઇન્ટના સ્તરે અને નિફ્ટી ૮૧.૧૦ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા ઘટીને ૨૫,૧૯૮.૭૦ની સપાટીએ સ્થિર થયો હતો. લગભગ ૧૮૫૨ શેર વધ્યા, ૧૯૩૫ શેર ઘટ્યા અને ૯૦ શેર યથાવત રહ્યાં હતાં. એશિયન પેઇન્ટ, હિંદ લીવર, અલ્ટ્રાટેક સિમેન્ટ, સનફાર્મા, રિલાયન્સ, એચડીએફસી બેન્ક, બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં, જ્યારે બીએસઇના ટોપ લુઝર્સ શેરોમાં જેએસડબલ્યુ સ્ટીલ, એનટીપીસી, ઇન્ડસઇન્ડ બેન્ક, મારુતિ, આઇટીસી અને ટાટા મોટર્સ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા.

પ્રાઇમરી માર્કેટમાં સારી હલચલ ચાલી રહી છે. ફ્લેક્સિબલ ઈન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર્સ અને અન્ય ઇન્ડસ્ટ્રીયલ પેકેજિંગ પ્રોડક્ટસ્નું ઉત્પાદન અને વેચાણ કરતી શ્રી તિરુપતિ બાલાજી એગ્રો ટ્રેડિંગ કંપની લિમિટેડ, આજે મૂડીબજારમાં રૂ. ૧૬૯.૬૫ કરોડના ભરણાં સાથે પ્રવેશ કરશે, પ્રાઈઝ બેન્ડ રૂ. ૭૮થી રૂ. ૮૩ નક્કી થઈ છે. લોટ સાઇઝ ૧૮૦ શેરની છે, જે બીએસઈ અને એનએસઈ પર લિસ્ટેડ થશે.

ઇકો મોબિલિટીનો શેર તેના રૂ. ૩૩૪ના ઇશ્યૂ ભાવ સામે ૧૭.૧૫ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૯૧.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા અને સત્ર દરમિયાન ૩૬.૫૨ ટકા ઉછળી રૂ. ૪૫૬ સુધી પહોંચી અંતે ૩૨.૦૫ ટકાના સુધારે રૂ. ૪૪૧.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો. ક્રોસ લિમિટેડ રૂ. ૫૦૦ કરોડના બુક બિલ્ટ ઈશ્યુ સાથે નવમી સપ્ટેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૨૮થી રૂ. ૨૪૦ નક્કી થઇ છે. ભરણામાં ફ્રેશ ઇક્વિટીનો હિસ્સો રૂ. ૨૫૦ કરોડ અને ઓએફએસનો હિસ્સો રૂ. ૨૫૦ કરોડનો છે. ભરણું ૧૧મીએ બંધ થશે, શેરની ફાળવણી ૧૨ સપ્ટેમ્બરે ફાઇનલ થવાની ધારણા છે. બીએસઇ અને એનએસઇ પર ૧૬મીએ લિસ્ટિંગ થશે. બજાજ હાઉસિંગ ફાઇનાન્સ સોમવારે રૂ. ૬,૫૬૦ કરોડના આઇપીઓ સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. ડેમ કેપિટલ એડવાઇઝર્સ લિમિટેડે બજાર નિયામિક સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) સમક્ષ તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઇલ કર્યું છે. આ ભરણું માત્ર ૩.૨ કરોડ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ છે, તેમાં ફ્રેશ ઇક્વિટીની ઓફર નથી.

ડો. રેડ્ડીઝ લેબ અને લ્યુપીને ઉત્પાદનના મુદ્દાને કારણે અમેરિકામાંથી પોતાના ઉત્પાદનો પાછાં ખેંચ્યા છે. વેસ્ટલાઇફ ફૂડવર્લ્ડ દ્વારા સંચાલિત મક ડોનાલ્ડ ઇન્ડિયાએ, સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટ્રી હેઠળની ફૂડ ટેકનોલોજી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, સીએસઆઇઆર સેન્ટ્રલ ફૂડ ટેકનોલોજી રિસર્ચ ઇન્સ્ટિટયૂટના સહયોગ સાથે મલ્ટી મિલેટ બન રજૂ કર્યું છે, જેમાં જુવાર, બાજરી, રાગી સહિતના ધાન્યો હોય છે.

સેન્ટર ફોર સાઇટ મહારાષ્ટ્રમાં નવ સેન્ટર સાથે વિસ્તરણ યોજના અંગર્તત આગળ વધી રહી છે અને આ જ દિશામાં લક્ષ્મી આઇ હોસ્પિટલ સાથે વ્યૂહાત્મક સહયોગ સાધ્યો છે. ઓપ્થેલ્મોલોજીનું દેશભરમાં નેટવર્ક ધરાવતી સેન્ટર ફોર સાઇટ હાલ ૧૫ રાજ્યમાં ૪૦ શહેરમાં ૮૨ સેન્ટર ધરાવે છે અને જેમાં ૩૫૦ નિષ્ણતા ડોક્ટર અને ૨૭૦૦ પ્રોફેશનલ સ્ટાફ મારફત વર્ષે દસેક લાખ પેશન્ટની સારવાર થાય છે. એનબીએફસી ક્ષેત્રની અગ્રણી કંપની એસએમએફજી ઇન્ડિયા ક્રેડિટે વાશીમાં ૧૦૦૦મી બ્રાન્ચ સાથે વિસ્તરણ કર્યું છે. કંપની ચાલુ નાણાકીય વર્ષમાં તેની એયુએમ રૂ. ૬૦,૦૦૦ કરોડ સુધી લઇ જવાનું લક્ષ્ય ધરાવે છે, જે ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૪૬,૫૦૦ કરોડના સ્તરે છે. કંપની અર્ફોર્ડેબલ હાઉસિંગ સબ્સિડરી, ગૃહશક્તિની બ્રાન્ચ બમણી કરીને ટીઅર ટુ ટાઉન તથા અર્ધશહેરી વિસ્તારોમાં પોતાની હાજરી વધારવા માગે છે.

એનએસઇ પર એશિયન પેઇન્ટ્સ, ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝ, એચયુએલ, એપોલો હોસ્પિટલ્સ અને સન ફાર્મા ટોપ ગેઇનર્સમાં છે, જ્યારે વિપ્રો, કોલ ઇન્ડિયા, ઓએનજીસી, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ અને એમએન્ડએમ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં. સેક્ટોરલ મોરચે, એફએમસીજી, રિયલ્ટી અને ફાર્મા ૦.૫ ટકા વધ્યા હતા, જ્યારે ઓટો, બેન્ક, એનર્જી, આઈટી, મેટલ ૦.૪-૧ ટકા ઘટ્યા હતા. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ નજીવો નીચામાં બંધ રહ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ગ્રીન જોનમાં પહોંચ્યો હતો.

એકધારી તેજી બાદ બુધવારના સત્રમાં શેરબજારે સવારના સત્રમાં મંદીનો ઝટકો આપ્યો હતો, સત્રની શરૂઆતની ગણતરીની મિનિટોમાં રોકાણકારોના ત્રણ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. સેન્સેક્સ ૫૭૬ પોઇન્ટ તૂટીને ૮૨,૦૦૦ની સપાટીની નીચે અને નિફ્ટી ૧૯૩ પોઇન્ટના કડાકા સાથે ૨૫,૦૦૦ની નજીક આવી ગયો ત્યારે શેરબજારમાં લિસ્ટેડ શેરોના કુલ બજાર મૂલ્યમાં આ ધોવાણ નોંધાયું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૯૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ એકંદરે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ લેવાલીને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર વધીને રૂ. ૩૭૩૦થી ૩૮૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૬થી ૩૯૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૬૦થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# અમેરિકી પે રૉલ ડેટાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનામાં પીછેહઠ, સ્થાનિક સોનામાં ₹ ૧૯૯નો અને ચાંદીમાં ₹ ૯૪૧નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાના ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા નબળા આવ્યા બાદ હવે રોકાણકારોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા ઑગસ્ટ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હતું. તેમ જ ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૪૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮થી ૧૯૯ ઘટી આવ્યા હતા.

આજે વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવ એક તબક્કે ઘટીને ઔંસદીઠ ૨૮ ડૉલરની અંદર ઊતરી ગયાના નિર્દેશો સાથે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૯૪૧ના ઘટાડા સાથે રૂ. ૮૧,૩૩૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હોવાથી તેમ જ રિટેલ સ્તરની તેમ જ જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૮ ઘટીને રૂ. ૭૧,૦૧૦ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૯ ઘટીને રૂ. ૭૧,૨૯૫ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની નવી લેવાલીમાં સાવચેતીના વલણ વચ્ચે હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૨૪૮૮.૧૧ ડૉલર અને ૨૫૧૯.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાત અંગેનો નિર્ણય લેશે અને વ્યાજદરમાં કપાતની માત્રાનો આધાર મુખ્યત્વે આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાના રોજગારીના ડેટા પર અવલંબિત હોવાથી રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું છે. જો ડેટા નબળા આવશે તો આર્થિક વૃદ્ધિની ચિંતાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ વ્યક્ત કરી હતી. જોકે, હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૫૯ ટકા અને ૫૦ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૪૧ ટકા શક્યતા ટ્રેડરો જોઈ રહ્યા છે. તેમ છતાં લાંબાગાળે સોનામાં મજબૂત વલણ જળવાઈ રહે તેવી શક્યતા રોડ્ડાએ વ્યક્ત કરી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૨૧ ટકાનો વધારો થયો છે તેમ જ ગત ૨૦મી ઑગસ્ટના રોજ ભાવ વધીને ઔંસદીઠ ૨૫૩૧.૬૦ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા.

# ઈક્વિટી માર્કેટની નરમાઈ સાથે ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસા તૂટીને ૮૪ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજી અટકવાની સાથે તિવ્ર ઘટાડો જોવા મળતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૪ની સપાટી પાર કરીને ૮૪.૦૧ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૯૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૨ અને ઉપરમાં ૮૩.૯૫ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા ઘટીને ૮૪.૦૧ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા રૂપિયા પર માઠી અસર પડી હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો, ગત ઑગસ્ટ મહિનાના સર્વિસીસ પીએમઆઈ આંક ગત જુલાઈ મહિનાના ૬૦.૩ સામે અને બજારના અપેક્ષિત ૬૦.૪ સામે વધીને ૬૦.૯ની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૭ ટકા ઘટીને ૧૦૧.૬૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૪૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૦૨૯.૨૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવા છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૦૨.૮૦ પૉઈન્ટનો અને ૮૧.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# એક્સિસ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડની એસેટ ₹ ૨૪૬૬ કરોડ, વાર્ષિક રિટર્ન ૩૧ ટકા નોંધાયું

મુંબઈ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડના બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે બેંક થાપણો, પીપીએફ અથવા રોકાણના અન્ય તમામ માધ્યમોને પાછળ છોડીને એક વર્ષમાં ૩૧ ટકાથી વધુ વળતર આપ્યું છે. એક્સિસ ફંડનું બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ પહેલી ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું અને હાલ તેની સંચાલન હેઠળની અસક્યામત રૂ. ૨,૪૬૬ કરોડ છે.

એક્સિસના બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડના ૩૧ ટકાથી વધુના એક વર્ષના વળતરની તુલનામાં, તેના બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ હાઇબ્રિડ કમ્પોઝિટે માત્ર ૧૭.૬૮ ટકા વળતર આપ્યું છે. ત્રણ વર્ષમાં ચક્રવૃદ્ધિ વૃદ્ધિ દર (સીએજીઆર) પર આ ફંડનું વળતર ૧૫ ટકાથી વધુ રહ્યું છે. દરમિયાન, અન્ય ફંડ હાઉસમાં નિપ્પોનના બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે એક વર્ષમાં ૨૮ ટકા વળતર આપ્યું છે. બિરલાના ફંડે ૨૫ ટકા, એસબીઆઇ બેલેન્સ્ડ ૨૫ ટકા, કોટક બેલેન્સ્ડ ૨૪ ટકા અને ટાટા બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડે માત્ર ૨૩ ટકા વળતર આપ્યું છે. બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ વ્યવસ્થિત નિયમ આધારિત મોડલનો ઉપયોગ કરે છે, જે સમય જતાં ઇક્વિટી ફાળવણીને સમાયોજિત કરે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન

W/૬૨૩/૫/૧/NIT
ઈ-ટેન્ડરીંગ નોટિસ
તારીખઃ ૦૨.૦૯.૨૦૨૪

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ : www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | RTM-૨૦૨૪-૨૫-૦૬૬ | ૫,૮૦,૧૧,૦૬૫.૦૩ | ૪,૪૦,૧૦૦.૦૦ | ૧૨ મહિના |
| | દેવાસ સ્ટેશન-વિવિધ સુવિધાઓ સાથે ગૂડસ શેડના વિકાસ સાથેના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ સાથે એપ્રોચ રોડ, રેલ રેવલ પ્લેટફોર્મ, લેડિઝ રેસ્ટ રૂમ, વોશ રૂમ, પેટચ રિપેર વગેરે કામ સહિતમાં સુધારણા અને જોગવાઈ. | | | |
| | કામનો સમાન પ્રકારઃ કોઈપણ સિવિલ એન્જિનિયર કામ. | | | |

વેબસાઈટ પર અપલોડની તારીખઃ ૦૨.૦૯.૨૦૨૪. ટેન્ડરની ખોલવાની તારીખઃ ૨૭.૦૯.૨૦૨૪. વિગતવાર ટેન્ડર નોટિસ પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટઃ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડર ફોર્મની કિંમત NIL છે.

5/1/210
ડિવિઝનલ રેલવે મેનેજર (W/A)
રતલામ ડિવિઝન

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો : twitter.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ચીફ એન્જિ./M&E/૩૩૬૦ તા. ૦૪.૦૯.૨૦૨૪

## ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા લાયક બિડરો પાસેથી 'આઈટમ રેટ આધારે' નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. ''ટેન્ડર'' વિભાગ હેઠળ MCGMની વેબસાઈટ પરની વિગતવાર ટેન્ડર નોટીસમાં બીડ શરૂ થવાની તારીખ અને સમય અને બિડ સમાપ્તિની તારીખ અને સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા
ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગ : | ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ) |
| સબ વિભાગ : | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) બાંધકામ |
| વિષય : | ૪૦૦ વોટના મેટલ હેલાઈડ/ HPSV બલ્બ/ કન્વેન્શનલ LED હાઈ- માસ્ટને ૧૫૦ વોટની સ્માર્ટ LED ફલડ લાઈટ હાઈ- માસ્ટમાં રૂપાંતરિત કરીને હાઈ- માસ્ટ સિસ્ટમનું અપગ્રેડેશન/ બદલી કરવું અને તેની વ્યાપક જાળવણી 2024_MCGM_ 1080644_1 |
| ટેન્ડર વેચાણ : | ૦૫/૦૯/૨૦૨૪ના સ. ૧૧.૦૦ ક.થી ૧૩/૦૯/૨૦૨૪ના સાંજે ૪.૦૦ ક. સુધી. |
| પ્રી-બીડ તારીખ : | ૧૦.૦૯.૨૦૨૪ના બ. ૧૨.૦૦ કલાકે |
| વેબસાઈટ : | http://portal.mcgm.gov.in NIC Portal http://mahatenders.gov.in |
| લીગલ / ટ્રેડ નામ : GSTIN નં. | બૃહન્મુંબઈ મહાનગરપાલિકા 27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિ : | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કંસ્ટ્રકશન. |
| a) નામ | શ્રી. મનોજ એચ. વાનખેડે |
| b) ટેલિફોન નંબર | ૨૪૯૫૮૧૫૩ |
| c) મોબાઈલ નંબર | ૯૬૩૭૩૪૧૦૦૪ |
| d) ઈ-મેલ સરનામું : | eemecheiconst.me@mcgm.gov.in |

ટેન્ડરોની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરર્સે મ્યુનિસિપલ વેબસાઈટ http://portal.mcgm.gov.in પર મુલાકાત લેવી જોઈશે.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
E.E. મિકે. (E.I.) બાંધકામ

PRO/1172/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જીનિયર (બ્રીજીસ)
બીડ નં. ૨૦૨૪_MCGM_૧૦૮૦૦૪૫_૧
નં. ચીફ એન્જી./૯૧૨૬/બ્રીજીસ, તા. ૦૪-૦૯-૨૦૨૪

## ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) નીચે દર્શાવેલ કામ માટે કોન્ટ્રેક્ટરની નિમણૂક કરવા ઈ-ટેન્ડર મંગાવે છે.

| કામનું નામ અને સ્થળ | કોન્ટ્રાક્ટ મુદત | રૂ.માં પ્રોજેક્ટની અંદાજિત કિંમત | બારડી (રૂ.) | રૂ.માં ઈ-ટેન્ડર સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|
| F/સાઉથ વોર્ડમાં પરેલ TT ફલાઈઓવરનું માળખાકીય મજબૂતીકરણ અને રિપેર્સ | ૧૨ મહિના (ચોમાસા સહિત) | રૂ. ૧૩,૦૭,૧૫,૬૭૮.૮૦/- | રૂ. ૧૩,૦૮,૦૦૦/- | ૧૫૦૦૦/- +૧૮% GST લાગુ પડે છે. |

ટેન્ડરની કોપી મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ)ની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (http://mahatenders.gov.in)થી ૦૫.૦૯.૨૦૨૪થી ડાઉનલોડ કરી શકાશે. સમય સમયે પણ ઈસ્યુ થનાર સુધારા/વધારા ઉપરોક્ત વેબસાઈટોમાં અપલોડ કરાશે.

સહી/-
(રાજેશ વી. મુલે)
ડે. ચીફ એન્જીનિયર (બ્રીજીસ) શહેર

PRO/1160/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ - ટ્રાન્સપોર્ટ (શહેર)
૧લા માળે, વરલી ગેરેજ બિલ્ડિંગ, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલી, મુંબઈ-૧૮.

EET/C/૭૯૬૯/SWM/ તા. ૦૪-૦૯-૨૦૨૪

## ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડરો આમંત્રિત કરે છે.

| કામનું નામ | બાના રકમ ડિપોઝિટ | ટેન્ડર પ્રાપ્તિ ખર્ચ | બિડની શરૂઆતની તારીખ અને સમય | બિડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| પશ્ચિમી એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક પોલિસ વિભાગના ઉપયોગ માટે ભાડાના ધોરણે જ્યારે જોઈએ ત્યારે હાઈડ્રા (હાઈડ્રોલિક મોબાઈલ ક્રેન) વાહનની સપ્લાય | રૂા. ૨,૬૦,૬૦૦/- | રૂા. ૧૬,૫૦૦/- + GST લાગુ પડે છે | ૦૫.૦૯.૨૦૨૪ સવારે ૧૧.૦૦ ક. | ૧૧.૦૯.૨૦૨૪ સાંજે ૪.૦૦ ક. |

ટેન્ડરની નકલ ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર) (http://www.mcgm.gov.in) પરથી ડાઉનલોડ કરી શકાય છે તેમજ ટેન્ડરની નકલ ''ઈ-ટેન્ડર'' સેકશન હેઠળ BMCના પોર્ટલ https://portal.mcgm.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષીક્યુટીવ એન્જિનિયર
ટ્રાન્સપોર્ટ (શહેર) i/c

PRO/1164/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

E.E/ગાર્ડન સેલ/OD/૧૨૫૬/જન તા. ૪/૯/૨૪

## ઈ-ટેન્ડર નોટીસ

| | |
|---|---|
| વિભાગનું નામ | એક્ષિક્યૂટિવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ) |
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૪_MCGM_૧૦૭૮૫૬૯_૧ |
| વિષય | K/પૂર્વ વોર્ડમાં S.V.P. રોડ, પૂનમ નગર, જોગેશ્વરી (પૂ) ખાતે હાલના ALM પાર્ક ઉદ્યાનનું અપગ્રેડેશન |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| ટેન્ડરની કિંમત | રૂ. ૧૫૦૦૦/- + ૧૮% GST (૯% CGST + ૯% SGST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૩,૦૦,૨૨,૪૪૭.૦૦ (GST સિવાય) રૂ. ૩,૫૪,૨૬,૪૮૭.૪૬ (GST સહિત) |
| બીડ સુરક્ષા ડિપોઝીટ/ બારડી | રૂ. ૩,૫૪,૫૦૦/- |
| ટેન્ડરની ઈશ્યુની અને વેચાણની તારીખ | ૦૫/૦૯/૨૦૨૪ ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૮/૦૯/૨૦૨૪ ૧૨.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & Cની સુપ્રતિ (ઓનલાઈન) & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૮/૦૯/૨૦૨૪ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખુલશે | ૧૯/૦૯/૨૦૨૪ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૨૪/૦૯/૨૦૨૪ ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૩૦/૦૯/૨૦૨૪ ૧૫.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | એક્ષીક્યુટીવ એન્જિનિયર (ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ), ૪થો માળ, હાવકર્સ પ્લાઝા બિલ્ડીંગ, જન્તા માર્કેટ સેનાપતી બાપટ માર્ગ, દાદર ૪૦૦૦૨૮ની ઓફિસ. |
| સંપર્ક વ્યક્તિ નામ | સબ. એન્જિનિયર (GIC) /આસી. એન્જિનિયર (GIC) |
| A) નામ | શ્રી. અમોલ ચવાન / શ્રી. B.T. સાવંત |
| B) મોબાઈલ નંબર | ૯૮૩૩૩૬૯૦૩૯ / ૯૯૬૭૯૧૧૬૪૨ |
| C) ઈમેલ સરનામું | 1674648@mcgm.gov.in / 4134624@mcgm.gov.in |

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
(ગાર્ડન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેલ)

PRO/1157/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



# સીએમ કોણ એનો નિર્ણય ચૂંટણી પછીઃ શરદ પવાર



**એમવીએમાં મુખ્ય પ્રધાનપદ માટે ચાલી રહેલી તમામ ખેંચતાણ પર વરિષ્ઠ નેતાએ પૂર્ણવિરામ મૂક્યું**

કોલ્હાપુરઃ રાજ્ય વિધાનસભાની ચૂંટણી પહેલાં મહા વિકાસ આઘાડી (એમવીએ)એ મુખ્ય પ્રધાનપદનો ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી, એમ પૂર્વ કેન્દ્રીય પ્રધાન શરદ પવારે બુધવારે જણાવ્યું હતું. કોલ્હાપુરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના અધ્યક્ષે કહ્યું હતું કે 'મુખ્ય પ્રધાન કોણ બનશે તેનો નિર્ણય ચૂંટણીનાં પરિણામો પછી થઈ શકે છે. ગઠબંધનમાં સૌથી વધુ બેઠક પર કયા પક્ષનો વિજય થાય તેના આધારે મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર નક્કી કરવામાં આવશે. એમવીએ બેઠક વહેંચણીની પ્રક્રિયા પૂર્ણ કરે અને વહેલી તકે મતદાન અભિયાન શરૂ કરે એ અત્યારે મહત્ત્વનું છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'એમવીએના નેતાઓએ ૭ થી ૯ સપ્ટેમ્બરથી ચર્ચા વિચારણા (જુઓ પાનું ૪) ▶▶

# નવેમ્બરમાં થશે વિધાનસભાની ચૂંટણીઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઇ : મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને લઇને રાજકીય પક્ષો વ્યસ્ત છે, ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું કે રાજ્યમાં આ વર્ષે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે.

મુખ્ય પ્રધાન શિંદેએ શિવસેનાના વિધાનસભ્ય દિલીપ લાંડેના ચાંદીવલી મતવિસ્તારમાં આયોજિત એક કાર્યક્રમમાં પાર્ટીના કાર્યકર્તાઓને કહ્યું હતું કે બે મહિના પછી નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. તેથી તમારે દિલીપ લાંડેની સાથે મજબૂત રીતે ઊભા રહેવું પડશે. તેમને જંગી બહુમતીથી જીતાડવા માટે સમર્થન આપવું જોઈએ.વિધાનસભાનો કાર્યકાળ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી છે. શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓ શિવસેના અને મહાયુતિ ગઠબંધનની જીત માટે સખત મહેનત કરશે. આ પ્રથમવાર  છે જ્યારે મહાયુતિ ગઠબંધનનું નેતૃત્વ કરી રહેલા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિધાનસભા ચૂંટણીની સંભવિત તારીખ પર વાત કરી છે. આ અગાઉ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે કહ્યું હતું કે વર્તમાન વિધાનસભાનો કાર્યકાળ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી છે. પરંતુ વિધાનસભા ચૂંટણીની પ્રક્રિયા નવેમ્બરના બીજા સપ્તાહ સુધીમાં સમાપ્ત થઈ શકે છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને તાજેતરમાં પાર્ટીના સાંસદો, પ્રધાનો, વિધાનસભ્યો અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્ય સરકારની વિકાસ યોજનાઓને લોકો સુધી લઈ જવાનો નિર્દેશ આપ્યો હતો. જ્યારે અજિત (જુઓ પાનું ૪) ▶▶

# બ્રિજ પરથી ટ્રક નીચે પડીઃ ઘોડબંદર રોડ પર પાંચ કલાકનો ટ્રાફિક જૅમ

## શાળાએ જતા વિદ્યાર્થીઓ રઝળી પડ્યાઃ કેમિકલની ગૂણીઓ રસ્તા પર વેરવિખેર થતાં સ્થાનિકોની આંખમાં બળતરાની ફરિયાદ



**દુર્ઘટના...:** ઘોડબંદર રોડ પરના પાતલીપાડા ખાતે બુધવારે કેમિકલ પાઉડર લઇ જતી ટ્રક ઊંધી વળતા ટ્રાફિકજૅમની સમસ્યા ઊભી થઇ હતી. (જયપ્રકાશ કેળકર)

થાણેઃ અકસ્માતને કારણે મંગળવારે લગભગ ૧૧ કલાક સુધી ટ્રાફિકજામની સ્થિતિ રહ્યા પછી બુધવારે પણ ઘોડબંદર રોડનો ઉપયોગ કરનારા વાહનચાલકો માટે આકરો દિવસ રહ્યો હતો. બ્રિજ પરથી નીચે પડી ગયેલી ટ્રકમાંથી કેમિકલ ભરેલી ગૂણીઓ રસ્તા પર વેરવિખેર થઈ જતાં વાહનવ્યવહારને પાંચ કલાક અસર થઈ હતી અને સ્થાનિક રહેવાસીઓ અને ત્યાંથી પસાર થનારાઓએ આંખમાં બળતરાની ફરિયાદ કરી હતી. આ ઘટનાને કારણે નોકરિયાતો સાથે શાળાએ જનારા વિદ્યાર્થીઓ પણ રઝળી પડ્યા હતા.

થાણે મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ઘોડબંદર રોડ પર પાતલીપાડા ખાતે બની હતી. પાતલીપાડા બ્રિજ પર ચઢતાં જ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે ટ્રક બ્રિજ પરથી નીચે પડી ગઈ હતી. આ ઘટનામાં ડ્રાઈવરને નજીવી ઇજા થઈ હતી. સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.ઉલ્લેખનીય છે કે આ જ (જુઓ પાનું ૪) ▶▶

# કંગનાની 'ઇમર્જન્સી' કટોકટીમાં

## આવતી કાલે રીલિઝ નહીં થાય કારણ કે હાઈ કોર્ટે તાકીદે કોઈ રાહત આપવાનો ઈનકાર કર્યો

મુંબઈઃ કંગના રનોતની 'ઇમરજન્સી' ફિલ્મ ૬ સપ્ટેમ્બરની નિર્ધારિત તારીખે રિલીઝ નહીં થઈ શકે. બોમ્બે હાઈ કોર્ટે બુધવારે સેન્સર બોર્ડને ફિલ્મને તાત્કાલિક પ્રમાણિત કરવાનો નિર્દેશ આપીને કોઈ તાકીદની રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે.

ન્યાયમૂર્તિ બી.પી. કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદૌશ પૂનીવાલાની ખંડપીઠે જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશ હાઈ કોર્ટે સેન્સર બોર્ડને ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ આપતા પહેલા ફિલ્મ અંગે ઉઠાવવામાં આવેલા વાંધાવચકા પર (જુઓ પાનું ૪) ▶▶

વેજ/જૈન રજવાડી લંચ-ડીનર-નાસ્તો
એરફેર+વીઝા+JUNGFRAUસામેલ
EUROPE સ્વીઝરલેન્ડ,એમસ્ટરડેમ પેરીસ,રોમ,પીસા,વેનીસ
૧૩ ઓક્ટો,દિ.૧૫/૧૨
VIETNAM-SAPA
11D,12NOV,7JAN
સીંગાપોર-મલેશીયા-થાઈલેન્ડ ક્રુઝ ૨ રાત્રી
જેન્ટીંગ,બેંગકોક,પટ્ટાયા ૪* હોટલ્સ
SPL.RATE-18/9 & 7JAN
DUBAI-ABUDHABI SEP TO DEC 6/7/8D
સીવર્લ્ડ/ફરારી/વોર્નર/ખલીફા/ડેઝર્ટ
કાશ્મીર દિ.૮ OCT TO MAY
આસામ-મેઘાલય અરૂણાચલ,૧૧નવે
નેપાલ કાઠમાંડુ પોખરા ચિત્તવન 9/9,7/1
ચારધામ દિ.૧૨,૧૦સપ્ટે
કેરાલા પુવાર મુન્નાર 21/9,JAN
અયોધ્યા-બનારસ પ્રયાગરાજ ૧૬સપ્ટે
મંડળ-સમાજ-સંસ્થાના ગ્રુપ ટુર માટે જાણીતા
SINCE 2003 નીરવ સંઘવી
વિનાયક ટુર્સ
9930716930/9820093130
9137946753/28013134
૮,વલ્લભ,મહાવીરનગર,કાંદીવલી(વે)

# ૩૧ ઓગસ્ટે પર્યુષણ શરૂ થયા પણ કતલખાનાં 30મીએ શું કામ બંધ?

## હાઈ કોર્ટે નાશિક અને મીરા-ભાઈંદર પાલિકાના કાન આમળ્યા

મુંબઈઃ પર્યુષણની ૩૧મી ઓગસ્ટથી શરૂઆત થઇ હોવા છતાં નાશિક અને મીરા-ભાઈંદર મહાપાલિકાએ ૩૦મી ઓગસ્ટે માંસના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ કાઢવા બદલ મુંબઈ હાઈ કોર્ટે બંને પાલિકાના કાન આમળ્યા હતા. જોકે પર્યુષણ પર્વ દરમિયાન કતલખાનાં બંધ રહે એ માટે હવે હાઈ કોર્ટમાં આગામી અઠવાડિયે ૧૧મી સપ્ટેમ્બરે સુનાવણી મોકૂફ રાખવામાં આવી છે. પર્યુષણ દરમિયાન કતલખાનાં બંધ રાખવાનો નિવેડો હંમેશ માટે આવે એવો નિર્દેશ સુપ્રીમ કોર્ટે કર્યો હતો, પણ હવે આ અંગેની સુનાવણી આગામી અઠવાડિયે હોવાથી અને રવિવારે પર્યુષણ પૂરા થઇ જતા હોવાથી આવતા વર્ષે જ કતલખાનાં બંધ રહેવા અંગેનો નિર્ણય અમલમાં આવી શકશે.

તમારી તર્કમાં કોઇક તો તર્કશુદ્ધતા હોવી જોઇએ, એવા શબ્દોમાં મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને ન્યાયાધીશ અમિત બોરકરની ખંડપીઠે પાલિકાને સંભળાવ્યું હતું. ૨૯મી ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલા આદેશમાં કોર્ટે ચાર પાલિકાને ૩૧મી ઓગસ્ટથી ૭મી સપ્ટેમ્બર દરમિયાન માંસના વેચાણ પર પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપ્યો હતો. આમાં નાશિક અને મીરા-ભાઈંદર પાલિકાનો સમાવેશ (જુઓ પાનું ૪) ▶▶

# મલાડમાં અકસ્માત કરનાર જ પીડિતાને હૉસ્પિટલમાં લઈ ગયો

## જોકે આમ છતાં યુવતી બચી ન શકીઃ મર્ચન્ટ નેવીના અધિકારીની ધરપકડ

મુંબઈઃ એસયુવીએ યુવતીને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હોવાની ઘટના મલાડમાં બનતાં પોલીસે મર્ચન્ટ નેવીના અધિકારીની ધરપકડ કરી હતી. અકસ્માત બાદ આરોપી જ યુવતીને હૉસ્પિટલ લઈ ગયો હોવાનું પોલીસનું કહેવું છે.

મલાડ પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત મંગળવારની રાતે મલાડ પશ્ચિમના ગુડિયા પાડા પરિસરમાં બની હતી. આ પ્રકરણે આરોપી અનુપ સિંહાની ધરપકડ કરી તેની એસયુવી જપ્ત કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# અનિલ દેશમુખની મુસીબત વધીઃ સીબીઆઇનો વધુ એક કેસ

## ગિરીશ મહાજનને ખોટી રીતે ફસાવવા પોલીસ પર દબાણ કરવાનો આરોપ

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ સામે સીબીઆઇ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ભાજપના નેતા ગિરીશ મહાજનને ખોટા ગુનામાં ફસાવવા માટે જળગાંવના તત્કાલીન પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પર દબાણ નાખવાનો આરોપ અનિલ દેશમુખ પર કરાયો છે. સીબીઆઇએ આ પ્રકરણે હવે અનિલ દેશમુખને પણ આરોપી બનાવ્યા છે. આ અગાઉ આ પ્રકરણમાં વિશેષ સરકારી વકીલ પ્રવીણ ચવ્હાણ અને અન્ય આરોપી હતી. પોલીસ અધિકારી પ્રવીણ મુંઢેએ અનિલ દેશમુખના વિરોધમાં જુબાની આપી હતી.


મહાવિકાસ આઘાડી (એમવીએ)ની સરકારના કાર્યકાળમાં ભાજપના નેતા ગિરીશ મહાજન સામે પુણેમાં એમસીઓસીએ હેઠળ એક ગુનો દાખલ કરાયો હતો, પણ આ કેસ જળગાંવમાં નોંધવામાં આવે એ માટે તત્કાલીન ગૃહ પ્રધાન અનિલ દેશમુખે તત્કાલીન જળગાંવ એસપી પ્રવીણ મુંઢેને સતત ફોન કર્યો હતો. દેશમુખે ગિરીશ મહાજન સામે ગુનો દાખલ કરવા માટે એસપી પર દબાણ આપ્યું હતું, એવી કબૂલાત પોતે પ્રવીણ મુંઢેએ સીબીઆઇ સમક્ષ કરી છે.

'ગૃહ પ્રધાન અનિલ દેશમુખ મને સતત ફોન કરતા હતા', એમ મુંઢેએ નિવેદન નોંધાવતી વખતે કહ્યું હતું.

ગિરીશ મહાજન સામે એમસીઓસીએ હેઠળ ગુનો દાખલ કરાયા બાદ આ પ્રકરણ (જુઓ પાનું ૪) ▶▶

### હું ગભરાવાનો નથીઃ દેશમુખ

શરદ પવાર જૂથના નેતા અનિલ દેશમુખે પ્રતિક્રિયા આપતા દાવો કર્યો હતો કે તેમને સીબીઆઇ દ્વારા નવા 'પાયાવિહોણા' કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે અને કહ્યું હતું કે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ લોકસભાની ચૂંટણીનાં પરિણામથી છંછેડાઇ ગયા છે તેથી તેમના દ્વારા આ નવું ષડયંત્ર રચવામાં આવ્યું છે.  દેશમુખ પહેલાથી સીબીઆઇ દ્વારા કથિત ભ્રષ્ટાચારનો કેસ અને ઇડી દ્વારા અન્ય કેસનો સામનો કરી રહ્યા છે.  'ફડણવીસ જનતાના ચુકાદાથી ગભરાઇ ગયા છે તેથી તેઓ આ પ્રકારનું ષડયંત્ર રચી રહ્યા છે, પરંતુ હું આ પ્રકારના દબાણ અને ધમકીઓથી ડરવાનો નથી', એમ દેશમુખે જણાવ્યું હતું.







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**